
પૂરા પરિવારનું સર્વલક્ષી સુરુચિપૂર્ણ સામયિક

કુમાર

સંસ્થાપક : રવિશંકર રાવળ
તંત્રી : ધીરુ પરીખ
જુલાઈ ૧૯૯૭ • વર્ષ ૭૦ • અંક ૮૩૪



જગન્નાથ પુરી
ચિત્ર : નટુ મિસ્ત્રી 'ચેતક'



ગાય

(અમિત અંબાલાલ)

કાગળના માવામાંથી તૈયાર કરાયેલ ૪.૪૧ સે.મી.નું નાજુક નમણું શિલ્પ કલાકારનો કસબ તથા ગાયની વળેલી ડોક અને ઊછળતું પૂછડું શિલ્પની લયસંવાદિતાને આબાદ રીતે રજૂ કરી રહે છે. ગાયની આંખમાંનો ભાવ પણ તેની સજીવતામાં ઉમેરો કરે છે. આ લઘુશિલ્પ એમણે ઈ.૧૯૯૬માં તૈયાર કર્યું હતું.

પૂરા પરિવારનું સર્વલક્ષી સુરુચિપૂર્ણ
સામયિક

કુમાર

વર્ષ ૭૦મું
અંક ૭

સ્થાપના : ૧૯૨૪

સંસ્થાપક અને આદ્યતંત્રી
રવિશંકર મ. રાવળ

ભૂતપૂર્વ તંત્રી
બચુભાઈ રાવત

તંત્રી
ધીરુ પરીખ

ડિરેક્ટરો
હીરાલાલ હ. ભગવતી (ચેરમૅન)
બિહારીલાલ પો. શાહ
ભાલચંદ્ર ર. શાહ

સૂચના

* કુમાર દર માસની ૧૫મી તારીખે પ્રકટ થાય છે. મહિનાની આખર સુધીમાં અંક ના મળે તો પોતાના વિભાગની પોસ્ટ ઑફિસે તપાસ કર્યા પછી જ જાણ કરવી. જો અંક સિલકમાં હશે તો બીજો મોકલી અપાશે. આવી અંક ન મળ્યાની ફરિયાદ અંક પ્રકટ થયા પછી એક માસ સુધીમાં મળશે તો જ તેના પર ધ્યાન આપી શકાશે.
* અહીં પ્રકટ થતાં લખાણોમાંના અભિપ્રાયની જવાબદારી તે તે લેખકની છે.
* લેખકોએ પોતાનું લખાણ કાગળની એક બાજુએ, સ્વચ્છ અને સુવાચ્ય અક્ષરે લખી મોકલવું.
* સામાન્ય રીતે સ્વીકૃત કૃતિનો જવાબ એકાદ માસમાં અપાય છે, અન્યથા કૃતિ અસ્વીકૃત સમજવી. જવાબી ટપાલખર્ચ ન મોકલવું.
* ગ્રાહકે પોતાનાં સરનામામાં ગામનો પિન કોડ સ્પષ્ટ અક્ષરે અચૂક જણાવવો. ગ્રાહક નંબર લખવાથી પત્રવ્યવહારમાં વિલંબને ટાળી શકાશે.

જુલાઈ ૧૯૯૭

સાંકળિયું

કુમાર સળંગ અંક ૮૩૪

કુમાર કાર્યાલય લિમિટેડ તરફથી પ્રકાશક : ધીરુભાઈ ઈ. પરીખ
પ્રકાશનસ્થાન : કુમાર કાર્યાલય લિમિ. ૧૪૫૪, રાયપુર ચકલા, પોલીસ ચોકીની પાછળ, બઉવાની પોળ સામે, અમદાવાદ ૩૮૦ ૦૦૧ (ફોન નં. ૨૧૪૩૭૪૫)
પ્રિન્ટર્સ : હરેશ પટેલ, પ્રિન્ટોગ્રાફ, ૩૩૪, સર્વોદય કો. સેન્ટર, સલાપસ રોડ, અમદાવાદ ૩૮૦ ૦૦૧ (ફોન નં. ૫૫૦૫૬૫૦)
વાર્ષિક લવાજમ રૂ. ૧૦૦; પરદેશમાં હવાઈ માર્ગે ડૉલર ૨૫, પાઉન્ડ ૧૫ અથવા રૂ. ૭૫૦
આ અંકની છૂટક કિંમત રૂ. ૧૦-૦૦ + રવાનગી ખર્ચ રૂ. ૩.૦૦

વાચકો લખે છે

શ્રેષ્ઠ માસિક ઍવૉર્ડ મળ્યા પછીના અંકો તો એનેય આંબી જાય એવા આવતાં જાય છે! આ વખતનો (મે'૯૭) અંક તો હાથમાંથી મૂકવાનું મન થતું નથી! સરસ મજાનો અંક બન્યો છે. ભવિષ્ય વધુ ઉજાગર બને એની શુભેચ્છાઓ સ્વીકારશો.

એપ્રિલ, ૧૯૯૭ના મુખપૃષ્ઠ પરની છબીનું કાક-મિથુન શીર્ષક મને પણ જરા અસંગત લાગ્યું હતું. શિક્ષણ - એ 'કુમાર'નું જબરદસ્ત ઉમદા પાસું છે. મારા જેવા કૈંકનાં જીવનમાં 'કુમારે' શિક્ષકનું કામ કર્યું છે. એ સિલસિલો ચાલુ જોઈને આંખો ઠરે છે! હૈયું ઠરે છે. - રમેશ શાહ (સુરત)

ડિસેમ્બર ૧૯૯૬ના 'કુમાર'માં સરળ શાસ્ત્રીય સંગીત લેખમાં ચાર ક્ષતિઓ જણાય છે : ૧. પાન ૬૮૨ ઉપર રાગ શિવરંજનીનો ઉલ્લેખ છે, જેમાં દર્શાવેલ આરોહમાં ગ (કોમળ) હોવા અંગે સ્પષ્ટતા જરૂરી છે. ૨. પાન ૬૮૩ ઉપર ઉલ્લેખેલ ગીત 'મોહે ભૂલ ગયે સાંવરિયા' ભૈરવી રાગમાં નહિ, પરંતુ ભૈરવ રાગમાં છે. ૩. પાન ૬૮૩ ઉપર 'નૈનસોં નૈન...' ગીત રાગ બાગેશ્રીમાં દર્શાવ્યું છે જે હકીકતમાં માલગુંજી રાગ પર આધારિત છે. તા. ૧૫-૯-૮૪ના સંગીત સરિતા કાર્યક્રમની મારી નોંધ અનુસાર લખું છું. ૪. રાગની યાદીમાં 'કોઈ સાગર (શાયર નહીં) દિલકો બહલાતા નહિ' ગીત જનસંમોહિની પર નહિ, પણ કલાવતી પર આધારિત છે. - રમેશ પટેલ (હિંમતનગર)

રાજ, મને લાગ્યો કસુંબીનો રંગ

અત્રે વિવિધ સંદર્ભોના આધારે 'કસુંબીનો રંગ' સંજ્ઞાની છણાવટ કરી ('કુમાર', જુલાઈ ૧૯૯૬) મેઘાણીચરિત્રના લેખક કનુભાઈ જાનીએ 'કસુંબલ રંગ'ને 'જીવનના રંગ'ને સુપેરે ઘોળ્યો. ('કુમાર', સપ્ટે. '૯૬) પાયો. લલિત શાહે 'રાતો રંગ રહેણી તણો રે' પંક્તિને 'રોહિણી નક્ષત્ર'ના પરિપ્રેક્ષ્યમાં પ્રેરણાત્મક ચિનગારી ચાંપી ('કુમાર' નવે. '૯૬).

મેઘાણી જન્મશતાબ્દી પ્રકાશન 'સોના-નાવડી' (સમગ્ર કવિતા, માર્ચ, ૧૯૯૭)માં મંગલાચરણ છે 'કસુંબીનો રંગ' કાવ્યની ('યુગવંદના', ૧૯૩૪) સંગાથે નોંધ છે તે કનુભાઈ જાનીએ ટાંકી છે.

'સોના-નાવડી'માં કાવ્યની કેટલીક પંક્તિઓ મેઘાણીભાઈના હસ્તાક્ષરમાં છાપવામાં આવેલ છે, સંગાથે પ્રદ્યુમ્ન તન્નાનું ધાવણ ધાવતા બાળનું રેખાચિત્ર કાવ્યને ઓપ અર્પે છે. 'સોના-નાવડી' ઝૂકે છે 'કસુંબીના રંગે'. કાવ્યનો વ્યાપ 'સકલ ઊર્મિઓના રંગે રંગાયેલા વિરલાથી અનેકગણો અધિક છે. થોડિક પંક્તિઓ માણીએ :

ભક્તોના તંબૂરથી ટપકેલો મસ્તીભર
ચાખ્યો કસુંબીનો રંગ
વહાલી દિલદારાના પગની મેંદી પરથી
ચૂમ્યો કસુંબીનો રંગ.

૧૯૪૫માં (?) મુંબઈમાં ગોવાલિયા ટેંક મધ્યેની મહાવીર જૈન વિદ્યાલયના સભાખંડમાં મેઘાણીભાઈને નીરખ્યા, માણ્યા. બુલંદ અવાજ, કાઠિયાવાડી લહેકો, મેઘાણીભાઈને લાગ્યો કસુંબીનો રંગ, સોળે કળાએ ખીલ્યા. અમે ધન્ય ધન્ય થયા!

કાવ્યને સર્વાંશે પામ્યાનો અમારો દાવો નથી. 'રવીન્દ્રવીણા' સંદર્ભે મેઘાણીભાઈનું કથન છે, 'મૂળ કૃતિઓએ મારા ચિદાકાશમાં આત્મસાત્ થઈ ગયા પછી પોતાની મેળે જ મારા દ્વારા ગુજરાતી અવતાર ધારણ કરેલ છે.'

કાવ્યને ચિદાકાશમાં આત્મસાત્ કરીને શ્રી કનુભાઈ જાની રસાસ્વાદ કરાવશે કે?

કવિ કુલગુરુ કાલિદાસ 'કુસુમ્ભ' (કસુંબો, કસુંબી, કરડી, અંગ્રેજી, Safflower, લૅટિન, (Arthanus Tinctorious)ને 'ઋતુસંહાર'ના છઠ્ઠા સર્ગ 'વસંત'ના ચોથા શ્લોકમાં બિરદાવે છે. 'કુસુમ્ભરાગા.....સ્તનમણ્ડલાનિ'

'વિલાસિનીઓ ધરતી નિતમ્બે / કુસુંભરંગ્યાં અરુણાં દુકૂલો; / સુગૌર પ્હેરે કુચયુગ્મ પે એ / શી કંકુરંગી તનુ કંચુકીને.' (- ઋતુસંહાર - સમશ્લોકી અનુવાદ : ધીરુ પરીખ, અમરકીર્તિની ટીકાનું સંપાદન : નીલમ પટેલ, સંપાદક : ગૌતમ પટેલ)

હિંદીમાં અનુવાદ છે : 'કામિનિયોંને અપને ગોલગોલ નિતમ્બોં પર કુસુમ કે લાલ ફૂલોં સે રંગી રેશમી સાડી પહની હૈ ઓર સ્તનોં પર કેશર મેં રંગી હુઈ કપડે કી ચોલી પહન લી હૈ.' (સંપૂર્ણ કાલિદાસ - ગ્રન્થાવલી : આચાર્ય સીતારામ ચતુર્વેદી, ચૌખમ્બા સુરભારતી પ્રકાશન, વારાણસી)

મેઘાણીને ઋતુસંહારનો પ્રસ્તુત શ્લોક 'કસુંબીનો રંગ' કાવ્યહેત્વર્થે અભિપ્રેત હોવાનો સંભવ લાગતો નથી.

કાલિદાસના સમયમાં કુસુમ્ભ પુષ્પોમાંથી 'કસુંબીના રંગે' વસ્ત્રો રંગવામાં આવતાં : 'વિલાસિનીઓ ધરતી નિતમ્બે કુસુંભરંગ્યાં અરુણાં દુકૂલો' ઉમાશંકર જોશીના મતે 'કાલિદાસ ગુપ્ત સમયમાં ઈ.સ. ચોથા સૈકાના અંતમાં અને પાંચમા સૈકાના આરંભમાં થયા હોવાનું માનવું વધુ સયુક્તિક છે.' (શાકુન્તલ

- અનુવાદક : ઉમાશંકર જોશી)

પુરાતત્ત્વ અને કલાવિદ્ શ્રી વાસુદેવ એસ. અગ્રવાલના મતે કાલિદાસનો સમયકાળ ગુપ્ત સામ્રાજ્ય દરમ્યાન ચોથી પાંચમી સદી.

(- આર્ટ એવિડન્સ ઈન કાલિદાસ : સ્ટડિઝ ઇન ઇન્ડિયન આર્ટ, વિશ્વવિદ્યાલય પ્રકાશન, વારાણસી, ૧૯૯૫, પૃ. ૨૦૯-૨૧૯ : કાલિદાસે પોતાના સર્જનમાં પ્રયોજેલ વિવિધ પ્રતીકોને ઐતિહાસિક પરિપ્રેક્ષ્યમાં મૂલવીને નવીન દૃષ્ટિબિંદુથી કાલિદાસના સમયનો અંદાજ લગાડવામાં આવેલ છે. તંત્રીશ્રી ધીરુ પરીખની કલમે લેખનો અનુવાદ, (કમસેકમ સંક્ષેપમાં 'કુમાર'માં પ્રસિદ્ધ થવો ઘટે.)

કાલિદાસને ચંદ્રગુપ્ત ૨ (વિક્રમાદિત્ય)ના શાસનકાળ (ઈ.સ. ૩૭૫-૪૧૩)ના રાજ્યરત્ન ગણાવતો પણ એક મત છે. પરંતુ પ્રાચીન કાળથી કસુંબીના રંગની ભારતમાં પરંપરા છે.

- વી. બી. ગણાત્રા (મુંબઈ)

* * *

એપ્રિલ ૧૯૯૭ના અંકમાં 'વાચકો લખે છે'માં બત્રીસ લક્ષણોની માહિતી જ્ઞાનમાં ઉમેરો કરનારી છે. મારી પાસેની નોંધ પ્રમાણે થોડો ફેર છે – ૫ દીર્ઘ-લાંબા : નાક, હાથ, હનુ, આંખ અને જાનુ (ઘૂંટણ) હનુ = હડપચી. ૫ સૂક્ષ્મ-ચામડી, વાળ, આંગળીના વેઢા, દાંત અને રુંવાટી. ૭ લાલ - આંખના ખૂણા, હાથનાં તળિયાં, પગનાં તળિયાં, તાલુ, ઓષ્ઠ, જીભ અને નખ. ૬ ઉન્નત - છાતી, ખભા, નખ, નાક, કેડ અને મુખ. ૩ નાનાં - ડોક, જાંઘ અને ઉપસ્થ. ૩ વિશાળ - કેડ, લલાટ અને છાતી. ૩ ગંભીર - નાભિ, સ્વર અને બુદ્ધિ.

આ માહિતી સ્વ. વૈદ્યરાજ બાપાલાલભાઈના 'ભિષગ્ ભારતી' માસિકમાં પ્રસિદ્ધ થયેલ 'બત્રીસ લક્ષણો પુરુષ' લેખના આધારે આપી છે. તેમાં તો અભ્યાસપૂર્ણ વિવેચન છે, ચરક-સંહિતાનાં ઉલ્લેખો સાથે. ટૂંકમાં 'ચૈતન્ય ચરિતામૃત' માંનો શ્લોક તેમણે જણાવ્યો છે તે યાદ રાખવા જેવો છે :

पञ्चदीर्घः पञ्चसूक्ष्मः सप्तरक्तः षडुन्नतः।
त्रिह्रस्वः पृथुगंभीरो द्वात्रिंशल्लक्षणो महान्॥

- હરિશ્ચંદ્ર પંડ્યા (અમદાવાદ)

* * *

મે, ૧૯૯૭નો 'કુમાર'નો અંક મળ્યો. 'બોધગયા' - 'ભગવાન બુદ્ધ' નામના બે લેખો વૈશાખ સુદ પૂર્ણિમા - બુદ્ધ - જન્મજયંતી પ્રસંગે પ્રગટ થયા, એમાં ધ્યાનસ્થ બુદ્ધના આંતરવૈભવનો ઉન્મેશ છે. મૃખપૃષ્ઠ પરના ભગવાન બુદ્ધના સુખ્યાત શિલ્પનું ચિત્ર અને લેખની સામગ્રી પ્રેરક છે. ભરતકુમાર ઠાકર અને સંજય ઠાકરને અભિનંદન.

અન્ય લેખો પણ 'કુમાર'માં પ્રગટ થતી નિયત સામગ્રીને અનુરૂપ છે. કલાવાર્તામાં અપૂર્વ દેસાઈનો પરિચય અને ચિત્રો હૃદયંગમ છે.

'મહિલાઓની મુલાકાત' એ શીર્ષક નીચે દામિની મહેતાનો અવંતિકા ગુણવંતે પ્રશ્નો દ્વારા આપેલો પરિચય ખૂબ રોચક બન્યો છે. એક તબક્કે 'ઉ. મૌન! (દામિનીબહેન મ્લાન હસ્યાં ને આંખો આંસુથી ઊભરાઈ ગઈ.)' એમ નાટ્યાત્મક રીતે રજૂ કરી દામિનીબહેનની જિંદગીનો એક ભીનો-સૂકો ખૂણો રજૂ કરવાનો સારો કસબ દાખવ્યો છે.

દામિનીબહેનને અમે ઘણી વખત મળ્યા છીએ. આશરે સને ૧૯૫૨-૫૩માં વસંત કાનેટકરના 'પ્રેમરંગ' નાટકમાં એમના કામણગારા વાચિક અને આંગિક અભિનયની તાજગીસભર અભિવ્યક્તિ આજે પણ મનમાં એટલી જ અકબંધ છે. એવું જ સ્મરણ 'પીળું ગુલાબ અને હું' એ નાટકમાં સંધ્યાના અભિનય વિશે કહી શકાય. ભવાઈવેશ 'જશમા'માં અમે એનએસડી દિલ્હીના અભિનેત્રી ઉત્તરા બાવસ્કરને અને દર્પણમાંથી દામિનીબહેનને જોયેલાં. આ બંનેની પાછળ ભવાઈ કલાકાર ચીમનભાઈ નાયક સતત પડઘાતા, છતાં બંને મૌલિક અને છટાદાર. દામિનીબહેને કમસેકમ પોતાના ઉત્તર જીવનમાં પોતાની અભિનય કારકીર્દિ-પ્રક્રિયા વિશે લખવું જોઈએ. એમનો અંતરંગ ઘૂંટાયેલો છે. કોઈ સક્ષમ નાટ્યપ્રેમીએ એમના વિશે વિસ્તારથી લેખ કરવાની પણ જરૂર ખરી. અમદાવાદની રંગભૂમિનો વિચાર કરીએ તો કલા શાહ પછી રૂપાની ઘંટડી જેવો અવાજ દામિનીબહેન મહેતાનો.

- દિનકર ભોજક (વિસનગર)

* * *

'કુમાર'નો મેનો અંક મળ્યો. સૌપ્રથમ તો 'કુમાર'ને ૯૪-૯૫ વર્ષનો શ્રેષ્ઠ માસિક ઍવોર્ડ મળ્યો એ બદલ આપને તેમજ સમગ્ર કુમાર પરિવારને મારાં અભિનંદન. આવા ઘણા બધા ઍવોર્ડ ભવિષ્યમાંય મળતા રહે એવી શુભેચ્છા.*

મેનો અંક મઝાનો થયો છે. મુખપૃષ્ઠ પરનું બુદ્ધનું ચિત્ર તો મઢી રાખવાનું મન થાય એવું છે. કમલાબહેનનો આઠવલેદાદા પરનો લેખ માહિતીસભર લાગ્યો. થોડું લાઘવ લાવી શકાયું હોત.

ભગીરથભાઈની વાર્તા વાંચવાની મઝા આવી. મીઠા વગરના રોટલા દ્વારા ઊજમબાના મીઠા વિનાના સંસારની વાત ખૂબ કલાત્મક રીતે સૂચવાઈ છે. અવંતિકાબહેનનો દામિની મહેતા પરનો લેખ પણ સારો થયો છે. ગુજરાત ગૌરવ લઈ શકે એવાં મહિલા સ્ટેજ આર્ટિસ્ટને વર્ષો પહેલાં લા.ઠા.ના 'પીળું ગુલાબ'માં નાયિકાની ભૂમિકામાં જોઈને એટલો પ્રભાવિત થઈ ગએલો કે મધ્યાંતરે સ્ટેજ પર જઈને એમને અભિનંદન પાઠવી આવેલો.

ડૉ. પી. સી. વૈદ્યનાં 'પસ્તીનાં પાનાં' તો નિયમિત વાંચું છું. એમને એક વિનંતી કરવાનું મન થાય : જ્યારે 'પસ્તીનાં પાનાં' ગ્રંથસ્થ થાય ત્યારે એનું શીર્ષક બદલે. વાચકો માટે એ 'પસ્તીનાં પાનાં' નથી. એમની ડાયરી મહાદેવભાઈની ડાયરીની પડખે બેસી શકે એવી છે. એમનાં પાનાં પર વીતેલાં વર્ષો ફરી જીવતાં થઈ જાય છે.

અપૂર્વ દેસાઈનો પરિચય તથા એમનાં ચિત્રો માણવાં ગમ્યાં. એ પરિચિત હોવાને લીધે તો વિશેષ.

આમ બધા જ વિભાગો વિષે લખવા બેસું તો ઘણું લાંબું થઈ જાય. બાકી આખોય અંક ઉત્તમ થયો છે. અભિનંદન. !

- હરિત પંડ્યા (નડિયાદ)

(*અનેક ચાહકો તરફથી લેખિત-મૌખિક શુભેચ્છાઓ મળી છે તે સહુનો અહીં આભાર વ્યક્ત કરીએ છીએ. તંત્રી)

* * *

'કુમાર'ના માર્ચ '૯૭ના અંકમાં શ્રી બબલભાઈ મહેતા વિશેનો ડૉ. નરોત્તમ વાળંદનો લેખ પ્રગટ થયેલો. પ્રસ્તુત લેખમાં સુધારો સૂચવતી પ્રા. મધુસૂદન વ્યાસની એક નોંધ મે '૯૭ના 'કુમાર' અંકમાં પ્રગટ થઈ છે. એમાં સત્ય હકીકત શું છે, એ વિશે ખુલાસો કરવા ડૉ. હરિપ્રસાદ શાસ્ત્રીએ મારું ધ્યાન દોર્યું. શ્રી બબલભાઈ મહેતાના નિકટના સાથી અને 'માસરાની ડાયરી' 'વિસાપુર જેલ-ડાયરી, 'મારી જીવનયાત્રા', 'પત્રો', શ્રદ્ધાંજલિ-સંસ્મરણો વગેરે પુસ્તકોના સંપાદક તરીકે, આમાં સત્ય હકીકત શું છે, એ જણાવવાનું ઉચિત માનું છું.

પ્રા. વ્યાસ એમની નોંધમાં જણાવે છે કે, 'બબલભાઈએ પોતાના જીવનકાર્ય અંગે ખેડા જિલ્લાનું માસરા નહિ પણ ઠાસરા પસંદ કરેલું. ઠાસરામાં એમણે પાણી પીવા માગ્યું ત્યારે ગામ લોકોએ એમને તળાવ બતાવેલું. આ ઘટનાથી ક્ષુબ્ધ બબલભાઈ ઠાસરાને સંસ્કારવાળું બનાવવા ત્યાં જ રહ્યા.'

આ વાત સાચી નથી. સત્ય શું છે તે બબલભાઈના શબ્દોમાં જ જોઈએ. 'મારી જીવનયાત્રા'ના 'નવું દર્શન' પ્રકરણમાં બબલભાઈ લખે છે : ''ગામડામાં જવાનો નિર્ણય કર્યો ત્યારે મેં એક વિચાર કર્યો હતો કે સંપન્ન નહીં પણ વિપન્ન ગામમાં જ સેવા કરવા બેસવું. જ્યાં રસ્તા ન હોય, રેલવે સ્ટેશન ન હોય, પાણીની અગવડ હોય, ગરીબી હોય, અજ્ઞાન હોય, વહેમો હોય એવું કોઈ પછાત નાનું ગામ પસંદ કરવું... ડાકોર તરફ જતાં મને ખબર પડી કે ત્યાંથી પાંચેક માઈલ માસરા નામે એક ગામ છે. એની શાખ સારી ન હતી. પણ મને થયું : ચાલો, ત્યાં જ જઈએ. કેટલાક ભાઈઓએ મને ચેતવ્યો : 'એ તો ધોળે દહાડે લૂંટે એવું છે. ત્યાં જઈને શું કરશો ?' મેં કહ્યું, 'અનુભવ તો લઈએ.' હું તો એકલો હિંમતભેર માસરા તરફ આગળ ધપ્યે જતો હતો. બરાબર એક વાગ્યે હું એ ગામમાં પહોંચ્યો. તરસ બહુ લાગી હતી. એક જગાએ જોયું તો ૫-૭ માણસો પીંછેરી મકાન ચણતા હતા. ત્યાં જઈને મેં પૂછ્યું : 'અહીં પીવાનું પાણી મળશે કે ?' એક જુવાને દૂર એક તળાવ હતું એના તરફ આંગળી ચીંધીને કહ્યું, 'એ રહ્યું પેલું તળાવ !' એ સાંભળીને હું તો ચમકી ગયો. મને થયું : પીવાનું પાણી માગનારને તળાવ ચીંધનારા મનુષ્યો પણ ભારત જેવા આતિથ્ય-મશહૂર દેશમાં પડ્યા છે ! આપણી સંસ્કૃતિનો પારો કેટલો નીચે ઊતરી ગયો છે તેનું મને અહીં દર્શન થઈ ગયું. આ દર્શને મારી આંખ ઉઘાડી નાખી. મનમાં નક્કી થઈ ગયું કે મારે આ ગામમાં જ બેસવું જોઈએ. 'એ રહ્યું પેલું તળાવ.' એ વાક્યે, હું જે ગામડું શોધતો હતો એ ગામડું (માસરા) શોધી આપ્યું.'

વળી, પ્રા. વ્યાસ લખે છે : 'તેમણે (બબલભાઈએ) ત્રણ માટલી રાખેલી. તેમાં એકમાં અનાજ, બીજામાં પાણી વગેરે ગામ લોકો આપે તે લેતા. દરમ્યાનમાં અલૂણો ખોરાક તેમણે મીટાની માટલી નહીં હોવાને કારણે ખાધેલો.'

ઉપરની હકીકત પણ બરાબર નથી. બબલભાઈ તા. ૨૭-૮-'૩૫ની એમની માસરાની ડાયરીમાં લખે છે : 'આજે મારો પરિગ્રહ ઓછો કરવાના વિચારોમાં દિવસ ગયો. પિત્તળના વાસણ કાઢી નાખ્યાં. બધાં જ માટીનાં વાસણ વાપરવા લાગ્યો. બાજરી, ચોખા તથા દાળ માટે ત્રણ હાંલ્લી રાખેલી. બીજું બધું અનાજ પણ કાઢી નાખ્યું.'

- મગનભાઈ જો. પટેલ (અમદાવાદ)

અનુસંધાન] **જગન્નાથની રથયાત્રા** [પૃ. ૩૮૦ થી

આવે છે. આ સમગ્ર વિધિને અત્યંત ગુપ્ત રાખવામાં આવે છે અને જે પુજારી આ વિધિ કરે છે તેની આંખે પાટા બાંધી રાખવામાં આવે છે.

ભગવાન જગન્નાથની આ કાષ્ઠની પ્રતિમા સાથે વડીલ બંધુ બલરામ અને બહેન સુભદ્રાજીની કાષ્ઠની પ્રતિમાઓ ક્યારથી ઉમેરાઈ તે જાણી શકાયું નથી. પુરીમાં ભગવાન જગન્નાથના મંદિરની સ્થાપના ક્યારે થઈ તેની ચોક્કસ માહિતી મળતી નથી. પુરીનું હાલનું ભગવાન જગન્નાથનું મંદિર આશરે એક હજાર વર્ષ પહેલાં તે સમયના કોઈ હિન્દુ રાજવીએ પુરાણા મંદિરના સ્થાને બંધાવ્યું હતું. ત્યાર બાદ સમયે સમયે તેનો જીર્ણોદ્ધાર થઈને આજનું આ ભવ્ય મંદિર તૈયાર થયું છે, જે ૫૮ મીટર ઊંચું છે.

- કાન્તિલાલ વી. રામી

('પુષ્પમાલા'માંથી)

નાગા વરસાદમાં / ભગવતીકુમાર શર્મા

(ગાન)

ચાલ, મળીએ આ નાગા વરસાદમાં!
થોડાં હરુભરુ, થોડાં થોડાં યાદમાં!...

પણે તડકાની સોનેરી ચિઠ્ઠી વરસે,
અહીં ઝરમરની ઝૂલ કેવી મિઠ્ઠી વરસે!
જરા મળવાનો રંગ, જરા બળવાનો ડંખ;
લાગણીઓ બેધારી અદીઠી વરસે!
કંઈક નિયમોમાં, લગરીક અપવાદમાં,
ચાલ, મળીએ આ નાગા વરસાદમાં!...

શીળી સાંજ કે સવાર ભેળી બપ્પોરી વેળ,
એક ક્યારામાં મહોર્યાં છે ચંપો ને કેળ.
સહેજ ટાઢું ટપાક, સહેજ ઊનું છપાક;
જાણે ઝાકળલૂનો શો લથબથતો મેળ!
થોડાં મસ્તીમાં, થોડાં મરજાદમાં;
ચાલ, મળીએ આ નાગા વરસાદમાં!...

રૂડો નાગડો વરસાદ સાવ બાળક લાગે;
કશી મઘમઘતી, સણસણતી છાલક લાગે!
ભેદ અસ્તર ને ઓઢણીના ભાંગ્યા ભફાંગ.
આંખ વરસે કે આભ, બધી વહાલપ લાગે!
આજ ચૈતર છે શ્રાવણની બાથમાં!
ચાલ, મળીએ આ નાગા વરસાદમાં!

પણ પગ ઉપાડ્યા... / મૌન બલોલી

(ગઝલ)

થંભી ગયા તો ચોતરફ સહરા થયા,
પણ પગ ઉપાડ્યા તે જ ક્ષણ રસ્તા થયા.

જળને કિરણના સંગથી પાંખો ફૂટી,
વેરાન તડકે છાંયડા રમતા થયા.

દરિયો થવાની ઝંખના ક્યાં લઈ ગઈ?
સમથલ જગા પર ટેકરા-ખાડા થયા.

આકાશ માફક ના અખંડિત રહી શક્યો,
વરસી પડ્યો તો જ્યાં ને ત્યાં વ્હેળા થયા.

સૂર્યાસ્ત-સૂર્યોદય સદા સરભર રહ્યા,
પણ તેજ્-તિમિરના તાલ ઘરઘરના થયા.

'ખામોશ'ના પડખે ગઝલને જોઈને,
એકલપણા પર કેટલા મિસરા થયા!

નસીબને / જગદીશ ત્રિવેદી

(પૃથ્વી • સૉનેટ)

નસીબ! મુજ જન્મસાથી! જન્મ્યાં ઉભે આપણે
તદા પળ-ઘડી-મુહૂર્ત પણ એક જન્માક્ષરે,
વળી કદમ એકસાથ અણથંભ પૃથ્વી પરે
પડ્યાં : દિવસ-માસ-વર્ષ સરતાં રહ્યાં સ્હેજમાં,
વધ્યા ડગડગે અહો સતત શ્વાસ-ઉચ્છ્વાસમાં!

છતાં ભજવતું રહ્યું અધમ મિત્રની ભૂમિકા!
મળી સફળતા મને - અફળતા મહીં ફેરવી
ફુલાયું મનમાં ઘણું હૃદય માહરું નંદવી!
હવે લથડતે પગે પગલું માંડ મંડાય છે,
ત્વચા - ઘસરકા થકી નિઠુર કાળના - રાંકડી!

તને ઘસરકો હજી અછડતોય ના કૈં પડ્યો!
ન ગર્વ રજ ઓગળ્યો–દિનદિને રહ્યો વાધતો!
રહ્યું કનડતું કરાલ-મુખ કાળ-શું તું સદા –
સહોદર સમું તને સતત ચાહું છું તે છતાં!

અર્થ શું છે? / દિનેશ ડોંગરે 'નાદાન'

(ગઝલ)

અધૂરી મુલાકાતનો અર્થ શું છે?
ધરી સૂર્ય સામે પૂછો બર્ફ શું છે?

કરો ઉત્ખનન તો કશું હાથ લાગે,
ભીતરના મલકમાં હજી ગર્ક શું છે?

નથી શેષ રહેતું પછી એ કશું તો –
પરસ્પર પ્રણયનો આ સંદર્ભ શું છે?

સમયને ભલે કોઈ પણ નામ આપો,
નિરંતર ગતિ છે બીજો તર્ક શું છે?

કશે ઓગળી ક્યાંક સાકાર થાવું,
જીવન-મોત વચ્ચે, કહો ફર્ક શું છે?

રહી સાવ અળગો નિહાળું છું 'નાદાન',
હયાતીનો અહીંયાં ખરો મર્મ શું છે?





સ્કેચ →
રવિશંકર મ. રાવળ

સંગીત માર્તંડ
પં. ઓંકારનાથ ઠાકુર

— હસુ યાજ્ઞિક —

ઈ.સ. ૧૯૧૩ના કોઈ એક દિવસે બાલકૃષ્ણે સંગીત-વિદ્યાલયના આચાર્યને કહ્યું હશે; 'પંડિતજી! હું મારા નાનાભાઈને ઘરે પાછો લઈ જવા આવ્યો છું.' સંગીત-વિદ્યાલયના આચાર્યને ત્યારે આશ્ચર્ય જ નહીં, આઘાતનો અનુભવ થયો. જે વિદ્યાર્થી પર એમના જીવનસ્વપ્નને પરિપૂર્ણ કરવાની ક્ષમતાની પૂરેપૂરી શ્રદ્ધા બેસી ગઈ છે, ભારતભરમાં જે તેજસ્વી વિદ્યાર્થી દ્વારા સંગીતકલાને ઉચ્ચ કુલીન સંસ્કાર તરીકે પુનઃ પ્રસ્થાપિત કરવાનો દૃઢ નિર્ધાર કર્યો છે, એને આમ અધૂરી સાધનાએ વિદ્યાલયમાંથી ઉઠાડી લેવામાં આવે, તો પછી પોતાનાં આદર્શો અધૂરાં હોય એ પૂર્ણ કોણ કરે? ને જે વિદ્યાર્થીમાં ઈશ્વરે કંઠના કામણનું, એના માધુર્યનું આટલું છૂટે હાથે દાન કર્યું છે અને જે પોતે અથાક મહેનત કરી કેવળ સંગીતને જ પોતાનું જીવન માને છે એને આમ અધૂરી સાધનાએ ઊઠવાનું કેમ ગમશે?

પંડિતજીના ચહેરા પર ચિંતા હતી. એ પરિસ્થિતિ પામી ગયા. કુટુંબની આર્થિક સંકડામણ ઓછી થાય એટલે મોટાભાઈની ઇચ્છા નાનાભાઈને કમાણી થાય એવા કામધંધે લગાડવાની છે. છોકરાના કંઠમાં અદ્ભુત માધુર્ય છે. નાટકમાં એના ગળાની માગ છે. મેળાવડાઓમાં એનો કંઠ કામણ કરે છે. ત્રણ વર્ષની એને તાલીમ મળી ચૂકી છે. નાના-મોટા વ્યવસાય સાથે જ કંઠના કામણની કલાથી થતી આવક કુટુંબની આર્થિક સંકડામણ દૂર કરશે. અનેક સામાન્ય માંહેનો એક બની એ ઘરેલૂ જિંદગી જીવતો આમમાણસ બનશે. પરંતુ એની કુદરતે આપેલી બક્ષિસનું શું? એ કંઈ આમ સામાન્ય માનવી બની જીવી જવા માટે? વેડફી દેવા માટે? એની સંગીતકલાની લગનનું શું? સંગીતકલાને ઉચ્ચ કુલીન એવા કુટુંબની પરંપરાના ગૌરવપૂર્ણ સ્થાને પ્રસ્થાપિત કરવાના જીવનસ્વપ્નનું શું?

આચાર્યને લાગ્યું કે આ બધી વાતો બધાને કંઈ સમજાવ્યે સમજાય એવી નથી. સામાન્ય જીવનના સર્વસામાન્ય ઘરેલૂ જીવનધ્યેયને જ દૃષ્ટિમાં રાખનાર આ બધી વાતો કેમ સમજે? તો પછી એને કેમ સમજાવાય? આ પરિસ્થિતિનું નિવારણ શું? - એ સાથે જ આચાર્યને કોયડાનો વ્યાવહારિક ઉકેલ સૂઝ્યો :

'બાલકૃષ્ણભાઈ! તમે તમારા ભાઈને અરધેથી ઉઠાડીને ઘરે લઈ જઈ શકો છો, પરંતુ એને તૈયાર કરવામાં ત્રણ વર્ષમાં મેં, અમારી આ સંસ્થાના છાત્રાલય-વિદ્યાલયે જે ખર્ચ કર્યું છે, તે બધું તમારે શરત પ્રમાણે ભરપાઈ કરી આપવું પડશે!'

સાંભળતાં જ બાલકૃષ્ણ પર વીજળી ત્રાટકી! આર્થિક પરિસ્થિતિને કારણે તો ભાઈને ભણતા ઉઠાડી લેવો હતો. એના પર સંસ્થાએ કરેલાં ત્રણ વર્ષના ખર્ચને ક્યાંથી ચૂકવવું? ને પંડિતજીની વાત છે પણ વાજબી. એ તો કેવળ સંગીત-કલાના પ્રચાર-પ્રસાર-વિસ્તાર અને ગૌરવને માટે ચાલીશેક જેટલા વિદ્યાર્થીઓને રહેવા-જમવાની નિઃશુલ્ક વ્યવસ્થા આપીને સંગીતનું શિક્ષણ આપે છે! અને સંગીતકલાને પોતાના જીવનનું ધ્યેય બનાવે, પૂર્ણ તાલીમ લઈ સંગીતકલાના વિકાસની જીવનપ્રકૃતિ કરે એ માટે જ પ્રતિભાશાળી વિદ્યાર્થીઓને છાત્રાલયમાં રહેવા-જમવાની નિઃશુલ્ક વ્યવસ્થા કરી આપી સંગીતકલા શીખવવામાં આવે છે. આમાં કોઈને અધવચ્ચે ઉઠાડવા માટે થયેલા ખર્ચને ભરપાઈ કરી આપવો પડે.

બાલકૃષ્ણને આચાર્યની વાત સમજાઈ. એમણે કહ્યું : 'ખર્ચ તો હું આપી શકવાની સ્થિતિમાં નથી. પંડિતજી!' 'તો બાકીનાં ત્રણ વર્ષ પૂરાં કરવા દો!' આચાર્યે કહ્યું.

બાલકૃષ્ણ સંમત થયા.

આ આચાર્ય તે પંડિત વિષ્ણુ દિગંબર પલુસ્કર અને બાલકૃષ્ણનો નાનો ભાઈ તે સંગીત માર્તંડ ઓંકારનાથ ઠાકુર. એમનો જન્મ ત્યારે વડોદરા રાજ્યના ભાદરણમાં તા. ૨૪-૬-૧૮૯૭ના રોજ થયો હતો. પિતાનું નામ ગૌરીશંકર ઠાકુર અને માતાનું નામ ઝવેર. પિતા ગૌરીશંકર સયાજીરાવ ગાયકવાડની બસો ઘોડેસવારની ટુકડીના નાયક હતા. શરીર ચુસ્ત અને કસાયેલું. લાઠી, કુસતી, પટ્ટાબાજી જેવી મર્દાના વિદ્યાઓમાં પ્રવીણ. પરંતુ

મોટા પુત્ર બાલકૃષ્ણના જન્મ પછી ગૌરીશંકરને અલૂણીબાબા નામના યોગીનો પરિચય થયો અને અધ્યાત્મ વિદ્યા અને યોગ તરફ ઢળતા ગયા. અલૂણીબાબા પાસે એમણે પ્રણવમંત્રની દીક્ષા લીધી. આથી બીજા પુત્રનું નામ ઓંકારનાથ પાડવામાં આવ્યું. ઓંકારનાથ પછી રમેશચંદ્રનો જન્મ થયો. બચપણથી જ ઓંકારનાથને બ્રાહ્મણ પરિવારના ધાર્મિક સંસ્કારો મળ્યા તે સાથે જ વ્યાયામ અને શરીરસૌષ્ઠવનો પણ પિતૃગત વારસો મળ્યો.

ગૌરીશંકર પ્રણવમંત્રની દીક્ષા લીધી એ પછી સંસાર પ્રત્યે રસ ન રહ્યો અને અંતે તેઓ નર્મદાકિનારે ચાલ્યા ગયા અને પર્ણકુટી બનાવી યોગસાધના કરવા લાગ્યા. કુટુંબ પણ દક્ષિણ ગુજરાતમાં જઈને વસ્યું. ઝવેરબા પર જ કુટુંબના નિભાવ અને ભરણપોષણની જવાબદારી આવી પડી. મોટો પુત્ર બાલકૃષ્ણ અને વચેટ ઓંકાર માતાને સહાયભૂત થવા નાનું-મોટું કામ કરવા લાગ્યા. પુત્ર ઓંકારને તો પિતાનું અને એમની યોગસાધનાનું પણ આકર્ષણ હતું. ઘરબાર છોડીને વિરક્ત બનેલા પિતાની સેવા કરવા માટે બાળક ઓંકાર નર્મદાકાંઠે જતો અને પિતાની સાધના માટે પર્ણકુટીની સાફસૂફી કરવાની સેવા બજાવતો હતો. યોગસાધના અને અધ્યાત્મવિદ્યાના સંસ્કારો આમ બચપણથી જ દૃઢ થવા લાગ્યા. નર્મદામાં તરીને વ્યાયામથી સુદૃઢ બાંધાનું શરીર ચપળ એ બળવાન બન્યું. બીજાનાં કામ કરીને કુટુંબ નભાવતી માતાનો આર્થિક બોજો હળવો કરવા માટે ઓંકાર મળે એ કામ કરતો. બચપણથી પરિસ્થિતિએ સમજણની આંખ વહેલી ઉઘાડી નાખેલી. એથી, સોળ વર્ષ થાય અને સાન આવે, એ પહેલાં જ બાલ-કિશોર ઓંકાર વાળવું-ઝૂડવું, કપડાં ધોવાં, પાણી ભરવું અને જરૂર પડ્યે રસોઈ કરવી - આવાં બધાં જ કામો જવાબદારીપૂર્વક હસતે મોઢે સ્વીકારી લીધાં. એનો કંઠ મધુર હતો. આથી માતાપિતાના સંસ્કારે સ્તોત્રગાન કરીને પાઠશાળામાં ગુરુજીનો પ્રેમ પણ મેળવ્યો. કોઈ પ્રસંગ હોય ત્યારે ગાવા માટે પણ ઓંકારને બોલાવે. રામલીલાની મંડળી આવે તો ઓંકાર એમાં પાઠ લે, ગાયન ગાય. ગામમાં સાધુસંતો આવે, કીર્તનકાર આવે, ભજનમંડળી આવે કે ઓંકાર એમની પાસે પહોંચી જાય અને નવાં નવાં સ્તોત્રો, ભજનો, ગીતો શીખે અને બીજાને ગાઈ-સંભળાવી ખુશ કરે. રસોઈ પણ આવડે એટલે કિશોર ઓંકાર શેઠના ઘરનો રસોઈઓ પણ બને. સહુકોઈ એનાં વાણી-વર્તન, વ્યવહાર, પ્રભાવક દેહસૌષ્ઠવ અને મધમીઠા ગળાથી આકર્ષાય, માન આપે. ઓંકાર મિલમાં કામદાર તરીકે રહ્યો. એ મિલના માલિક શાપુરજી મંચેરજી ડુંગાજી કલારસિક સંસ્કારી પારસી હતી. એમણે ઓંકારનું હીર પારખ્યું. સંગીત માટેની એની ધગશ જાણી. આ વખતે જ પંડિત વિષ્ણુ દિગંબર પલુસ્કરે (જ. ઈ. ૧૮-૯-૧૮૭૨ અવ. ઈ. ૨૧-૮-૧૯૭૧) લાહોરમાં ઈ.સ. ૧૯૦૧માં સંગીત-વિદ્યાલયની સ્થાપના કરી હતી. ફટાકડા ફોડતા આંખને ઈજા થવાને કારણે એમને શાળાનો અભ્યાસ છોડવો પડ્યો હતો અને મિરજના દરબારી ગાયક પંડિત બાલકૃષ્ણ બુવા પાસે સંગીતનું અધ્યયન શરૂ કરેલું. એ વખતે કોઈ મિલમાલિકે મિજલસ ગોઠવી ગામના પ્રતિષ્ઠિત અમલદારો, ઉદ્યોગપતિઓ વગેરેને બોલાવ્યા, પરંતુ તેમાં પંડિત બાલકૃષ્ણ બુવા જેવા ભારતખ્યાત ઉત્તમ સંગીતકારને જ નિમંત્રણ નહીં. આ ઘટનાથી વિષ્ણુની આંખ ઊઘડી ગઈ. એને લાગ્યું કે લોકોને મન સંગીતકાર ને અભિનેતા તો તુચ્છ નાચણિયા-ગાયણિયા છે. આવી ઉચ્ચ કલાના આરાધકોનું આવું અવમૂલ્યન! આનાં કારણો પણ વિષ્ણુએ જાણ્યાં હતાં. ગાયનનો ધંધો હલકો મનાતો હતો. ઉચ્ચ સંસ્કારી અને કુલીન વર્ગના લોકો આ કલાથી દૂર ભાગતા હતા. આથી વિષ્ણુ દિગંબર પલુસ્કરે સંગીતનો પ્રચાર-પ્રસાર કરી ચારિત્ર્યશીલ ભદ્રવર્ગના લોકોને આ ઉત્તમ કલા પ્રત્યે અભિમુખ કરવાનું જીવનધ્યેય સ્વીકારી, ભારતનાં વિવિધ રાજ્યોમાં સંગીતનાં કાર્યક્રમો કરી, ધન મેળવી, લાહોરમાં સંગીત વિદ્યાલય સ્થાપ્યું. ઉચ્ચ પ્રતિભાશીલ યુવકોને શોધીને તેમને છાત્રાલયમાં નિવાસ-ભોજનની વ્યવસ્થા કરી સંગીતવિદ્યાની તાલીમ આપી. પરંપરાગત રીતે તો આ ગુરુમુખી વિદ્યામાં ઘરાનાના વંશવારસોમાં સંગીતવિદ્યા જીવતી રહી હતી. સમાજમાં જો આ કલાને અને એના કલાકારને સુપ્રતિષ્ઠિત કરવા હોય તો એમને સંગીત સાથે ભાષાસાહિત્યનું જ્ઞાન આપવું જોઈએ, શરીર અને મન બરાબર કસાય એ માટેના વ્યાયામ અને સ્વાધ્યાય કરાવવા જોઈએ અને વાદ્યની સારસંભાળ, અવાજની માવજત, શાસ્ત્ર વગેરે પણ શીખવવા જોઈએ, તે સમજાયું હતું. આથી વિદ્યાર્થીને પરોઢે પાંચ વાગ્યે ઊઠીને સૂર્યનમસ્કાર જેવા વ્યાયામ અને મંદ્ર સાધના દ્વારા અવાજની માવજતનું, કલા અને શાસ્ત્રનું શિક્ષણ અપાતું હતું. આ કઠોર સાધના નવ વર્ષની હતી. આ વિદ્યાલયે ચારિત્ર્યનિષ્ઠ અને સુશિક્ષિત-સંસ્કારી ગાયકો અને સંગીતશિક્ષકો તૈયાર કર્યા અને ભારતભરમાં એ સંસ્થાના વિદ્યાર્થીઓની માગ ઊભી થઈ. પંડિત વિષ્ણુ દિગંબરનું આ શિક્ષણ ગ્વાલીઅર ઘરાનાનું હતું. એમણે તે ઘરાનાના રાગો અને તેની ચીજોને લિપિબદ્ધ કરી. એની ખયાલ પદ્ધતિ અને તેમાં આવતા આલાપ, બઢત, બોલતાન અને તે પ્રકારના બીજા તાનના પ્રકારો એમણે લિપિબદ્ધ કર્યા. ગાંધીજીના સાબરમતી આશ્રમના ભજન-ગાયક અને 'આશ્રમ-ભજનાવલિ'ના સંપાદક સ્વરાંકનકાર ગાંધી - અંતેવાસી પં. નારાયણ મોરેશ્વર ખરે પણ પં. વી. ડી. પલુસ્કરની સંસ્થામાં તૈયાર થયેલા.

પારસી સજ્જનના અનુરોધે ઓંકારનાથ તેર વર્ષની વયે ઈ.સ. ૧૯૧૦ આસપાસ વિષ્ણુ દિગંબર પલુસ્કરના શિષ્ય બન્યા.

કંઠની તો કુદરતી બક્ષિસ હતી, તન અને મન સમર્થ હતાં, સંગીત માટેની ધગશ હતી, પરિસ્થિતિએ જ એમને સખત શ્રમ કરતાં શીખવ્યું હતું. ત્રણ વર્ષમાં તો ઓંકારનાથે પાંચ વર્ષનો કોર્સ પૂરો કર્યો અને ગુરુનું મન જીતી લીધું. પરંતુ વચ્ચે કુદરતી આફત આવી પડી. કિશોરાવસ્થા પૂર્ણ થતાં વયસન્ધિકાળે અવાજ ફાટવા લાગ્યો અને અવાજની ક્ષમતા ઘટવા લાગી. ગુરુ વોઈસ-કલ્ચરના જાણકાર હતા. એમણે ઓંકારનાથે મંદ્ર-સાધના કરવા જણાવ્યું. અવાજને નીચેમાં નીચેની ભૂમિકાએ લઈ જઈ સ્થિર કરવો. શિષ્ય તો મૂળભૂત સંસ્કારે જ મોટો સાધક હતો. પ્રણવમંત્ર-દીક્ષિત પિતાનો પુત્ર હતો. મંદ્રની અવિરત સાધનાને કારણે અવાજ ઊંચે ચડતા ફાટતો બંધ થયો એટલું જ નહીં, પરંતુ કિશોરના ગળામાં માત્ર માર્દવ હતું તેને બદલે હવે ગર્જતા વાદળ અને ઘૂઘવતા સમુદ્રનું ઘૂંટાતું પૌરુષેય ગાંભીર્ય સિદ્ધ થયું....

આ તબક્કે જ સાધનાપંથ છોડી કૌટુંબિક પરિસ્થિતિને કારણે સામાન્ય માણસની ઘરેલૂ જિન્દગીમાં બંધિયાર બનવાનું વિઘ્ન આવ્યું. પરંતુ ઓંકાર તો પલુસ્કરનું જીવનસ્વપ્નને પૂર્ણ કરવાનું સોપાન હતું. એને મન પણ સંગીત જીવન હતું. આથી આવેલું વિઘ્ન પલુસ્કરની કુનેહથી દૂર થયું અને સંગીતના શિક્ષણનો તબક્કો પૂર્ણ થયો. પલુસ્કરને તો પોતાના ગાંધર્વોને જ સ્વપ્નસિદ્ધિ માટે રમતા મૂકવાના હતા. એમણે ઓગણીસ-વીસ વર્ષના નવયુવાન ઓંકારનાથને ઈ.સ. ૧૯૧૬માં લાહોરની ગાંધર્વ મહાવિદ્યાલયના આચાર્ય બનાવ્યા. અહીંથી જ રાષ્ટ્રિય અને આંતરરાષ્ટ્રિય ક્ષેત્રે વિખ્યાત આ ગુજરાતની વિભૂતિની જીવનયાત્રા આરંભાઈ અને એમાં એમણે કલાકાર, શિક્ષક, શાસ્ત્રકાર-સંશોધક અને વાગ્ગેયકાર એમ ચતુર્વિધ ક્ષેત્રે પ્રતિભાનો પ્રકાશ રેલાવ્યો. ઈ.સ. ૧૯૧૬થી ઈ.સ. ૧૯૬૭ સુધીનું, એટલે કે ૨૦ વર્ષની વયથી તે ૭૧ વર્ષની વય સુધીનું પાંચ દાયકાનું જીવન એટલે કલાકાર, શિક્ષક, લેખક અને વ્યાખ્યાતા તરીકેનું સંગીતકલાને સમર્પિત જીવન!

લાહોરની ગાંધર્વ મહાવિદ્યાલના આચાર્ય તરીકે તેઓને સંસ્થાના સંચાલન અને શિક્ષણ માટે સતત આઠ કલાક કામ કરવું પડતું હતું તે સાથે જ ખાનગી શિક્ષણ આપી, કાર્યક્રમો યોજીને પણ ગુરુના પગલે એમણે પોતાનું જીવન ગાંધર્વ મહાવિદ્યાલયને સમર્પિત કર્યું. આચાર્ય બન્યાના બીજે જ વર્ષે ઈ.સ. ૧૯૧૮માં જલંધરમાં સ્વામી હરિદાસ સંગીત સમારોહ ઉજવાયો અને ભારતભરના મૂર્ધન્ય સંગીતકારોએ એમાં ભાગ લીધો ત્યારે પં. ઓંકારનાથે પં. ભાસ્કર બુવા બખલે સાથે ચાર દિવસ કાર્યક્રમો આપ્યા. આ સમારોહે એક ગુજરાતીને સંગીતકલાક્ષેત્રે રાષ્ટ્રિય પ્રતિષ્ઠા મેળવી આપી. શિષ્યે સાધના પૂરી કરી એથી ગુરુએ સંગીત-પ્રવીણની દીક્ષા આપી. ઓંકારનાથે આ ક્ષણે ગુરુને પગલે સંગીત-કલાની આજીવન સેવા કરવાનો દૃઢ નિર્ણય કર્યો.


ડૉક્ટરેટની ઉપાધિ વેળાએ

ઈ.સ. ૧૯૨૨-માં ઓંકારનાથના સુરતના શેઠ પ્રહ્લાદજી ભટ્ટનાં પુત્રી ઇન્દિરા સાથે લગ્ન થયાં. પંડિતજી માટે હવે સંસાર અને વ્યવહારની જવાબદારી આવી પડી. જોકે પત્ની સમજતાં હતાં કે આ જીવ સંસાર-વ્યવહારનો નથી, કલાનો છે. એથી સમજ અને સ્વાપર્ણથી પત્ની ઇન્દિરાએ પતિને જવાબદારીના ભારથી મુક્ત કર્યા. પરંતુ સંસાર માંડીને બેઠેલા કલાકાર-શિક્ષકને આજીવિકાની દૃષ્ટિએ નિશ્ચિતતા તો ઊભી કરવી જ પડે છે. આ સમયમાં હજુ કલાકારને લોકાશ્રય ન હતો, હતો કેવળ રાજ્યાશ્રય. રાજાઓ, નવાબો, જમીનદારો ઉચ્ચ કલાકારને પોષતા હતા. નેપાળના મહારાજા ચન્દ્રશમશેર જંગબહાદુર ઉત્તમ કલારસિક અને આશ્રયદાતા હતા. એમણે તાજખાં અને તાનરસખાંનું શાહી સન્માન કર્યું હતું અને ભારતીય કલાકારોના જલસા પાછળ એ જમાનામાં પણ ચાર લાખ જેટલું ખર્ચ કર્યું હતું. પોતાના સંસાર-નિભાવમાં રાહત થાય અને ભરુચમાં સંગીત વિદ્યાલયની સ્થાપનાનું સ્વપ્ન સિદ્ધ થાય એ માટે પંડિતજીએ ઈ.સ. ૧૯૧૮માં સર મનુભાઈ મહેતાની ભલામણનો પત્ર લઈને નેપાળનો મુશ્કેલ પ્રવાસ વેઠ્યો. મહારાજાએ માનપાન આપીને સન્માન્યા અને એમનું સંગીત સાંભળી નેપાળના રાજ્યગાયક બનાવવા માટે પ્રસ્તાવ મૂક્યો. પરંતુ પંડિતજી આ રીતે તો ક્યાંય બંધાવા માગતા ન હતા. ઈ.સ. ૧૯૩૦માં એમણે ફરી નેપાળનો પ્રવાસ કર્યો. એમના માનપાન અને લોકપ્રિયતા જોઈને નેપાળી રાજ્યગાયક પંડિત બાલાપ્રસાદના પેટમાં બળવા લાગ્યું. એમણે ઓંકારનાથ સમક્ષ જ દિગંબરજીની બદબોઈ કરી એટલું જ નહીં, પરંતુ પોતાના એક નોકરનું નામ ઓંકારનાથ રાખીને 'ઓંકારનાથ જેવા તો મારી ચલમ ભરે છે!' એવાં માનહાનિ કરતાં ઉચ્ચારણો કર્યાં. મહારાજાના કાને આ વાત આવી. એ ઝવેરી હતા - કંચન અને કથીર, હીરા અને પથ્થરનો વિવેક કરી જાણનારા! બાલાપ્રસાદનો અહંકાર તોડવા મહારાજાએ દરબારમાં ઓંકારનાથ અને બાલાપ્રસાદ વચ્ચે સ્પર્ધા યોજી. દૂધ-પાણી જુદાં થઈ ગયાં. વિજેતા ઓંકારનાથના કંઠમાં મહારાજાએ વિજયમાળા આરોપી અને ઓંકારનાથને સંગીત મહામહોદયની ઉપાધિથી નવાજ્યા

ઈ.સ. ૧૯૩૩માં પંડિતજીને ઇટાલીના ફ્લોરેન્સ ખાતે યોજાયેલી આંતરરાષ્ટ્રિય સંગીત પરિષદમાં ભારતીય શાસ્ત્રીય સંગીતના પ્રતિનિધિ તરીકે મોકલ્યા. અહીં એમણે ભારતીય શાસ્ત્રીય સંગીતને યુરોપમાં પ્રતિષ્ઠિત કર્યું. એમના શાસ્ત્રીયગાનથી ઇટાલીનો સરમુખત્યાર મુસોલિની એટલો પ્રભાવિત થયો કે એણે પંડિતજીના શાસ્ત્રીયગાનને વેસ્ટર્ન નોટેશનમાં ઉતરાવ્યું. પંડિતજી પોતે ગુજરાતી ઉપરાંત હિંદી, મરાઠી, બંગાળી જેવી ભાષા કેવળ જાણતા જ નહીં, પરંતુ અસ્ખલિત બોલી શકતા હતા. નેપાળી પણ જાણતા હતા. અંગ્રેજી અને સંસ્કૃત પણ શીખ્યા હતા. એમની વાક્છટા અદ્ભુત અને આકર્ષક હતી. ભારતીય સંગીત પરના એમનાં સદૃષ્ટાંત વ્યાખ્યાનોથી વિદેશીઓ પણ પ્રભાવિત થયા હતા. પંડિતજીએ જર્મની, ફ્રાન્સ, ઇંગ્લન્ડ અને વેલ્સમાં પણ કાર્યક્રમો આપીને ભારતીય સંગીત પર નિદર્શનસહ વ્યાખ્યાનો આપ્યાં. એ નિમંત્રણથી રશિયા જવાના હતા પરંતુ પત્ની ઇન્દિરા અને નવજાત બાળકના મૃત્યુના સમાચાર મળતાં દેશમાં પાછા ફર્યા.


ઈ.સ. ૧૯૩૪માં એમણે મુંબઈમાં 'સંગીતનિકેતન' નામની સંસ્થાની સ્થાપના કરી અને ઈ.સ. ૧૯૩૪થી ઈ.સ. ૧૯૪૧ મુંબઈ એમની કર્મભૂમિ બન્યું. ઈ.સ. ૧૯૪૨થી ઈ.સ. ૧૯૫૦માં એ સૂરત અને ઈ.સ. ૧૯૫૦થી ઈ.સ. ૧૯૬૦નો દશકો એ બનારસ વિશ્વવિદ્યાલયમાં રહ્યા. ઈ.સ. ૧૯૩૪માં જ કરાચી મ્યુનિસિપલ કોર્પોરેશને સન્માન કર્યું. અભિનયનું ક્ષેત્ર પણ અસ્પર્શ્ય કેમ રહે? બચપણમાં રામલીલામાં પાઠ લીધો હતો. ઈ.સ. ૧૯૩૯માં પંડિતજીએ 'કબીર' નામની ફિલ્મમાં મુખ્ય ભૂમિકા પણ નિભાવી.

માત્ર સંગીતના કલાકાર કે શિક્ષક તરીકે જ નહીં, પરંતુ સંગીત પરનાં સંશોધનાત્મક અને વિવરણાત્મક પુસ્તકો દ્વારા પણ એમણે સંગીતની સેવા કરી. વિવિધ વ્યાખ્યાનોમાં એમણે ભારતીય સંગીતના આત્માને પ્રગટ કર્યાં છે. રાગ એટલે માત્ર સ્વરોનો ચઢાવ-ઉતાર નથી, પરંતુ રાગ એટલે સંવેદ્ય એવું વ્યક્તિત્વ છે, એ એમણે પ્રગટ કર્યું. દરેક રાગને એનો નિજી ધબકાર હોય છે. આ ધબકારને એમણે અદ્ભુત એવા સ્વરસામર્થ્ય અને શબ્દસામર્થ્યે પ્રગટ કર્યો છે. રાગ અને રસ વિશે એમણે જે સૂક્ષ્મતાથી ચર્ચા કરી છે, તે ગુજરાતીમાં જ નહીં, કેટલેક અંશે ભારતીય સાહિત્યમાં પણ અભૂતપૂર્વ અર્પણ જેવી છે. 'પ્રણવ ભારતી'ના પ્રથમ ખંડ 'પ્રથમ વીણા'માં ભારતીય સ્વરશાસ્ત્રમાં એમણે નાદ, શ્રુતિ, સ્વર, ગ્રામ, મૂર્ચ્છના, પશુપક્ષીના ધ્વનિના નાદો અને સંગીતોપયોગી નાદોની ચર્ચા કરી છે. એ પોતે પ્રણવરંગને નામે ગેય ચીજોના પણ રચયિતા છે. સ્વર અને શબ્દનું સામર્થ્ય ધરાવતા પ્રણવરંગ ઓંકારનાથ વાગ્ગેયકાર છે. 'સંગીતાંજલિ' ભાગ ૧ થી ૬માં એમણે ૫૫ શાસ્ત્રીય રાગોની સૂક્ષ્મ ચર્ચા કરી તેના સ્વરવિસ્તાર, આલાપ, તાન, બંદિશ આપ્યાં છે. 'રાગ અને રસ'માં એમણે સ્વર અને લય રસનિષ્પત્તિમાં કેવી રીતે અંગભૂત બને છે, તે સમજાવ્યું છે. ઓંકારનાથને વાંચો કે તરત તમારો કાન 'જગત કાદંબરીઓમાં સરસ્વતીચંદ્રનું સ્થાન' જેવા નાનાલાલીય ગદ્યની ઉદ્બોધક અભિનિવેશપૂર્ણ અભિવ્યક્તિને અનુભવશે. વિષ્ણુ દિગંબરજી જાણતા હતા, સંગીત અને સાહિત્ય ભગિની-કલાઓ છે. એથી એમણે સંગીતના શિક્ષણની સાથે જ ભાષાસાહિત્યના

(રાગ માલાગૌરીના ગાનમાં લીન પં ઓમકારનાથ ઠાકુર)



દાઢીમૂછમાં પં. ઓમકારનાથજી



શિક્ષણને મહત્ત્વ આપ્યું હતું અને એમના વિદ્યાર્થીઓને સંગીત-શાસ્ત્રની સાથે હિંદી, અંગ્રેજી અને સંસ્કૃત ભાષાનું શિક્ષણ મળે એવી પણ વ્યવસ્થા કરી હતી. ઓંકારનાથનું અંતરંગ જ સંવેદનશીલ કવિનું છે. એમણે ભાષા માટે, પ્રભાવક ભાષા અને વક્તવ્ય માટે અધ્યયન કર્યું હતું, શ્રમ-સાધના કર્યાં હતાં. એટલે જ તો ભાષાનાં અભિવ્યક્તિ સાધક ઉપકરણો, કાકુ, ઇત્યાદિ, એમણે સંગીતમાં સૂઝપૂર્વક પ્રયોજ્યાં એ જ એમનો સંગીતના કલાકાર તરીકેનો વિશેષ છે. કયો ભાવ કયા શબ્દથી વ્યક્ત થાય છે અને કયો સ્વર એ શબ્દમૂર્ત ભાવને પ્રગટ કરવા સક્ષમ છે, એની પંડિતજીમાં સંપ્રજ્ઞતા હતી.

એક વખત ગોંડલનરેશે નિમંત્ર્યા. પંડિતજીને ગાવામાં મઝા ન આવી અને ભજન સાંભળવાની ઇચ્છા પ્રગટ કરી. ગોંડલનરેશે હરિજન ભગતને બોલાવ્યા. ભજનો ગવાયાં. એ સાંભળી પંડિતજી ઝૂમી ઊઠ્યા ને બોલ્યા; 'જોયું, સ્વરની કેટલી સાચી પરખ છે આપણા નિરક્ષર ભજનિકોમાં? કોઈ પણ રચના અંતે ષડ્જમાં વિરમે, કે પછી વાદી સ્વર પર ન્યાસ થાય. પરંતુ અહીં ન્યાસ રિષભ પર છે. કેમ કે અંતે પ્રશ્ન છે, આરઝૂ છે ને એ રિષભ જ વ્યક્ત કરે!' આંતરરાષ્ટ્રિય ખ્યાતિ વરી છે એવા શાસ્ત્રીય સંગીતના સમ્રાટની અહીં ઉદારતા અને સૂક્ષ્મ સમજ બન્ને એકસાથે સુપેરે વ્યક્ત થાય છે.

ભારતનું જ સંગીત મહાન એવા મિથ્યા ગર્વમાં કે ગ્રહમાં એ બંધિયાર બનતા નથી. પરદેશમાં પાશ્ચાત્ય સંગીતને જાણીમાણીને આવ્યા પછી પાશ્ચાત્ય સંગીતના મુખ્ય આધાર કે પ્રાણ જેવા ષડજ-ગાંધાર અને ષડજ-પંચમના કોર્ડ્ઝ પણ પ્રયોજતા હતા. સંગીત કોઈ એક દેશની નહીં, વિશ્વની ભાષા છે. કેવળ માનવની જ નહીં, પશુપક્ષીના આનંદ-ઉત્કટતાની અભિવ્યક્તિ છે, એ બરાબર જાણી શક્યા હતા. હા, રાગ કંઈ ગાણિતિક સ્વરસંયોજનો માત્ર નથી, પર્મ્યુટેશન અને કોમ્બિનેશન નથી, પરંતુ દૈવી અંશ ધરાવતું વ્યાવર્તક એવું વ્યક્તિત્વ છે, એમ માનતા હતા. એનું સ્વરૂપ દિવ્ય છે. એને પ્રયોગના નામે વિકૃત ન કરાય. એનું કૌમાર્ય કોઈ અપપ્રયોગે ખંડિત ન થાય એમ માનતા હતા. સાહિત્યની આ સૂક્ષ્મ સમજને કારણે જ એમની ગાયકી સ્વરભેદ, લયભેદ, ઉચ્ચારભેદ, સ્થાનભેદ, કાકુ, ધ્વનિનું નાના-મોટાપણું અને એનો યથોચિત ઉપયોગ બરાબર જાણે છે. ક્યાં વજન આપવાનું છે ને ક્યાં સ્પર્શ પીંછાંનો કે પુષ્પનો કરવાનો છે, એ બરાબર જાણે છે. સાહિત્ય કંઈ સ્વરને લટકાવવાની નિમિત્તભૂત ખીંટીઓ નથી, પરંતુ સંગીતે સાહિત્યકલાનું ભગિનીકૃત્ય કરવાનું છે, પૂરક-ઉપકારક જ નહીં એના અંગભૂત બનવાનું છે એ, એઓ જાણતા હતા. આ દૃષ્ટિએ તેઓ સંગીતવિદ્યાના ઉત્તમ સાહિત્યકાર હતા, વિવેચક હતા, રસદર્શક એવા વક્તા હતા. આથી જ તો એમને ઈ.સ. ૧૯૪૩માં ગુજરાત સાહિત્યસભાએ રણજિતરામ સુવર્ણચંદ્રકથી નવાજ્યા. એ સમયના વ્યાખ્યાનમાં પંડિતજીએ કહ્યું; "સાહિત્ય અને સંગીતને હું તો સદૈવ સહોદર જ માનતો આવ્યો છું, કારણ કે 'સંગીતમય સાહિત્યં સરસ્વત્યાઃ કુચદ્વયમ્' " આમ સાહિત્યકાર અને સંગીતકાર એમની ભાષામાં એક માતાને ધાવેલા માજણ્યા સંતાનોનો સંબંધ ધરાવે છે. સાહિત્યનું ઉત્તમ અંગ કાવ્ય છે એમ કહી કાવ્યનો આત્મા સંગીત છે, એમ કહે છે. દરેક રાગ એનું વ્યાવર્તક નિજી વ્યક્તિત્વ ધરાવે છે એ સ્પષ્ટ કરતાં આ વ્યાખ્યાનમાં કહે છે; 'દરેક રાગ કે રાગિણી એ જુદાં જુદાં શ્રાવ્યચિત્રો જ છે. દરેક રાગ કે રાગિણીમાં તેનું પુરુષત્વ છે, સ્ત્રીત્વ છે, કઠોર અને કોમલત્વ છે. પ્રત્યેકને પોતાની સંવેદનાઓ છે, જુદાં જુદાં સમય, ઋતુ અને રસ છે. કોઈ શાંત છે, કોઈ ઉદાત્ત છે, કોઈ ધીર છે, વીર છે, ગંભીર છે; કોઈ કરુણ કોમલ છે, કોઈ અધીર ઉદ્દામ છે; કોઈ શૃંગારપ્રિય છે, કોઈ વીતરાગ છે; કોઈ નવોઢા છે, પ્રૌઢા છે, ખંડિતા છે, પ્રોષિતપતિકા છે, સુરતદુઃખિતા છે. દરેક રાગ કે રાગિણી અનેક માનવોચિત ભાવોર્મિઓથી ભરેલાં સ્વરકાવ્યો છે.' રાગના આ વ્યાવર્તક નિજી રૂપો કે વ્યક્તિત્વનો પરિચય એમણે મહારાજા સયાજીરાવ ગાયકવાડ વિશ્વવિદ્યાલયમાં આપેલા 'રાગ અને રસ' પરના વક્તવ્યમાં આવ્યો છે. અહીં એમણે ઉચિત રીતે જ રાગ દરબારીને પ્રચંડ પૌરુષ અને ગરિમા તથા ગંભીરતાથી ભર્યોભર્યો કહ્યો છે, અને આશાવરીને નૂપુરઝંકાર કરતી ને મધુરતા બક્ષતી કમનીય કાન્તિ ધરાવતી રાગિણી તરીકે ઓળખાવી છે. ભૈરવને રુદ્ર-ભીષણ કહ્યો છે, પણ એના જેવા સ્વરો ધરાવતા જાગીઆને કરુણ, કોમળ અને વિરક્ત કહ્યો છે. બાગેશ્વરીને પ્રોષિતપતિકા અને તોડીને આક્રંદ કરતી વિરહદગ્ધા કહી છે. રાગ હિંડોલને તીખા તીરનું તો બહારને ઉલ્લાસ અને ઉમંગનું પ્રતીક કહ્યો છે. સંસ્કૃતજ્ઞ સંશોધક આ સંગીતકાર માલકૌંસને એના માલકૌશિક અને ખમાજને એના કમ્બોજી એવા મૂળ નામે ઓળખાવે છે. ગુજરાતી સંગીતકલા-વિવેચનમાં આવી આસ્વાદ્ય સૂક્ષ્મ વિવેચના અભૂતપૂર્વ જ નહીં, હજુ પણ અદ્વિતીય છે.

ઈ.સ. ૧૯૫૨માં ઓંકારનાથ ભારતીય સાંસ્કૃતિક મંડળ લઈને અફઘાનીસ્તાન ગયા ત્યારે ઝહીરશાહે એમને સુવર્ણચંદ્રક આપ્યો. ઈ.સ. ૧૯૫૩માં બુડાપેસ્ટ ખાતે ભરાયેલી વિશ્વશાંતિ પરિષદમાં અને ઈ.સ. ૧૯૫૪માં જર્મનીના સ્ટોકહોમમાં ભરાયેલી અણુબૉંબ વિરોધી પરિષદમાં ભારતનું એમણે પ્રતિનિધિત્વ કર્યું. એ અનુષંગે પંડિતજીએ નોર્વે, રશિયા અને ચેકોસ્લોવેકિયાનો પણ પ્રવાસ કર્યો.

ઈ.સ. ૧૯૫૦માં બનારસમાં કાશી હિંદુ વિશ્વવિદ્યાલયમાં

'કલાસંગીત ભારતી' સંસ્થા સ્થપાઈ અને પંડિતજી તેના આચાર્ય અને યુનિવર્સિટીની સંગીત ફેકલ્ટીના ડીન બન્યા અને ત્યાંથી જ નિવૃત્ત થયા. ઈ.સ. ૧૯૫૫માં એમને પદ્મશ્રીનો ખિતાબ એનાયત થયો. પંડિત માલવીયજીએ એમને 'સંગીત પ્રભાકર'ની પદવી આપી હતી. રાજકીય સંસ્કૃત વિદ્યાલયે એમને 'સંગીત માર્તંડ'ની ઉપાધિ આપી.

એમણે લાહોર, મુંબઈ, ભરૂચ અને બનારસના નિવાસ દરમ્યાન અનેક શિષ્યો તૈયાર કર્યા. તેમાં ગુજરાતના રમેશચંદ્ર ઠાકુર, શિવકુમાર શુક્લ, યશવંતરાય પુરોહિત, અતુલ દેસાઈ, મહાદેવ શાસ્ત્રી વગેરેનો સમાવેશ થાય છે. શ્રીમતી એન. રાજન જેવા ભારતખ્યાત વાયોલિનવાદકે તો પંડિતજીની ગાયન-શૈલીને વાયોલિનમાં હૂબહૂ ઉતારી છે. 'Homage to My Guru'માં ડૉ. એન. રાજને પંડિતજીએ ગાયેલા રાગ તિલંગના 'નનદિયા કૈસે નીર ભરું', ભજન 'મૈયા મોરી મૈં નહીં માખન ખાયો', પ્રખ્યાત રાગ નીલાંબરીનું 'મિતવા' અને ભૈરવીનું ભજન 'જોગી મત જા' તથા વંદેમાતરમ્ સર્વાંગે ઓંકારનાથ શૈલીના વાયોલિનમાં ઉતાર્યાં છે. વાયોલિન-વાદક એમ. એસ. ગોપાલકૃષ્ણન પણ પંડિતજીના શિષ્ય. આ ઉપરાંત પ્રેમલતા શર્મા, પ્રદીપકુમાર દીક્ષિત જેવા પ્રખ્યાત સંગીતજ્ઞ કલાકારો-લેખકો પણ પંડિતજીના શિષ્ય છે. વસંત, અમૃત, કીકુભાઈ ભગત, પીરોજા દસ્તૂર, માસ્ટર દિનાનાથ, પી. એન. બર્વે, પ્રાગજી ડોસા, વ્રજકિશોર પટેલ, સ્વામી અગેહાનંદ ભારતી વગેરે પણ પંડિતજીના શિષ્યો.

વિવિધ સંસ્થાઓ સ્થાપીને પણ સંગીતકલાનો પંડિતજીએ પ્રચાર કર્યો. ઈ.સ. ૧૯૨૩માં ભરૂચમાં ગાંધર્વ નિકેતન, ઈ.સ. ૧૯૩૪માં મુંબઈમાં સંગીત નિકેતન સ્થાપ્યાં. આ ઉપરાંત મુંબઈમાં ગુજરાત સંગીત મહામંડળ અને સૂરતમાં સંગીત સંસદની સ્થાપના કરી.

પંડિતજીના અંતરંગ-બહિરંગ વ્યક્તિત્વમાં કેટલીક યાદગાર અને વ્યાવર્તક એવી મુદ્રાઓ અંકિત થયેલી હતી! પંડિતજીનાં દેહછટા, કંઠમાધુર્ય અને વાક્ચાતુર્યમાં અદ્‌ભુતનો ત્રિવેણી-સંગમ થયેલો. વિશાળ ભાલ, વાંકડિયાં જુલફાં અને ભાવપૂર્ણ નયનો ધરાવતો ભર્યો ભર્યો ચહેરો, અસાધારણ પહેરવેશ અને વાક્છટા અદ્‌ભુત હતાં. પ્રતિભાશાળી કલાકાર હોય છે એવા માની અને આગ્રહી પણ હતા. એમનો ગુરુ તરીકેનો તાપ પણ બધાંથી જીરવી શકાય એવો ન હતો. શિલ્પી અને શિષ્યની વાર્તાની જેમ જે શિષ્ય કેવળ ગુરુમુખી પ્રશંસામાં ધન્યતા માનતો હોય એનો વિકાસ અચૂક રુંધાતો. છતાં ગુરુ તરીકે આ કલાકાર કેટલો કોમળ, ઋજુ અને પ્રેમાળ હૃદયનો હતો એની તમારે ખાતરી કરવી હોય તો પંડિતજીના 'મૈયા મોરી મૈં નહીં માખન ખાયો'ના જીવંત કાર્યક્રમના રેકોર્ડિંગને આધારે બહાર પડેલી કસેટ કાન માંડીને સાંભળજો. જે કલાકાર વિકટ તાન વગાડી ન શકતા સાજદારીને સભામાં ખુલ્લા પાડતો એ જ કલાકાર કોઈ વિકટ તાન લઈને છોડી દેતા શિષ્યને પ્રેમથી પ્રોત્સાહન આપતા કહે છે, 'લે બેટા લે! ફિર સે લે!' આવા ગુરુ આ ક્ષેત્રમાં બધે નથી જ.

ઓંકારનાથની ગાયકી ગુરુસંબંધે છે તો ગ્વાલિયર ઘરાનાની અને એમની આલાપચારી પર એ જ ઘરાનાના અબ્દુલ કરીમખાંના સંગીતની, શૈલીની અસર છે તેમ જ હદુખાંના પુત્ર રહેમતખાં જેઓ પં. વિષ્ણુ દિગંબર પલુસ્કર પાસે આવતા હતા તેમની પણ અસર છે. છતાં ગ્લાલિઅર ઘરાનાની ગાનપદ્ધતિમાં પંડિત ઓંકારનાથની પોતાની આગવી શૈલીની પણ મુદ્રા છે અને એ એટલી સમર્થ છે કે મધ્યકાલીન ઘરાના-પદ્ધતિએ જ જો ગુજરાતમાં ઓંકારનાથની ગાનપદ્ધતિની પણ સ્થિર પરંપરા ચાલી હોત અને ઓંકારનાથ-ઘરાના સંસિદ્ધ પરંપરા બની હોત તો ઘરાનેદાર આગવી શૈલીને પણ સ્વીકારવી પડત.

આ શૈલીમાં ભાવાનુસારી વિશિષ્ટ એવો ચડાવ-ઉતાર છે. મીંડ, ગમક અને કાકુનો ઊઠીને આંખે વળગે એવો વિશિષ્ટ વિનિયોગ છે. ભાવાભિવ્યક્તિની અને તાન-તોડા યુક્ત મુખડાની લાક્ષણિકતા છે. આ શૈલી વ્યાવર્તક છે, ભાવોત્કટ છે. પરંતુ ક્યાંક એનો અતિરેક ટીકાપાત્ર પણ બન્યો હતો. ખાસ તો પશુધ્વનિઓનું અનુકરણ કરતી તાનો, જેને બકતાન કે અશ્વતાન કહો (રાગ નીલાંબરી અને અડાણા સાંભળજો), સૌંદર્ય અને વૈચિત્ર્યને એક નથી કરી શકતા. આમ છતાં, આવી કેટલીક લાક્ષણિકતાઓના અતિરેકે આવી પડતી મર્યાદાઓને બાદ કરતાં કોઈ નવી જ તાઝગીભરી અભિનવ શૈલી ઓંકારનાથમાં સંસિદ્ધ થઈ છે, જે હૂબહૂ એન. રાજમના વાયોલિન-વાદનમાં પ્રગટ થઈ છે.

ઈ.સ. ૧૯૬૬ના જૂન માસમાં પક્ષાઘાતે આ સમર્થ સંગીતકારને પથારીવશ કર્યા અને ૨૦-૧૨-૧૯૬૭ના રોજ રાતના એક વાગ્યે એમનું અવસાન થયું. ગુજરાતને સંગીતકલા ક્ષેત્રે ભારતમાં અને વિશ્વમાં સ્થાન અપવાદ કરીને અપાવ્યું, એની શતાબ્દી આવી કોણે જાણી? યુગો પછી સંગીતક્ષેત્રે ભારતીય કક્ષાએ, વિશ્વકક્ષાએ ઊંચું નામ તે ઓંકારનાથ. પરંતુ આપણે આપણા ગૌરવને કેટલું જાણીએ છીએ?! □

વ્યોમવિહારીનો અંત

મૂ.લે. રે બ્રેડબરી • અનુ. અશોક હર્ષ

ઈ.સ. ૪૦૦. ચીનની મહાન દીવાલના પડખે શહેનશાહ યુઆનના પથરાયેલા રાજ્યમાં સારા વરસાદને કારણે સર્વત્ર હરિયાળી પથરાઈ ચૂકેલી. પ્રજા બહુ સુખી નહોતી તો બહુ દુઃખી પણ નહોતી.

નવું વરસ બેઠાના બીજા મહિનાના પહેલા સપ્તાહના પહેલા દિવસની વહેલી સવારે શહેનશાહ યુઆન હવાના આહ્લાદક સ્પર્શ વચ્ચે ધીમેધીમે ચા પી રહ્યા હતા ત્યાં ઉદ્યાનના રંગીન ટાઈલ્સ પરથી દોડતા આવી પહોંચી એક નોકરે કહ્યું, 'ઓહ, શહેનશાહ, શહેનશાહ, ભારે ચમત્કાર!'

'સાચે જ! આજની હવા કેવી આહ્લાદક છે!'

'ના, ના, નામદાર ચમત્કાર!' નોકર શહેનશાહ સામે વધુ ઝૂકતો બોલ્યો.

'તો આ ચાનો સ્વાદ એક ચમત્કાર છે?'

'ના, ના, નામદાર.'

'તો મને જરા ભેજું ચલાવવા દે. સૂરજ ઊગી ચૂક્યો છે....'

'અને એક માણસ ઊડી રહ્યો છે.'

'શું કહ્યું?'

'મેં મારી સગી આંખે એક માણસને પાંખો હલાવીને હવામાં ઊડતો જોયો. આકાશમાંથી એનો અવાજ કાને પડતાં મેં ઊંચું જોયું અને તેને દીઠો - કાગળ અને વાંસના બનાવેલા વાહનમાં ઊડતો.

'હજી ઘણું વહેલું હોઈ તું સ્વપ્નમાંથી જાગી ઊઠ્યો લાગે છે.'

'વહેલું હોય કે મોડું, પણ મેં જે જોયું તે જોયું જ છે. ચાલો મારી સાથે, તો તમને પણ તે દેખાશે.'

'અહીં બેસ ને થોડી ચા લે. માણસને હવામાં ઊડતો જોયો એ એક નવાઈ તો ખરી જ. તું એ પર વિચાર, ત્યાં સુધીમાં હું તૈયાર થઈ જાઉં.'

ચા પતી જતાં નોકરે કહ્યું, 'નામદાર, હવે જલદી ચાલીએ, નહિતર એ કદાચ નહિ દેખાય.'

શહેનશાહ વિચારમગ્નપણે ઊભા થતાં કહે, 'ચાલ, તું કહે છે તો તે જોઈ જ નાખીએ.'

તેઓ ઉદ્યાનમાંની એક વૃક્ષરાજિ પસાર કરીને એક નાનકડી ટેકરી પર પહોંચ્યા, કે નોકરે હાથ ઊંચો કરી કહ્યું, 'જુઓ પણે, નામદાર!'

અને શહેનશાહે આકાશ ભણી મીટ માંડી.

આકાશમાંથી ઊંચેથી એક જણ તેમના પ્રત્યે હસી રહ્યો હતો - એટલે ઊંચેથી કે તેમને તે ભાગ્યે જ સંભળાય. કાપડ અને વાંસનાં બનાવેલાં પાંખો અને પૂછડી વડે તે આકાશમાં મોટામાં મોટા પંખીરૂપે વિહરી રહેલ હતો.

'જુઓ, જુઓ, હું કેવો ઊડી રહ્યો છું!' પ્રભાતના ઠંડા પવને એ વ્યોમવિહારીના શબ્દો નીચેના બંને પ્રેક્ષકોના કાન સુધી પહોંચ્યા.

શહેનશાહ યુઆને કશો જવાબ ન આપતાં ચીનની મહાન દીવાલ તરફ પોતાની નજર દોડાવી. એ દીવાલ દુશ્મનો સામે રક્ષણ આપીને સારાયે દેશમાં શાંતિ જાળવી રહી હતી.

મંત્રમુગ્ધપણે કેટલીક વાર સુધી મહાન દીવાલને નીરખી રહ્યા બાદ શહેનશાહ યુઆને નોકરને પૂછ્યું, 'આ આદમીને આમ ઊડતો બીજા કોઈએ જોયેલ છે ખરો?'

'મારા સિવાય કોઈએ નહીં.' મોં પર સ્મિત ફરકાવતા અને આકાશ તરફ હાથ હલાવતા નોકરે જવાબ આપ્યો.

શહેનશાહે થોડીક વાર સુધી આકાશ સામે તાકી રહ્યા બાદ કહ્યું, 'એને મારી પાસે બોલાવ.'

'અલ્યા એ ભાઈ! નીચે આવ, નીચે આવ, નામદાર શહેનશાહ તને મળવા માગે છે.' નોકરે જોરથી ઘાંટો પાડ્યો.

પ્રભાતના ખુશનુમા પવનમાં પેલો વ્યોમવિહારી જણ નીચે ઊતરવા માંડતા શહેનશાહે ચારે બાજુ નજર ફેરવી જોવા માંડ્યું તો એક ખેડૂતને તેના ખેતરમાં ઊભે ઊભે આકાશ ભણી તાકતો જોયો.

વાંસના ખપાટીઆં ને કાગળના કકડાઓની રસળાટ સાથે નીચે ઊતરેલો જણ શહેનશાહ ભણી આગળ વધી તેમને કુર્નિશ બજાવી ઊભો રહ્યો.

'આ તેં શું કર્યું છે?' શહેનશાહે જવાબ માગ્યો.

'આકાશમાં ઊડવાનું, નામદાર!'

'હું પૂછું છું કે તેં આ શું કર્યું છે?'

'એનો જવાબ તો મેં આપ્યો, નામદાર!'

'તેં કશો જ જવાબ નથી આપ્યો', કહેતાં શહેનશાહે વાંસ અને કાગળની એ કરામત પર હાથ ફેરવવા માંડ્યો.

'શું આ સરસ નથી, નામદાર?'

'ખૂબ જ સરસ છે.'

'દુનિયામાં આ એકમાત્ર નમૂનો છે જેનો શોધક હું છું.'


'એકમાત્ર?'

'હું સોગંદપૂર્વક તેની ખાતરી આપું છું.'

'બીજું કોણ આ વિષે જાણે છે?'

'કોઈ જ નહિ, મારી પત્ની સુધ્ધાં નહિ. જાણે તો મને ગાંડો જ ગણી કાઢે. એટલે તો રાતે જ ખાનગીમાં બધી જ તૈયારી

(અનુસંધાન પૃ. ૩૭૦ ઉપર)



INSET 2D
ઇન્સેટ ટુડી

પ્રહ્‌લાદ છ. પટેલ

ભારતના સ્વદેશી બનાવટના બહુહેતુ સંદેશાવ્યવહાર ઉપગ્રહ ઇન્સેટ 2Dને ફ્રેન્ચ ગુયાનાના કુરુ ખાતેના પ્રમોચન મથક ઉપરથી ૧૯૯૭ના જૂનની ચોથી તારીખે સફળતાપૂર્વક અંતરિક્ષમાં તરતો મૂકવામાં આવ્યો. બીજી શ્રેણીના આ ચોથા ઉપગ્રહ ઇન્સેટ 2Dને કુરુ મથકેથી છોડવા માટે ૫૬ કરોડ રૂપિયાનો ખર્ચ થયો છે. આ ઉપગ્રહ તેનાથી અડધા ખર્ચે તૈયાર કરવામાં આવ્યો છે, એટલે કે અહીં તો ઘાટ કરતાં ઘડામણ બમણું થયું છે તે છતાં, ભારતે અવકાશી ઉપગ્રહ-ક્ષેત્રે અનેક અનોખી સિદ્ધિઓ હાંસલ કરી છે. ઇન્સેટ 2Dની સિદ્ધિએ આપણા દેશની સ્વતંત્રતાની સુવર્ણ જયંતીના પર્વની ઉજવણીના સમયે ભારતીય વિજ્ઞાનીઓ અને ઇજનેરોના ઉત્સાહમાં અનેરો વધારો કર્યો છે. આ ઇન્સેટ 2D નવા સીમાચિહ્નરૂપ બનીને સંપર્ક માધ્યમોની કડીને ક્રાંતિકારી વળાંક આપવા સક્ષમ પુરવાર થશે.

હાલના તબક્કે સેલ્યુલર ફોન માત્ર શ્રાવ્ય કામગીરી બજાવે છે; પણ ઇન્સેટ 2D પછીના ઉપગ્રહ વડે ફોન ઉપર વાતચીત કરનાર વ્યક્તિઓ એકબીજાના ચહેરા અને હાવભાવ જોઈ શકશે ત્યાં સુધીની સુવિધા સુલભ થશે. ટેલિફોન અને ટેલિવિઝન નેટવર્ક માટે ઇન્સેટ 2Dમાં ૨૩ ટ્રાન્સપોન્ડરોની રચના કરવામાં આવી છે. ટ્રાન્સપોન્ડર પૃથ્વી ઉપરથી જતા સંકેત કે સંદેશા ઝીલી વિવર્ધિત કરીને એટલે કે વધારીને અન્ય સ્થળે પહોંચાડે છે. આને કારણે ટેલિવિઝનની ચેનલોની સંખ્યા ૯૦ સુધી પહોંચી શકશે. આ બધી સિદ્ધિઓ લોકપ્રિય ત્યારે જ બની શકે જ્યારે અદના માણસને તે આર્થિક રીતે પરવડે. આ બધું જન-સમુદાયને પોસાય તો જરૂરી લાભ થાય. અને તે ત્યારે જ શક્ય બને જ્યારે આ બધી યોજનાઓ ઉપર ભ્રષ્ટ રાજકારણીઓનો ઓછાયો ન પડે.

વિશાળ કદના અવકાશયાન એરિયાને ૨૨ મિનિટ બાદ ઇન્સાત-૩ અને ૪ને ભ્રમણકક્ષમાં મૂક્યું તે પછી પાંચ મિનિટમાં ઇન્સેટ 2Dને ભૂસ્થિર પરિવર્તનીય ભ્રમણકક્ષામાં ગોઠવવામાં આવ્યો. ઇન્સેટ 2Dને અંતરિક્ષમાં મૂક્યા પછી માત્ર બે મિનિટને અંતે કર્ણાટકના હસન ખાતેના ઇન્સેટ માસ્ટર કંટ્રોલ ફેસિલિટિ મથકને ટેલિમેટ્રી સંકેતો પ્રાપ્ત થયા. તે ઉપરથી જાણી શકાયું છે કે ઉપગ્રહ ઇન્સેટ 2Dનું સ્વાસ્થ્ય બરાબર છે. ત્યારબાદ ઉપગ્રહની દક્ષિણ બાજુની સૌર પાંખ પાસેની પેનલને સૂર્ય તરફ વાળવામાં આવી હતી. આ પેનલ અંતરિક્ષ પરિવર્તન તબક્કા દરમ્યાન ઉપગ્રહ માટે જરૂરી વિદ્યુત (૨૦૦૦ વૉટ)નું ઉત્પાદન કરી આપશે.

ઇન્સેટ 2Dના હાર્દ સમા ભાગ - ટ્રાન્સપોન્ડર (અથવા પેલોડ) - ની રચના વિકાસ અને ચકાસણી અમદાવાદના અંતરિક્ષ ઉપયોગ કેન્દ્ર (સ્પેસ એપ્લિકેશન સેન્ટર) ખાતે કરવામાં આવી હતી. આમ તો ઇન્સેટ 2D એ ઇન્સેટ 2Cની અલ્પાંશે સુધારેલી-વધારેલી આવૃત્તિ છે. આ ઉપગ્રહનો ઉપયોગ દૂરદર્શન, રાષ્ટ્રિય માહિતી કેન્દ્ર (NIC), દૂર-સંચારણ વિભાગ, નેશનલ થર્મલ પાવર કોર્પોરેશન (NTPC), ગૅસ ઑથોરિટી ઑફ ઇન્ડિયા લિમિટેડ (GAIL), નેશનલ પાવર કોર્પોરેશન (NPC), ભારતીય-પ્રાદ્યોગિક સંસ્થા (ITI), તેલ અને કુદરતી વાયુ આયોગ (ONGC), રાષ્ટ્રિય સ્ટોક એક્ષચેન્જ જેવી સંસ્થાઓ કરશે. આવતા જુલાઈમાં આ ઉપગ્રહને ભૂસ્થિર કક્ષામાં તેના સ્થાપનની જગાએ (પાર્કિંગ સ્લૉટ)માં ગોઠવવામાં આવશે. ત્યારબાદ તે કાર્યરત થશે અને બધું હેમખેમ પાર ઊતરે તો આ ઉપગ્રહ ૧૦ વર્ષ સુધી સેવા આપશે.

ઇન્સેટ 2Dમાં રાખેલ ટ્રાન્સપોન્ડર ઉપગ્રહની ગતિને કારણે હંમેશાં ગતિશીલ રહેવાનું. આવા ગતિશીલ ઉપગ્રહની મદદથી દૂરસંચારણ વિભાગને ગતિશીલ ટેલિફોન સેવાઓ ઉપલબ્ધ થશે. એટલે કે ઇન્સેટ 2D અને ઇન્સેટ 2Cમાં સ્થાપિત કરેલી સુવિધાઓ જમીન ઉપરના કોઈ એક સ્થળ ઉપરથી આવતા રેડિયો તરંગો ઝીલીને જમીન ઉપર પાછા અન્ય સ્થળે મોકલી આપશે. યુ.એસ.ની કંપની કૉમ્સેટના સહયોગથી સી.ડૉટે (C-DOT - Centre for Development of Telecommunication) તૈયાર કરેલ હાથમાં રાખી શકે તેવા તંત્રનો ઉપયોગ નૌકાઓ, ગાંડીઓ અને ગતિશીલ વાહનોમાં રાખીને કરી શકાશે.

(અનુસંધાન પૃ. ૩૭૪ ઉપર)

ઇતિહાસ માનવજીવન સાથે અજીબોગરીબ ખેલ ખેલે છે. ઈસુની ૧૯મી સદીમાં, વિશેષે ઉત્તરાર્ધમાં ૧૮૫૦ પછી ભારતમાં જીવનના પ્રત્યેક ક્ષેત્રે મહામનાઓ ઉપરાછાપરી પાક્યા છે. સૌરાષ્ટ્રના ખૂણે મોરબી પાસેના ટંકારા નામે ગામડામાં ૧૮૨૪માં જન્મેલ મૂળશંકર નામે બ્રાહ્મણનો એક અલ્લડ, તોફાની દીકરો, કોને ખબર હતી કે ૧૮૫૦ પછી તે સ્વામી દયાનંદ સરસ્વતી બની આર્યત્વના પ્રથમ ગુજરાતી અલમ-

જ્યોતિર્ધર કનૈયાલાલ મુનશી (૧)



જયન્તીલાલ મહેતા

બરદાર બનશે અને આ લેખમાળાના નાયક કનૈયાલાલ માણેલાલ મુનશી જેવા અનેક સ્વપ્નદ્રષ્ટાઓના પથપ્રદર્શક બની આજીવન આર્યત્વનાં પ્રેરણાજળ પાતાં રહેશે! તેમની જ હયાતી દરમ્યાન કાઠિયાવાડના બીજા ખૂણે પોરબંદરમાં એક વિશ્વવંદ્ય વિભૂતિ ૧૮૬૯માં જન્મે છે – વણિકપુત્ર મોહનદાસ કરમચંદ ગાંધી ઉર્ફે મહાત્મા ગાંધી. તેમણે ભારતનાં લાખો મુરદાંઓમાંથી માણસ સરજ્યાં અને અણિશુદ્ધ આચરણથી 'મહાત્મા' નામ સાર્થક કર્યું અને આ અદ્દ્ભુત આદમીએ તો ગુજરાતી સાહિત્ય, સંસ્કૃતિ અને રાજકારણમાં સરદાર વલ્લભભાઈ પટેલ (૧૮૭૭), કનૈયાલાલ મુનશી (૧૮૮૭), ઝવેરચંદ મેઘાણી (૧૮૯૬) જેવા વિરલાઓને વીણી વાણીને આર્યત્વના, ગુજરાતની અસ્મિતાના મશાલધારીઓ બનાવ્યા. ૧૯૯૬માં 'મૂઠી ઊંચેરો માનવી' લખી અમે મેઘાણીને પુનર્જીવિત કરવાનો પ્રયાસ કર્યો તો ૧૯૯૭માં તેમના પુરોગામી મુનશીજીને યથાશક્તિમતિ અંજલિ આપવાનો આ પ્રયાસ આદરીએ છીએ.

આજથી લગભગ એકસો દસ વર્ષો પૂર્વે મુનશીજીના જન્મ સમયે દેશકાળ કેવાં હતાં તેનું રંગીન ચિત્રાલેખના મુનશીજીએ પોતાની આત્મકથાત્રયીના પ્રથમ પુસ્તક 'અડધે રસ્તે'માં 'ટેકરાના મુનશીઓ' નામના પ્રકરણમાં સરસ ચીતર્યું છે : 'ખરું જોતાં ટેકરો એક નાનકડી શેરી છે. એમાં એક તરફ ચાર મકાન છે, બીજી તરફ ત્રણ છે. વચ્ચે એક કૂવો છે. એ ટેકરો છે તે પણ એકદમ સમજાય તેમ નથી; કારણ આગળના રસ્તાથી એ બહુ ઊંચો નથી. આ રહેઠાણમાંથી છેલ્લાં દોઢસો વર્ષથી મુનશીઓ - જેમ કોઈ ટેકરા પર રહેતા વનચરો ઊતરી આવે તેમ - કમાવા, લડવા, ન્યાત પર રાજ્ય ચલાવવા ઊતરી આવતા. વરાળથી, તારથી, ને ઍરોપ્લેનથી પૃથ્વી સાંકડી થઈ ગઈ નહોતી, પાશ્ચાત્ય વિદ્યાથી બુદ્ધિની ક્ષિતિજ પૃથ્વી ને ગ્રહોની પેલે પાર ચાલી ગઈ નહોતી, કૌટુંબિક ગર્વની 'ગોમતીદાદાના ગૌરવ' જેવી દુષ્ટ ઠેકડી કરનાર મારા જેવા ક્ષીણ અવશેષ હજુ પાક્યા નહોતા, ત્યારે મુનશીનો ટેકરો સૃષ્ટિનું કેન્દ્ર હતો... અમે ભૃગુ ઋષિથી ઊતરી આવ્યા એમ મનાય છે... એક વાર અમે ભરૂચમાં ૧૮,૦૦૦ કુટુંબો હતાં એમ કહેતી છે... એક કુટુંબે ભરૂચ બંદર દોઢસો વર્ષ સુધી હાથમાં પકડી રાખ્યું હતું... આજે તો બધાં મળી ૧૮૦ ઘરો ભાગ્યે હશે. એમાં ઘણાં તો પૈસાની શોધમાં મુંબઈ અને વડોદરા સેવે છે.

ભરૂચમાં રહેનારા ઘણે ભાગે વિદ્યા અને પૈસે ક્ષીણ થઈ ગયા છે. પણ જ્યારે ન્યાત મળે, વરઘોડો નીકળે કે ઉઠમણું હોય ત્યારે સ્વભૂમિ સેવતા અમે, જાણે પરશુરામે આજ સવારે જ નક્ષત્રી કરી હોય એવા તોરથી વર્તીએ છીએ... આ મુનશીગીરીનો ઇતિહાસ નોંધવા જેવો છે...'

અને પછીનાં પૃષ્ઠોમાં મુનશીજી પોતાના ચિત્રવિચિત્ર, બહાદુર અને બેવકૂફ પૂર્વજોનાં તાતાં તમતમતાં રેખાચિત્રો દોરે છે અને આત્મકથાના પાયાના પથ્થરોનો અત્યંત લાઘવથી છતાં સટિક અને સચોટ પરિચય આપી દઈ વાચકને તેમની રસિક, પ્રવાહી શૈલીનો મનભર અનુભવ કરાવી દે છે. કીશનદાસ મુનશી, નરભેરામ મુનશી, અધુભાઈકાકાનાં ચરિત્રચિત્રો પીંછીના બેચાર લસરકાથી જીવંત બનાવતાં રહી મુનશીજી જ્યારે ધીરજલાલ મુનશીને ચીતરે છે ત્યારે મુનશીજીની લેખિનીનો એક મહાગુણ વ્યંગ, કટાક્ષ, ટીખળ, નર્મમર્મ, વિનોદથી વિલસતી સર્જકકળા ખીલે છે : 'ધીરજકાકા જેવો મશ્કરો મેં ગુજરાતમાં જોયો નથી... મારા જન્મ પહેલાં એ ભરૂચના સુપરિન્ટેન્ડન્ટના કારકુન હતા. એક દહાડો ધીરજકાકાથી આપણી જૂની રીત પ્રમાણે, પાટલીનો છેડો ઘૂંટણ ઉપર લેવાઈ ગયો. સાહેબે શિખામણ દીધી.

'ડેખો ઢીરજકાકા! ઐસે ઢોટી લેના બેશર્મ હય. હમારા લોગ ઉસકુ નંગા કહેટા હય.'

'બોત ખૂબ, સાહેબ!' ધીરજકાકાએ નીચા નમી કબૂલાત આપી ને રજા લીધી.

બીજે દહાડે સવારે સાહેબ ડિસ્ટ્રિક્ટમાં જવાને તૈયાર થય

'ઘોડા લાઓ.'

'જી હજૂર' ઘોડાવાળાએ કહ્યું. પણ ઘોડો આવ્યો નહીં.

સાહેબ ઊકળ્યા : 'ડે... ગધ્ધા... સૂવર! ઘોડા લાઓ.'

ઘોડાવાળો ધ્રૂજતો આવ્યો. 'હજૂર! ધીરજકાકા ઉસકી માપણી કર રહે હૈં.'

'માપણી?! ક્યા બકટા હૈ?' અધીરા સાહેબ દોડતા તબેલામાં ગયા. ધીરજકાકા અને બીજો એક માણસ ગજથી ઘોડાનાં અંગો માપી રહ્યા હતા.

'ધીરજકાકા યૂ... ક્યા કરટા હૈ? પાગલ હો ગયા?'

'અરે, ના રે ખુદાવંદ! બરાબર કાળજું ઠેકાણે છે.'

'ટો ક્યા કરટા હૈ?'

'આપનો હુકમ માથા પર ચડાવું છું.' ઠંડે કલેજે ધીરજકાકાએ કહ્યું.

'હુકમ? ક્યા બકટા હૈ?'

'જી, હા, હજૂર આપે કહ્યું હતું ને કે ઘૂંટણ દેખાય એ તો નાગો, બેશર્મ; આ સા... નફ્ફટ, બેશર્મ ઘોડો ઘૂંટણ ઉઘાડા રાખીને ઊભો રહે છે તેથી દરજીને બોલાવી લાવ્યો છું. એને માટે પાટલૂન કરાવવાનું છે.'

સાહેબે પછી શું કર્યું તે કોઈ કહેતું નહિ...''

મુનશીજીએ આત્મકથાનાં ત્રણ બહુમૂલ્ય પૃષ્ઠો આ ધીરજકાકા પાછળ ખર્ચ્યાં છે તે વાંચી સમજાય છે કે મુનશીજીમાં પણ ધીરજકાકાનો વારસો આજીવન અક્ષુણ્ણ જ રહેલો.

પરંતુ મુનશીજીના બહુમુખી પ્રતિભા બહુરંગી હતી. પૃથ્વીને ૨૧ વાર નક્ષત્રી કરનાર મહાપરાક્રમી ભાર્ગવ ભગવાન પરશુરામના પોતે વારસ હતા તે વાત તેમનામાં સદાસર્વદા અંતઃસ્રોતા પેઠે વહેતી રહેલી. એટલે મુનશીજી પોતાના પિતા રાવબહાદુર માણેકલાલ મુનશી વિષે લખે છે ત્યારે તેમના કુળગૌરવનું સ્વાભિમાન સકારણ ઊછળે છે. 'અડધે રસ્તે'માં માણેકલાલ મુનશીના ચરિત્રચિત્રણમાંથી થોડાક અંશો વાંચીએ : 'બાપાજીની ભક્તિ પણ અમને એક તાંતે વીંટી લેતી... બાની પતિભક્તિ સર્જનાત્મક હતી. એના વડે એણે અભેદ્ય. કુટુંબજાળ રચી હતી. અને એ સૃષ્ટિમાં રહ્યા અમે પિતૃભક્તિના પાઠ શીખ્યા. બાપાજી શરીરે જાડા ને ઠીંગણા હતા. એમનો વર્ણ ગોરો ને ગુલાબી હતો. એમના ભરેલા મુખ પર રાજ્યસત્તાનું તેજ હોય તેવું ગૌરવ સદાય રહેતું. એમની આંખ હંમેશાં ડારતી. એમની પાસે આવતાં એમને જોઈને જ ધાક લાગતો. એમના તેજસ્વી શરીરને સ્વચ્છ અને સફાઈબંધ કપડાં હંમેશાં દીપાવતાં. તે જ્યાં જતા ત્યાં પ્રભાવ પાડતા. એમનો સ્વભાવ ઉગ્ર હતો. ક્યારે ને શા કારણથી તે ગુસ્સે થશે તે કળવું મુશ્કેલ હતું. તે ગુસ્સે થાય ત્યારે તેમની આંખોમાંથ અંગારા નીકળતા, તેમનું મોં લાલચોળ થઈ જતું અને એમના ત્રાડથી દીવાલો કાંપી ઊઠતી. જેવા ઉગ્ર હતા તેવા જ હિંમતવાન હતા. તે ઘોડે બેસતા, બંદૂક અને તલવાર વાપરી જાણતા. કામ પડ્યે તે પંદર માઈલ ચાલી શકતા. કેટલાંય વર્ષો સુધી તે માંદા પડ્યા જાણ્યા નથી... એમનું હૃદય કાચ જેવું નિર્મળ હતું. એમનો ક્રોધનો ઊભરો શમતાં વાર લાગતી નહિ. એમનું નિખાલસપણું અવ્યવહારુ હતું... એમનું પ્રામાણિકપણું અણિશુદ્ધ હતું.'

અહીં મુનશીજી એક કિસ્સો ટાંકે છે. માણેકલાલ મુનશીને બ્રિટિશ સરકારે સચીનના નવાબની ઉડાઉગીર અને અવળચંડાઈને નાથવા દીવાન નીમ્યા હતા. 'પહેલી વખત બાપાજી જોડે હું દરબારમાં ગયો ત્યારે નવાબસાહેબ મને એમના અંતઃપુરમાં લઈ ગયા. ત્યાં બેગમસાહેબાએ મને ભાવથી બોલાવ્યો. મારું નામ પૂછ્યું અને મારા હાથમાં એક સુંદર રેશમી રૂમાલમાં બાંધેલી ગીનીની ઢગલી મૂકી. મેં એવો સુંદર રૂમાલ કદી જોયો ન હતો. અને આટલી બધી ગીનીઓને કદી સ્પર્શ્યો ન હતો. હું તો ખુશખુશ થઈ ગયો ને કૂદતો કૂદતો બાપાજી પાસે આવ્યો. એમણે એ બક્ષિસ જોઈ ને એમનાં ભવાં ભેગાં થઈ ગયાં.



→ પિતા

↓ માતા



એમની આંખોમાં આવેલો ક્રોધ જોઈ હું તો થરથર ધ્રૂજતો ઊભો. રૂમાલ ને ગીનીઓ લઈ તે નવાબસાહેબ પાસે ગયા અને તેમને તે પાછાં આપ્યાં.'

'એ જમાનામાં લોકમતનું બળ ન હતું. ને અધિકારી તો રાજા સમાન ગણાતા. ગેરવાજબી લાભ લેવાની તકો તો એમને ઘણી સાંપડી હતી. એમનો સ્વભાવ ખરચાળ હોવાથી પૈસા પણ ઝાઝા નહોતા બચાવ્યા. છતાં કોઈ વખત એમનું મન વિચારમાં પણ ચળ્યું હોય એમ મેં જાણ્યું નથી. તે હંમેશાં એમનું જૂનું સૂત્ર ફરીને કહેતાં : 'ચાર હાથનો ધણી આપશે તો બે હાથ લેવા માટે ઓછા પડશે, ને એ ધણી લઈ લેશે તો બે હાથે કેટલું સાચવી શકશું?'

''બાપાજી અને બાનું દામ્પત્યજીવન આદર્શ હતું. એ બેના જેવો વિશ્વાસભર્યો ને સ્નેહાળ સંબંધ તે જમાનાનાં પતિ-પત્નીમાં મેં જોયો નથી.''

માણેકલાલ મુનશી પોતાના ગરવા સ્વભાવની કેટલીક લાક્ષણિકતાઓ એકના એક પુત્ર મુનશીજીને વારસામાં આપતા ગયા. પણ મુનશીજીના ચણતર અને ઘડતરમાં તેથીયે વધુ મોટો ફાળો હતો તેમનાં માતા તાપીબહેન મુનશી ઉર્ફે જીજીમાનો. કારણ માણેકલાલ મુનશી તો મે ૧૯૦૩ના રોજ જ્યારે મુનશીજીની ઉંમર માત્ર ૧૬ વર્ષની હતી ત્યારે જ અચાનક અત્યંત ટૂંકી માંદગીમાં મૃત્યુ પામેલ. 'અડધે રસ્તે'માં આ દુઃખદ પ્રસંગને મુનશીજીએ આમ વર્ણવ્યો છે : '૧૯૦૩ના મે માસની પહેલી તારીખે રાત્રે એપ્રિલ મહિનાનો હિસાબ કરવા બાપાજી ને બા બેઠાં અને શિરસ્તા મુજબ મહિનાની કોથળીમાં વાપરતાં જે કાંઈ રહ્યું તે મારી કોથળીમાં નાખ્યું. પછી અમે બધાં સૂતાં.

'મધરાત પછી બાપાજીના હૃદયમાં સખત વેદના થઈ આવી. દોડાદોડ થઈ, ડૉક્ટરો આવ્યા ને એમને નીચે ઉતાર્યા. પછી સાત દહાડા સુધી એમની તબિયત સુધરતી ચાલી... આઠમી મેની રાત હતી. વૈશાખ સુદિ ૧૩ સંવત ૧૯૫૯ની. બાપાજી આરામખુરશી પર બેઠા હતા. હું પાસે ઊભો હતો. બા ખાવાનું લઈને આવતી હતી. બાપાજીએ અચાનક અકળામણથી ઓ-ઓ-ઓની બૂમ મારી. હું એમનો હાથ પકડવા દોડ્યો. બા ખાવાનું ભોંય પર મૂકી દોડતી આવી ને ચીસ પાડી. બાપુજીએ ખુરશી પર માથું નાખી દીધું. ફોઈબા ને બીજાં બધાં દોડી આવ્યાં. રડારોળ થઈ રહી. બધાં બાપાજીની ખેંચાખેંચ કરવા લાગ્યાં અને અબોટ દઈ એમને ભોંયે સુવાડ્યા. કોઈએ ઘડો લાવી એમના પર ઢોળ્યો. 'શ્રી રામ, શ્રી રામ'ની બૂમો ચારે તરફ સંભળાઈ... બા આક્રંદભેર માથું કૂટતી હતી ને હું બેબાકળો મૂઢ જેવો જોઈ રહ્યો હતો... એકદમ મારા માથા પરનું છત્ર ઊડી ગયું. પૈસા ને મોભીથી સુરક્ષિત અમારું જીવન ગરીબ ને નિર્જીવ બન્યું. બે નિરાધાર ભાણેજોને ઉછેરવા અને ઠેકાણે પાડવાનો ભાર માથે આવ્યો. બા હવે એકલી હતી. એટલે તેને આશ્વાસન આપવું કર્તવ્ય હતું. આ બધી જોખમદારીને અંગે ભણવાનું છોડી દઈ નોકરી લઈ લેવાનો મેં સંકલ્પ કર્યો. સજળ નયનો સાથે બા લોકાચાર પ્રમાણે ધર્મક્રિયા ને લોક જમાડવાની તૈયારી કરતી અને અમને આશ્વાસન આપતી અને બપોરે જ્યારે કોઈ ન હોય ત્યારે હિસાબનાં દફતરોનાં કબાટ ખોલીને તેમાં કંઈ ગોઠવ્યા કરતી અને હિસાબ લખ્યા કરતી... લખ્યા કરવું એ પણ એક પ્રકારનું ધ્યાન છે. એ પહેલું હું બા પાસેથી શીખ્યો અને પછી જાતે અનુભવ્યું. મારી યોજના મેં એને કહી સંભળાવી : હાંડી, તકતા વેચી દઈએ, હું કૉલેજ છોડી નોકરી લઉં ને ગમે તેમ કરી દુઃખના દહાડા કાઢીએ. બા મને ભેટી પડી. અને આંખમાંથી આંસુની સરિતા વહી જતી હતી. 'કનુ, ગભરાતો નહીં. હાંડી તકતાયે નથી વેચવાં ને ભણવાનુંય નથી છોડવું. હું બેઠી છું ને?' વિધિની અવકૃપા સામે એકલે હાથે લડવાને તે તૈયાર હતી.''

બસ, આજની ઘડી ને કાલનો દી. તાપીબહેન મુનશી કનૈયાલાલ મુનશીનાં તે ઘડીથી માતા અને પિતા બંને બની રહ્યાં. 'અડધે રસ્તે' બોલે છે : 'સંવત ૧૯૧૧ ઈ.સ. ૧૮૫૫ની શ્રાવણ સુદ સાતમે કેસરને છોકરી આવી. શરીરે ભરેલી, માના જેવી ગોરી, નાક તીણું, આંખો બાપના જેવી. તેનું નામ તાપી રાખ્યું. તાપી સાડાચાર મહિનાની થઈ ને મા મરી ગઈ... કેસરના જેઠે તાપીને માટે એક ધાવ રાખી. તાપી બે વર્ષની થઈ, ધાવને રજા આપી અને તે ખાતાં શીખી ને થોડું ચાલતાં આવડ્યું, તેમ થોડું બોલતાં પણ આવડ્યું... તાપી છ વર્ષની થઈ ત્યારે તેના વિવાહનો પ્રશ્ન રૂપબાઈને (નાનીને) મૂંઝવી રહ્યો... ૧૮૬૦માં નવ વર્ષના માણેકલાલને જનોઈ દેવાયું ત્યારે પાછળ ઘોડી પર છ વર્ષની તાપીવહુને પણ લઈ આવ્યા.

તાપીબાઈએ ઈ.સ. ૧૮૯૭ના અરસામાં લખેલ આત્મકથામાંથી ઉપરના ફકરા લીધા છે. આ કૃતિ જો કે અશુદ્ધ ભાષામાં લખાયેલી છે તો પણ સામાજિક દૃષ્ટિએ એને જોતા એ જૂના જમાનાનું આબેહૂબ ચિત્ર આપે છે...''

કેવા વિચિત્ર અને વિરોધાભાસી રીતરિવાજોથી પીડાતો, દુણાતો એ જમાનો હતો?! બ્રાહ્મણપુત્રને યજ્ઞોપવીત અપાય એટલે કે ઋષિકુળમાં અભ્યાસાર્થે મોકલવાની વિધિ ઉજવાય ત્યારે પ્રથમ પાઠ ભણે ત્યાં સુધી એને નૈષ્ઠિક બ્રહ્મચર્ય પાળવાનું હોય. તેને બદલે નવ વર્ષના માણેકલાલને યજ્ઞોપવીત અપાણું ત્યારે છ વર્ષની તાપીબાઈ સાથે તેનાં લગ્ન થઈ ગયાં હતાં. સંસાર અલબત્ત અઢારવીસ વર્ષે મંડાતો. પણ નૈષ્ઠિક બ્રહ્મચર્યની પવિત્ર ભાવનાની તો ક્રૂર ઠેકડી જ ઉડાવાતી. હિંદુ જીવનમાં હાડોહાડ દંભ વ્યાપી ગયેલ. આવા કુરિવાજનો ભોગ મુનશીજી

પણ બનેલ. 'અડધે રસ્તે'માં લખે છે : 'હું તેર વર્ષનો હતો (ઈ.સ. ૧૯૦૦માં)ને મેટ્રિકમાં આવ્યો હતો. મારી થનાર પત્ની નવ વર્ષની હતી, પણ પાંચ વર્ષની દેખાતી હતી. મને પરણવાનું ગમ્યું નહીં. એક તો મને એવો ખ્યાલ હતો કે મેં એક બાલસખીને પરણવાનો નિશ્ચય કર્યો હતો. બીજું મારી થનાર પત્ની ઉંમરે અને કાઠે ઘણી નાની હતી. પણ બેમાંથી એકેય કારણ કોઈને કહેવાય એવું નહોતું અને બાપાજીની ઇચ્છાને હું સદાય માન આપતો. મારી ભાવિ પત્ની પાનેતરમાં ઓઢીપોઢીને મારી સામે આવીને બેઠી. શુભ લગ્ન સાવધાન બોલાયું અને અમારો હસ્તમેળાપ થયો. બાના જીવનમાં આ સમય ખરેખર સુખનો હતો. બે વિધવા મોટી દીકરીઓ પણ પોતાની વિપત્તિ વિસારે પાડવા લાગી હતી. તેમનાં છોકરાં પણ બાને હાથે જ ઊછરતાં. ત્રીજી છોકરી સાસરે સુખી હતી. પાછળનો છોકરો હવે પરણી ગયો. એટલે બાને રાજા જેવા પતિ જોડે પગ વાળીને બેસવાનો લહાવો મળ્યો... આ વખતે હું બાની નિકટ આવ્યો... રાતે જમીને બાપાજી ઉપર જાય. પછી વાસણ મંજાતાં જાય ને ઢાંકાઢૂંકી પતી જાય ત્યારે દિવસના મારા અનુભવો હું કહું ને બા ને બહેનો એ સાંભળે. ભૂમિતિના સિદ્ધાંતો, આઠમા હેન્રીની સ્ત્રીઓ, આફ્રિકાની નદીઓ વગેરે નવા જાણેલા વિષયની હું તેમને વાતો કરતો. બામાં અપૂર્વ શ્રોતાની કલા હતી. મંદ હસીને સવાલ પૂછે, જવાબ દેવાતા મારા પ્રયત્નોને અધીરાઈ વગર પોષે; હું જે કહું તે સહૃદયતાથી સમજવાનો પ્રયત્ન કરે. રામાયણ અને મહાભારતની કથાઓ એને મોઢે હતી. એટલે ઘણી વાર એમાંનો પ્રસ્તુત પ્રસંગ બા કહી સંભળાવતી અને કોઈ વાર મોઢે રાખેલા આખ્યાનમાંથી બે ટૂંક બોલતી... અમારા જીવતા જાગતા પ્રપિતામહ ચંદ્રશેખર મહાદેવની ભક્તિ એ અમારી વાતચીતનો અખૂટ વિષય હતો... મારી જાતે રુદ્રી કરી શકાય. એ માટે હું દલપતરામ પાસે સ્વર સાથે પુરુષસૂક્ત શીખ્યો... અમારા ચંદ્રશેખરનું બાણ પૂનમે ગૌરવર્ણ થાય છે અને અમાવસ્યાએ શ્યામ બને છે; એ કુટુંબની કહેતી ખરી છે કે નહીં તે તપાસવા અમે નાહી, પૂજા કરી અનેક વાર પ્રયત્ન કર્યો હતો અને કહેતી ખરી છે એમ અમને ખાતરી થઈ હતી... હું શિવકવચ ભણતો, રુદ્રી કરતો, મહાદેવજી આગળ હૃદય ખોલતો. 'જય સોમનાથ'ની નાયિકા ચૌલાની શિવભક્તિનાં બીજ મારા સંસ્કારોમાં હશે. શ્રદ્ધા ને અશ્રદ્ધાની ઘણીખરી શ્રેણીઓમાંથી હું પસાર થયો છું. એટલે આજે મને સ્પષ્ટ લાગે છે કે આવી કોઈ જીવતી સામુદાયિક ભક્તિ વિના કુટુંબીજનોની ઊર્મિઓનું સંસ્કરણ ને તેમનાં વ્યક્તિત્વનો પરસ્પરાવલંબી વિકાસ શક્ય નથી.'

"આ સંસારમાં કંઈક અંશે સમૃદ્ધ થયેલી 'વાંકાનેર કંપની' દર વર્ષે રૂની મોસમમાં ભરૂચ આવવા લાગી. એ ત્રણ મહિનામાં પૈસાની રેલમછેલ હોય. તે વખતનાં નાટકો રાતના સાડા નવે શરૂ થઈ સવારે પાંચ વાગે પૂરાં થતાં. દર વર્ષે ત્રણ સુધી વાંકાનેરના બાળનટોના પરિચયમાં હું રહ્યો. એક વર્ષે વાંકાનેર કંપનીનું નવું નાટક 'જગતસિંહ' પડ્યું. બંગીય નવલકથાકાર બંકિમચંદ્ર ચટ્ટોપાધ્યાયની સુવિખ્યાત કૃતિ 'દુર્ગેશનંદિની' પરથી તે ઉપજાવી કાઢ્યું હતું. એમાં તલવારની પટાબાજીનો પાર નહોતો. દરબારોનો ઠાઠ ઠેકઠેકાણે આવતો, કંચનીઓનો નાચ પણ હતો. ગરબો પણ હતો; અને સાથે વિદૂષક ને તેની સ્ત્રીનાં ટાયલાં પણ હતાં. થોડાં વર્ષો સુધી એ નાટકે પ્રજાને મુગ્ધ કરી હતી. મુંબઈમાં પણ 'જગતસિંહે' ઘણી કીર્તિ મેળવી હતી. એ નાટક મેં કેટલીયે વાર જોયું હશે, એક એક સંવાદ અને ગાયન મારે મોઢે થઈ ગયાં હતાં. હું આખો દહાડો એનાં ગાયનો ગાયા કરતો ને રાત્રે ઊંઘમાં એના સ્વપ્નાં જોતો.'

"...ચાલીસેક વરસ બાદ પંચગીનીમાં મારા મિત્ર ડૉ. કુંવરજી નાયક જોડે બેસી પંચગીનીમાં ભૂતકાળનો સ્મરણભંડાર ખોલ્યો ત્યારે અમને બન્નેને ખાતરી થઈ કે એ ગાયનો અમારી જીભ પરથી ઊતર્યાં નહોતાં... 'જગતસિંહ'ની નાયિકાનો પાઠ વલ્લભ નામનો એક આઠનવ વર્ષનો છોકરો કરતો. એનો કંઠ સુમધુર હતો :

મુજ પરમ પિતા! ચિત ધરજો રે વિનતિ મારી.
જગત વિના નહિ ઇચ્છું જગતમાં
જગત છે ભરથાર રે.
જગતમહીં હું જન્મી જગતમાં
જગતસિંહ ભરથાર રે...

ત્યારે મારા નાનકડા હૈયામાંથી નિઃશ્વાસ નીકળતો. હું વિલાયતમાં જન્મ્યો હોત ને વલ્લભ વિલાયતી નહીં હોત તો હું રોજ હાથમાં કલગી લઈ નાટકશાળાને પાછલે બારણે હાજર થઈ જાત..."

આ 'વિલાયતમાં જન્મ્યો હોત'ની કલ્પના મુનશીજીને તેના સૌથી જિગરજાન લેખક ઍલેક્ઝાંડર દુમા સાથેની આજીવન ટકેલી પ્રીતિમાંથી ઉદ્ભવી હશે? 'અડધે રસ્તે' બોલે છે : 'પછી તો દર વર્ષે બે વર્ષે હું દુમાની કથાઓ ફરી ફરી વાંચતો, ને મારા કુટુંબીજનોને ફરી ફરીને કહેતો... દુમાની સૃષ્ટિ મારી જ થઈ ગઈ... દુમા મારે મન એક નવલકથાકાર માત્ર નથી. મારી કલ્પનાસૃષ્ટિનો વિધાતા છે. એનું ઋણ મેં કદી નાકબૂલ કર્યું નથી. મેં દુમાની કથાઓનો અનુવાદ કર્યો, એની કલાનું અનુકરણ કર્યું, એવી ટીકાઓ મારા પર થઈ છે અને એ ટીકાઓમાં રહેલું સત્ય મેં સદા સ્વીકાર્યું છે. કથા લખવાની કલામાં દુમા મારો ગુરુ છે... વસ્તુની રસિકતા, સુગ્રથિતતા કે વિવિધતાનું ધોરણ લઈએ. પાત્રોનું વૈવિધ્ય ને જીવંતતાને કલાનું અંગ ગણીએ; વાર્તાલાપની

છટા, સચોટતા ને નાટ્યાનુરૂપતાને સાહિત્યનું મુખ્ય તત્ત્વ માનીએ; પ્રસંગોની ગૂંથણી તે અદ્ભુતતા નવલકથાનો પ્રાણ માનીએ; તો દુમાની કલા કોઈ પણ સાહિત્યસ્વામીની કલાથી ઊતરતી નથી. અસ્ખલિત રસ પેદા કરવાની શક્તિ - જે કથાનો આત્મા છે - તેનું ધોરણ લઈએ તો જગતસાહિત્યમાં કથા-સમ્રાટનો તાજ દુમાને જ પહેરાવવો પડે અને આવા સાહિત્યસ્વામીની કલાની પરમ જ્યોતિમાંથી મેં મારો ઘરદીવડો ચેતાવી ગુજરાતના સાહિત્યમાં જરાક પણ પ્રકાશ પાડ્યો છે એમ કોઈ માને તો હું મારું કર્યું સાર્થક માનીશ.'

લગભગ અર્ધી સદી પછી મુનશીજી જ્યારે ગુજરાતના સૌથી લોકપ્રિય અને શ્રેષ્ઠ નવલકથાકાર તરીકે પ્રતિષ્ઠા ભોગવતા હતા ત્યારે ૧૯૪૩માં તેમણે ઉપરોક્ત શબ્દો લખ્યા છે. તેમાંથી તેમની નિર્ભીક નિખાલસતા અને પારદર્શક પ્રામાણિકતા પ્રગટ થાય છે. આવી વૃત્તિ કેટલાં ગુજરાતી સાહિત્ય-ધુરંધરોએ દર્શાવી છે?

'અડધે રસ્તે'માં મુનશીજીએ મૅટ્રિક સુધીના નિશાળોના અભ્યાસકાળ દરમ્યાન જેમના હાથ નીચે ભણવાનું થયું તેવા માસ્તરોની ખાસિયતો અને વિચિત્રતાઓના નાનકડા પ્રસંગો વર્ણવી તે સહુને પોતાની કલમ દ્વારા ગુરુદક્ષિણા આપી છે. રાવસાહેબ માણેકલાલ મુનશીની બદલી થતી રહેતી અને મુનશીજીને ગામગામની નિશાળોની પાટલીઓ ભાંગવાનું ભાગ્ય સાંપડતું. ધંધુકાના હેડમાસ્તર, ગાંધીમાસ્તર, રાયજીમાસ્તર, બાદશાહમાસ્તર, સપ્રેમાસ્તર વગેરેનાં આ રેખાચિત્રો માણવા લાયક છે. તેમાંથી એક કિસ્સો, જે એમના આજીવન ટકી રહેલા નાટક જોવા-લખવા-ભજવવાના શોખને ઉજાગર કરતો છે : ''એ જ વખતમાં અમારી નિશાળમાં 'મર્ચંટ ઑફ વેનિસ'માંનો કોર્ટ-પ્રવેશ ભજવવાનો હતો. મારું મગજ રંગભૂમિમાં રમ્યા કરતું હતું. તેમાં મારે માથે ડ્યૂકનો પાર્ટ ભજવવાનું આવ્યું. સાડાત્રણ વેંતનો સુકલકડી ડ્યૂક કેડ પર હાથ દઈ સ્થૂલદેહી પિતાનું અનુકરણ કરતો ટેબલની સામે ઊભો. ડ્યૂકથી બે વેંત ઊંચી પોર્શિયા ચાંદીનો કંદોરો ને લીલી ટોપી પહેરી મોટે અવાજે 'ક્વૉલિટી ઑફ મર્સી'ની બૂમ મારવા લાગી. અને એક જાડો એન્ટોનિયો શાયલોકને આપવાના માંસનું પ્રદર્શન કરવા લાગ્યો. મેલું ધોતિયું ને ફાટેલો કોટ પહેરેલો શાયલોક હાથમાં લોખંડનાં ત્રાજવાં લઈ 'અ ડેનિયલ કેઈમ ટુ જજમેન્ટ' વગર સમજ્યે બરાડવા લાગ્યો.''

ઈ.સ. ૧૯૦૦માં શેક્સ્પીઅરનાં નાટકોમાંથી પ્રવેશો જેટલી ઉત્સુકતાથી નિશાળોમાં ભજવાતા તેટલી જ ઉત્સુકતાપૂર્વક ૧૯૩૫માં મેં પણ પાલીતાણાના બાપુની કચેરીમાં પોર્શિયા બની : 'હેવ મર્સી, ઓ... હેવ ઓન...' ઉચ્ચાર્યા છે તે યાદ આવતાં અનુભવાય છે કે કિશોરકાળમાં જોયેલ-ભજવેલ નાટકોની મોહિની સંવેદનશીલ સર્જકને આજીવન અદ્ભુત રસનો આનંદ આપ્યા કરે છે અને મુનશીજીના ઉદ્ગાર, 'શબ્દો વાક્યો અને પાત્રો અમારા હૈયામાં નવી ઊર્મિઓ ઉઠાડત રહ્યા. સ્વપ્નમાં ધંધુકાના બજાર જેવું રિયાલ્ટો આવતું.' સજીવન લાગે છે. (ક્રમશઃ)

અનુસંધાન] **વ્યોમવિહારીનો અંત** [પૃ. ૩૬૪થી

કરી હું ચાલી નીકળ્યો, અને ભળભાંખળું થતાં જ એક ટેકરી પરથી હવામાં કૂદી પડ્યો અને હું ખરેખર ઊડવા માંડ્યો. મારી પત્નીને તો આનો કશો ખ્યાલ જ નથી.'

'એટલું વધુ સારું છે, ચાલ મારી સાથે...'

આકાશમાં સૂરજ ત્યાં સુધીમાં માથે આવી ગયો હતો. ઘાસની સુગંધ નાકને ભરી રહી હતી. શહેનશાહ, નોકર અને આકાશમાં ઊડનારો ચાલતા ચાલતા વિશાળ ઉદ્યાન વચ્ચે થોભ્યા અને શહેનશાહે તાળી પાડી પહેરેદારોને બોલાવ્યા.

પહેરેદારો દોડતા આવી પહોંચ્યા.

'ગિરફતાર કરી લો આ આદમીને.'

પહેરેદારોએ આકાશમાં ઊડનાર જણને ગિરફતાર કર્યો.

'જલ્લાદને બોલાવો.' શહેનશાહે ફરમાવ્યું.

'આ શું?' ઊડનારો રાડ પાડી ઊઠ્યો. 'મેં શું કર્યું છે?' કહેતાં રડી ઊઠ્યો.

'આ એ આદમી છે જેણે ઊડતું યંત્ર બનાવ્યું છે અને પછી આપણને પૂછે છે કે તેણે શું કર્યું છે? એને પોતાને જ એની કશી ગતાગમ નથી. પોતે શા માટે આ યંત્ર બનાવ્યું છે, એ મારફત શું થઈ શકે તેમ છે તે જાણ્યા વિના જ તેણે એ બનાવી કાઢ્યું.'

જલ્લાદ રૂપાની ધારદાર કુહાડી સાથે દોડતો આવ્યો, એનો માંસલ દેહ ફરમાનના અમલ માટે પૂરો તૈયાર હતો.

'નામદાર, મેં સૃષ્ટિસૌન્દર્યનું આકંઠ પાન કરવા માટે...'

'મને તારા વ્યોમવિહાર બદલ તારી સામે કશો જ વાંધો નથી, પણ બીજા માટે એમ કહી શકાય નહિ.'

'બીજું કોણ?'

'કોઈ પણ, જે તારું યંત્ર જોઈને એવું જ બીજું યંત્ર બનાવી કાઢે અને સૃષ્ટિસૌંદર્યનું પાન કરવાને બદલે ઉપરથી વિનાશ વરસાવે. એવો કોઈ નહીં નીકળવાની ખાતરી કોણ આપે તેમ છે?'

કોઈએ એક શબ્દ પણ ન ઉચ્ચારતાં શહેનશાહે કહ્યું, 'એનું ડોકું ઉડાવી દઈને એને અને એના યંત્રને સળગાવી દઈ તેની રાખને દફનાવી દો.'

અને આ ફરમાન સાથે શહેનશાહ યુઆન પોતાના મહેલમાં પાછો ફર્યા. □

અલંગનો જહાજ ભાંગવાનો ઉદ્યોગ

• શિવપ્રસાદ રાજગોર



અલંગ દુનિયાનો સૌથી મોટો જહાજ ભાંગવાનો વાડો ધરાવે છે. સામાન્ય રીતે પંદર-વીસ વરસે કોઈ પણ જહાજ જૂનું-પુરાણું થઈ જાય છે. પશ્ચિમના દેશો વહાણો અને સ્ટીમર માટે ઓકનું લાકડું વાપરતાં હોય છે, જ્યારે ભારતમાં સાગનું અને ?ાદડનું લાકડું વપરાય છે. આ જહાજો પચાસથી સાઠ વરસ સુધી ટકતાં હોય છે. એવા પણ દાખલા છે કે ભાવનગરમાં બંધાયેલ એક જહાજ ૮૫ વરસ અને વાડિયાનું એક જહાજ ૧૫૦ વરસથી હાલ પોર્ટસ્મથ ખાતે સાગના જહાજના ઉત્તમ નમૂના તરીકે સચવાયું છે. યુરોપ-અમેરિકામાં આવા ભંગાર બની ગયેલાં જહાજોના સમારકામનો ખર્ચ ખૂબ આવતો હોય છે. તેથી તેનો ઉપયોગ ચાલુ રાખવાનું ખર્ચાળ બની જાય છે. આવાં જહાજો ભાંગવાથી રીરોલિંગ કરી શકાય તેવો સ્ટીલનો ભંગાર તથા અન્ય વસ્તુઓ મળે છે. ભંગારની પરદેશથી આયાત કરતાં પણ જહાજો ભાંગવા માટે ખરીદવાનું આર્થિક રીતે વધુ ફાયદાકારક છે.

ભારતમાં જહાજ ભાંગવાનો ઉદ્યોગ :

જહાજ ભાંગવાનો ઉદ્યોગ જાપાન, તૈવાન અને દક્ષિણ કોરિયામાં સારી રીતે ચાલે છે. ભારતમાં આ ઉદ્યોગની શરૂઆત ૧૯૭૦માં થઈ હતી. આ ઉદ્યોગનું કેન્દ્ર ભારતમાં મુંબઈ છે.

ઉદ્યોગ શરૂઆતમાં ડગુમગુ સ્થિતિમાં હતો. ૧૯૭૩માં ભારતમાં ૨૬,૦૦૦ ટનનાં જહાજો ભાંગવામાં આવ્યાં હતાં. પાંચ વરસ બાદ ૧૯૭૮માં ૮૨,૦૦૦ ટનના અને ૧૯૮૧-૮૨માં ૧.૨૮ લાખ ટનનાં જહાજો ભંગાયાં હતાં. ૧૯૭૮-૮૦ દરમ્યાન સમગ્ર જગતમાં એક હજાર જહાજો ભાંગવા માટે મળી શકે તેમ હતાં; પણ હૂંડિયામણની ભારતની સ્થિતિ વિકટ હતી. આથી આ ગાળા દરમ્યાન ભારતમાં માત્ર ચાર જ વિદેશી જહાજો ભંગાયાં હતાં. આ જહાજો આયાત કરવાનો પરવાનો પણ એ જ શરતે કાઢી આપવામાં આવ્યો હતો કે જહાજો ભાંગવાથી મળતો તમામ ભંગાર પરદેશ નિકાસ કરવામાં આવે. આથી વધારે જહાજો ભારત આયાત કરી શકાય તેમ ન હતું. ૧૯૮૩માં જાપાન અને તૈવાને ૫૫૦ જહાજો ભાંગ્યાં હતાં, ત્યારે ૧૯૮૩માં ભારતમાં માત્ર ૨૫ જેટલાં જહાજો ભાંગવામાં આવ્યાં હતાં. આ કાળે ૧૧૨ લાખ ટનનાં જૂનાં જહાજો ભાંગવા માટે ઉપલબ્ધ હતાં. પરદેશથી થતી જહાજોની આયાત લક્ષમાં ન લઈએ તો પણ ભારતનાં પોતાનાં ચાર લાખ ટનનાં જહાજો ભાંગવા માટે ઉપલબ્ધ હતાં. આ વખતે 'મેટલ સ્ક્રેપ ટ્રેડિંગ કૉર્પોરેશન'ના ચોપડે ભંગારના ઉદ્યોગમાં પડેલી એંશી કંપનીઓ નોંધાયેલી હતી, પણ ભાગ્યે જ કોઈ કંપનીએ વહાણ ભાંગવાના ઉદ્યોગમાં રસ લઈને ઝંપલાવ્યું હતું. ભારતમાં એક મુંબઈ ખાતે અઢી કિલોમીટરમાં પથરાયેલું, ત્રણ લાખ ટન જહાજો ભાંગવાની ક્ષમતા ધરાવતું માત્ર એક જ કારખાનું હતું.

ગુજરાતમાં પ્રારંભ :

ગુજરાતમાં ખનિજ કોલસો અને લોખંડની ખાણો નથી. લાંબું અંતર અને વેગનોની પ્રાપ્તિની અનિયમિતતાને કારણે સમયસર પીગ આયર્ન, કોલસો તથા સ્ટીલનો જથ્થો મેળવવામાં મુશ્કેલી પડતી હતી. આ અરસામાં ૧૯૮૧માં ગુજરાતના તે વખતના નાણામંત્રી સનત મહેતાને સૌરાષ્ટ્રના સાગરકાંઠે આ ઉદ્યોગ સ્થાપવાની અનુકૂળતાનો ખ્યાલ આવ્યો હતો. તેમણે મુંબઈના ભંગારના વેપારીઓનો આ માટે સંપર્ક પણ સાધ્યો હતો. તેમની રજૂઆતથી ગુજરાત સરકારના મેરિટાઈમ બોર્ડ આ ઉદ્યોગ સ્થાપવાનો નિર્ણય લીધો હતો. તેથી સનત મહેતાના

પ્રમુખપણા નીચે મહેતા, ઘોષ અને જોશીની બનેલી સમિતિ ગુજરાત સરકારે આ પ્રશ્નના અભ્યાસ માટે નીમી હતી. તેમણે ૧૯૮૨ના ચોથા ચરણ દરમ્યાન નવસારી નજીકનાં વાંશી-બોરશી, પોરબંદર, સચાણા (જિ. જામનગર) માંડવી (કચ્છ) અને અલંગની મુલાકાત લીધી હતી. તેમણે અલંગ ખાતે જહાજ ભાંગવાનો વાડો સ્થાપવા ભલામણ કરી હતી અને અહીં અલંગમાં ૧૯૮૨માં વાડો સ્થાપવા સરકારે નિર્ણય લીધો હતો.

અલંગ : તે ભાવનગર જિલ્લાના તળાજા તાલુકામાં મણારી નદી ઉપર ખંભાતના અખાતના પશ્ચિમ કિનારે ખુલ્લા સમુદ્રથી ૧.૬ કિ.મી. દૂર મણાર ગામ નજીક તળાજાથી ૨૦ કિ.મી. અને ભાવનગરથી પૂર્વ દિશાએ ૫૦ કિ.મી. દૂર આવેલું છે. અલંગ મહુવા-તળાજા-ભાવનગર સાથે કોસ્ટલ હાઈવે તથા રાજકક્ષાના માર્ગથી જોડાયેલું છે. ભાવનગરથી અલંગ સીધી સ્ટેટ ટ્રાન્સપોર્ટની બસસેવા પણ છે. સને ૧૭૪૮માં લખાયેલ 'મિરાતે અહમદી'માં સોરઠના (સૌરાષ્ટ્રના) બંદર તરીકે અને 'દસ્તુર-અલ-અમલ'માં (મહેસૂલી દફતરો) પણ તેનો બંદર તરીકે ઉલ્લેખ છે.

૧૯૮૨-૮૩ના ગાળામાં નાના પાયાના ઇજનેરી ક્ષેત્રે કામ કરતી. અસંખ્ય ફાઉન્ડ્રી તથા રી-રોલિંગ મિલોની ઘડતરના લોખંડની તથા સ્ટીલની માગમાં અભૂતપૂર્વ વધારો થયો હતો. ભારત સરકારનું કેન્દ્રિય 'શિપિંગ ઍન્ડ ટ્રાન્સપોર્ટ' ખાતું આ માટે તમામ સહાય આપવા તૈયાર હતું. ગુજરાત સરકારની નજરમાં સચાણા, પીપાવાવ અને માંડવી જ હતાં. પણ સનત મહેતા સમિતિએ અલંગની મુલાકાત લઈને ૧૯૮૨માં તેને વિકસાવવા નિર્ણય લીધો. ૧૩-૧૨-૧૯૮૩ના રોજ પહેલું એક જહાજ 'ધ ડેડિયર' અલંગના દરિયાકાંઠે લંગર નાખી આવી પહોંચ્યું. અહીં ખેતીની જમીનના ભોગે આ ઉદ્યોગ વિકસ્યો નથી કે મોટાં કારખાનાં નાખવાં પડ્યાં નથી. જમાનાથી ઉજ્જડ વેરાન પડેલી દરિયાકાંઠાની જમીન ઉપર આ ઉદ્યોગ વિકસ્યો છે.

અલંગની પસંદગીનાં કારણો : અલંગ પસંદ કરવા માટે શાંત દરિયાકિનારો, સાનુકૂળ ભરતી, કિનારા નજીક ઊંડું પાણી વગેરે લક્ષમાં લેવાયાં છે. અહીં ભાંગવાનાં જહાજો છેક દરિયાકાંઠા સુધી લાવી શકાય છે અને બંને બાજુએ કામ કરી શકાય છે. એક છેડે દરિયા ઉપર અને બીજે છેડે જમીન ઉપર જહાજ ભાંગી ભંગાર છૂટા પાડવાનું કામ ચાલે છે. અહીં વાવાઝોડા કે સમુદ્રનાં મોજાં કે ઝડપી પ્રવાહનો ભય નથી. ભાંગેલી વસ્તુઓ તરત કાંઠે લાવી શકાય છે. બંદર નજીક કાટમાળને રાખવા માટે તથા તેનું વર્ગીકરણ કરવા માટે પૂરતા પ્રમાણમાં ખુલ્લી જમીન છે. જહાજને લંગર નાખી પડી રહેવા માટે મોટું બારું છે. લોખંડ વગેરે ધાતુઓનો ભંગાર ભાવનગર, શિહોર, વરતેજ, મામસા વગેરે ગુજરાતનાં શહેરો અને ગામો તથા પંજાબ, હરિયાણા, રાજસ્થાન વગેરે રાજ્યોની રી-રોલિંગ મિલો ઉપયોગ કરે છે. ગુજરાતમાં શિહોર, ભાવનગર અને ગ્રામ વિસ્તારમાં આવેલી કુલ ૧૦૦થી વધુ રીરોલિંગ મિલો આ ભંગારનો ઉપયોગ કરે છે.

સ્ટીલનાં કારખાનાં દ્વારા ઉત્પન્ન કરાયેલા એક ટન સ્ટીલના ગઠ્ઠા માટે ૪૫૦ કિ.વો. વીજળીની જરૂર પડે છે, જ્યારે ભંગારમાંથી એક ટન સ્ટીલ બનાવવા માટે ૧૧૦-૧૧૫ મે.વો. વીજળીની જરૂર પડે છે. આ કારણે ઉપર જણાવેલાં શહેરોમાં રી-રોલિંગ મિલો, ૧૦૦ ઑક્સિજનના પ્લાન્ટો અને ફાઉન્ડ્રીઓ સ્થપાયાં છે. આમ, આ ઉદ્યોગ ઓછી વિદ્યુતશક્તિથી ચાલે છે. વીજળીની આમ બચત પણ થાય છે.

આ રી-રોલિંગ મિલો મકાન અને અન્ય બાંધકામમાં વપરાતાં ગોળ સળિયા, ટ્વિસ્ટેડ સળિયા, હળવાં સ્ટ્રક્ચરલો, ઍન્ગલો, સેકશન પટ્ટીઓ, તાર વગેરે તૈયાર કરે છે. ૧૯૬૬ ૧૯૭૮ના ગાળામાં સંગઠિત ક્ષેત્રે આવેલી રી-રોલિંગ મિલોનો વૃદ્ધિ દર ચાર ટકા હતો, જ્યારે ભંગાર વાપરતા રી-રોલિંગ મિલોનાં ઉત્પાદનનો વૃદ્ધિ દર ૨૦ ટકા હતો. ૧૯૮૦ના



અરસામાં ૨૦ લાખ ટનની સ્ટીલની ક્ષમતા સાથે નાના પાયાના ક્ષેત્રે કુલ ૧૨૦૦ રી-રોલિંગ મિલો ભારતમાં હતી. તે મિલોની સ્થિતિ ખરાબ હતી. અલંગની સ્થાપના સાથે આ ઉદ્યોગને જીવતદાન મળ્યું છે.

આ ઉદ્યોગ દ્વારા રોજગારી વધેલ છે. એક ટન ભંગાર મેળવવા માટે છ માનવશ્રમ દિવસની રોજગારી મળી શકે તેમ છે. જો પાંચ લાખ ટન ભંગાર મેળવવો હોય તો ૩૦ લાખ માનવશ્રમ દિવસોની રોજગારી ઊભી થાય. બીજી રીતે કહીએ તો ૧૦૦૦ લોકોને એક વરસ સુધી તે દ્વારા રોજી મળી શકે તેમ છે. આ ઉપરાંત રી-રોલિંગ મિલો દ્વારા ૧૫૦૦૦ માણસોને રોજી આપી શકાશે. ફાઉન્ડ્રી ઉદ્યોગ, બિનલોહધાતુ ઉદ્યોગ, ઑક્સિજન પ્લાન્ટ, ટ્રાન્સપોર્ટ, સંચાલન (હેન્ડલિંગ સેવા) વગેરે બધાને લક્ષમાં લઈએ તો જહાજ ભાંગવાના દરેક વાડામાં ઉત્પન્ન થતી પ્રત્યેક રોજગારી સામે વધુ લોકોને મજૂરી મળી શકે. આ પ્રમાણ ૧:૨.૨ જેવું છે. આમ બધી દૃષ્ટિએ જોતાં જહાજ ભાંગવાનો ઉદ્યોગ નફાકારક, કરકસરયુક્ત અને વધુ રોજગારીલક્ષી છે. ૧૯૮૨-૮૩થી ૯૬-૯૭ દરમિયાન ભાંગવા આવેલાં જહાજોની સંખ્યા અને ટનેજ નીચે મુજબ છે :

વરસ	વહાણોની સંખ્યા	જહાજોનું ટનેજ
૧૯૮૨-૮૩	૫	૨૪,૭૦૬
૧૯૮૩-૮૪	૫૧	૨,૫૯,૩૮૭
૧૯૮૪-૮૫	૪૨	૨,૨૮,૨૩૭
૧૯૮૫-૮૬	૮૪	૫,૧૬,૬૦૨
૧૯૮૬-૮૭	૬૧	૩,૯૫,૧૩૯
૧૯૮૭-૮૮	૩૮	૨,૪૪,૭૭૬
૧૯૮૮-૮૯	૪૮	૨,૫૩,૯૯૧
૧૯૮૯-૯૦	૯૨	૪,૫૧,૨૪૩
૧૯૯૦-૯૧	૧૦૪	૫,૭૭,૧૯૪
૧૯૯૧-૯૨	૮૫	૫,૪૦,૯૬૩
૧૯૯૨-૯૩	૧૩૭	૯,૪૨,૬૦૧
૧૯૯૩-૯૪	૧૭૫	૧૨,૫૬,૦૭૭
૧૯૯૪-૯૫	૩૦૧	૨૧,૭૩,૨૪૯
૧૯૯૫-૯૬	૧૮૩	૧૨,૫૨,૮૦૯
૧૯૯૬-૯૭ ફેબ્રુ. સુધી	૨૯૧	૨૨,૨૮,૯૮૮
કુલ	**૧,૬૯૭**	**૧,૧૩,૪૫,૯૭૨**

૧૯૮૨-૮૩થી ૯૬-૯૭ દરમ્યાન ૧,૧૩,૪૫,૯૭૨ ટનનાં ૧,૬૯૭ જહાજો ભાંગવામાં આવ્યાં હતાં. ૧૯૯૨-૯૩માં ડૉલર સામે ૧ રૂપિયાનું ૨૦ ટકા અવમૂલ્યન થતાં તથા ગુજરાત મૅરિટાઈમ બૉર્ડ દ્વારા લીઝને બદલે પ્લૉટો વાપરવાની મુદત ૧૦ વર્ષની કરાઈ અને ૩ વર્ષમાં ૩૦,૦૦૦ ટનનાં જહાજો ભાંગવાની શરતો રખાઈ અને પ્લૉટનું ભાડું રૂ. ૩૬ જેવું હતું તે દર ૧૦ ચો.મી. દીઠ રૂ. ૬૦૦ કરાતાં આ ઉદ્યોગ મંદીમાં ફસાયો હતો અને ૧૯૯૫-૯૬માં ભાંગવા માટે આવેલાં જહાજોનું ટનેજ નવ લાખ ટન જેટલું ઘટી જઈને ૧૨,૫૨,૮૦૦ ટન થઈ ગયું હતું. ત્યાર બાદ કરવેરામાં રાહત મળતાં ૧૯૯૬-૯૭માં આ ટનેજ ૨૧ માસમાં ૨૨.૨૦ લાખ ટન થયું હતું. પ્રારંભમાં ભાંગવામાં આવતાં જહાજો મુખ્યત્વે ઉતારુ જહાજો હતાં. આ જહાજોમાં પંખા, વીજળીનાં સાધનો, કૅબિન ફર્નિચર, ઇલેક્ટ્રૉનિક્સ સાધનો, કિંમતી લાકડું વગેરે વસ્તુઓ મળતી હતી. હવે સ્ટીલ વધુ પ્રમાણમાં મળી શકે તેવાં કર્ણો કે માલવાહક જહાજો, ટૅન્કરો, જથ્થાબંધ માલ વહન કરતાં જહાજો વગેરે ભાંગવા માટે પસંદ કરવામાં આવે છે. ભિલાઈ ખાતેનું સ્ટીલનું કારખાનું જેટલું રોલ્ડ સ્ટીલ ઉત્પન્ન કરે છે તેથી વધુ સ્ટીલ ભાવનગરની નાના પાયાની રી-રોલિંગ મિલો ઉત્પન્ન કરે છે. ભારતની રી-રોલિંગ મિલો ૨૦૦ લાખ ટન રોલ્ડ સ્ટીલનું ઉત્પાદન કરે છે. અલંગ ખાતે પ્રારંભમાં ૬૦ પ્લૉટો હતા. હાલ અલંગ અને સોશ્યો ખાતે ૧૭૩ પ્લૉટો છે. તે નીચે મુજબ માપના છે : (૧) ૩૦ × ૪૫ મી. (૨) ૫૦ × ૪૫ મી. (૩) ૭૦ × ૪૫ મી. (૪) ૮૦ × ૪૫ મી. (૫) ૧૨૦ × ૫૦ મી. સોશ્યો ખાતે જંગી ટૅન્કરો અને માલવાહક જહાજો આવતાં હોવાથી ૧૨૦ × ૫૦ મી.ના પ્લૉટો ફાળવાય છે. પરદેશી હૂંડિયામણ દ્વારા એકી સાથે કિંમત આપનારને તે પ્લૉટ ફાળવાય છે.

પ્લૉટ ફાળવવાનું કામ પ્રારંભમાં 'મેટલ સ્ક્રૅપ ટ્રેડિંગ કૉર્પોરેશન કરતું' હતું. 'વહેલો તે પહેલો'ની નીતિ અનુસાર દરેક પ્લૉટ ધરાવનારને એક જહાજ ફાળવવામાં આવતું હતું. જહાજો આયાત કરવા માટે ડૉલરમાં કિંમત ચૂકવવી પડે છે. આ નીતિથી અસંતુષ્ટ ઉદ્યોગપતિઓ દ્વારા કોર્ટમાં કેસ કરાતાં ૧૯૯૪થી વર્તમાનપત્રોમાં જાહેરાત આપીને ટેન્ડર મગાવીને હરાજી દ્વારા વધુ ભાવ આપનારને પ્લૉટ ફાળવાય છે. ૧૦ મીટર દીઠ રૂ. ૬૦૦ વાર્ષિક ભાડું જૂના પ્લૉટમાલિકો માટે છે. નવા પ્લૉટ ધરાવનારને રૂ. ૨,૭૦૦ની મીટરદીઠ અપસેટ કિંમત ઉપરાંત બોલી બોલાય તે પ્રમાણે પ્રીમિઅમ પ્લૉટ અપાય છે. પ્રીમિઅમ અને પ્લૉટ કિંમત ચાર સરખા હપ્તાથી ટ્રેઝરીમાં ભરવાની હોય છે. અગાઉ પ્લૉટ લીઝથી અપાતા હતા તેને બદલે હવે પ્લૉટો ૧૦ વરસ માટે અપાય છે અને ત્રણ વરસમાં ૩૦,૦૦૦ ટનનાં જહાજો ભાંગવાની બીજી શરત છે.

મૅરિટાઈમ બૉર્ડને દર એલડીટી દીઠ (Light displacement tonnage) પરદેશી જહાજ માટે રૂ. ૬૦ અને સ્થાનિક જહાજ માટે રૂ. ૧૨ વ્હાફેજ (ધક્કા ઉપર લાંગરવાનો કર કર તરીકે ચૂકવવો પડે છે.) બીચિંગ કર તરીકે પરદેશી અને દેશી

જહાજ દીઠ રૂ. ૨૫.૩૫ અને રૂ. ૨૧.૬૦ ચૂકવવા પડે છે. પાઈલોટ સેવા માટે અનુક્રમે પરદેશી અને દેશી જહાજ દીઠ રૂ. ૫૦,૭૦૦ અને રૂ. ૪૩,૨૦૦ ચૂકવવા પડે છે. અગાઉ ભારત સરકારની જકાત ટનદીઠ રૂ. ૩૬૫ લાદી હતી. હાલ કુલ કરવેરાનું ૨૬.૬ ટકા જેટલું ભારણ છે.

પ્રારંભમાં આ ઉદ્યોગમાં અઢીથી ત્રણ કરોડ રૂપિયા જેટલું રોકાણ હતું, તે વધીને રૂ. ૩૦૦ કરોડ થયું છે. કુલ ભંગાર પૈકી, ગુજરાત રાજ્યના ભાવનગર, શિહોર, વરતેજ વગેરે શહેરો અને ગ્રામવિસ્તારમાં આવેલી રી-રોલીંગ મિલો અને ફાઉન્ડ્રીઓ ભંગાર વાપરતાં ૧૦૦ ટ્રક જેટલો ભંગાર દરરોજ ગુજરાત બહાર જાય છે. આ બહાર જતો ભંગાર ગુજરાતમાં જ વપરાય તો વધારે લોકોને રોજી મળી શકે તેમ છે.

આ ઉદ્યોગમાં ગુજરાત બહારથી મુખ્યત્વે કરીને, ઓરિસ્સાના મજૂરો કામ કરે છે. તેઓ જહાજ ભાંગવાના પ્લોટ સામેની ખુલ્લી જમીનમાં ઝૂંપડી બાંધીને રહે છે. બિનકુશળ કામદારને આશરે રૂ. ૬૦ અને કુશળ કામદારને રૂ. ૧૦૦ રોજના મળે છે. કેટલીક વખત કામના પ્રમાણને લક્ષમાં લઈને કામનો કૉન્ટ્રેક્ટ અપાય છે. ભાંગવા માટેનાં જહાજો યુ.એસ.એ., જાપાન વગેરે દેશોમાંથી મુખ્યત્વે આવે છે. રશિયામાંથી પણ થોડાં જહાજો આવે છે. ગ્રીસ, પનામા વગેરે દેશો મોટી સંખ્યામાં જહાજો ધરાવે છે. આ ધંધામાં હરિયાણા અને પંજાબના ઉદ્યોગપતિઓ મુખ્યત્વે છે. થોડેક રાજસ્થાનનો અને ગુજરાતનો પણ હિસ્સો છે અને તે વધતો જાય છે.

સગવડો : અલંગને ત્રાપજ સાથે જોડતો દસ કિ.મી.નો પાકો આસ્ફાલ્ટ રસ્તો છે. અલંગ તળમાં અંદરના ભાગમાં મૅરિટાઈમ બોર્ડના રસ્તા છે. વધારે સારા પાકા રસ્તા માટે જહાજ ભાંગનાર ઉદ્યોગપતિઓની માગણી છે. ત્રણ કૂવા દ્વારા પાણી અપાય છે. પાણી માટે રૂ. ૮ લાખ ફાળવાયા છે. દરેક પ્લૉટ માલિકને દરરોજ ૫,૦૦૦ લીટર પાણી અપાય છે. દુકાળ અને ઉનાળામાં પાણીની તંગી વર્તાય છે. ઉદ્યોગપતિઓની વધારે પાણીની માગણી છે. યાર્ડમાં કામ કરતા મજૂરો માટે પીવાના પાણીની ચોક્કસ વ્યવસ્થા જરૂરી છે. નાસા.ફાઉન્ડેશન મારફત 'પૈસા આપો અને વાપરો' (pay & use) એ યોજના નીચે બે જાહેર શૌચાલયો છે. તાર, ટપાલ, ટેલિફોન વગેરેની સગવડ છે. લંગરસ્થાન ઉપરથી સ્ટીમર અને ભાવનગર બંદરથી કચેરી સાથે વાત થઈ શકે તે માટે વી.એચ.એફ. સેટ છે. યાર્ડમાં ફ્લડ્ લાઈટની તથા વર્તુળ ઉપર તથા ગામમાં વીજળીની સગવડ છે. તેમ છતાં વીજળીની તંગી જણાય છે. જી.ઇ. બોર્ડ દ્વારા આ સગવડ કરાઈ છે. સોશ્યો ખાતે મૅરિટાઈમ બોર્ડનું જનરેટર વીજળી પૂરી પાડે છે. રેડક્રૉસ સોસાઈટનું દવાખાનું છે. તે સિવાય ખાનગી દવાખાનું પણ છે. દાઝી ગયેલા માટે અલગ વ્યવસ્થા જરૂરી છે. ક્ષયરોગના દર્દીઓ માટે રૂ. ૮ લાખ અમરગઢની ક્ષયની હૉસ્પિટલને અપાયા છે. ત્યાં ક્ષયરોગની સારવાર મળી રહે છે. મજૂરો માટે રહેવાની સગવડની ખાસ જરૂર છે. મકાનો માટે જમીન ફાળવાઈ છે. ગુજરાત સરકારે હૉસ્પિટલ માટે રૂ. ૨૫ લાખની તથા અન્ય કામ માટે રૂ. ૮ લાખની જાહેરાત કરી છે.

આ ઉદ્યોગ માટે પરદેશનું ડૉલર રૂપે હૂંડિયામણ જરૂરી છે. જહાજો ખરીદવા સરકાર ડૉલર આપે છે અને ઉદ્યોગને રૂપિયામાં ધિરાણ ભારત સરકાર આપે છે. બાંગલાદેશ, ચીન અને પાકિસ્તાને આ ઉદ્યોગમાં ઝંપલાવ્યું છે. તેથી હરીફાઈ વધતાં નફાનું પ્રમાણ ઘટશે. ગુજરાતમાં સચાણા ખાતે ૨૦ પ્લૉટ છે. પણ અહીં આ વાડાનો વિકાસ થયો નથી. ૯૧-૯૨થી ૯૫-૯૬ દરમ્યાન અહીં કુલ ૧૨૦ જહાજો ભાંગવા માટે આવ્યાં હતાં. પીપાવાવ ખાતે આવો જહાજવાડો જાપાનની સહાયથી સ્થાપવા વિચારણા થઈ રહી છે. વધુ સગવડો મળતાં આ ઉદ્યોગનો વધુ વિકાસ થશે તે નક્કી જણાય છે. સરકારને કરોડો રૂપિયા વિવિધ કરો દ્વારા મળે છે. તેનો થોડો ભાગ વાપરવાથી આ ઉદ્યોગને રાહત રહેશે અને તેનો વધુ વિકાસ થશે. □

અનુસંધાન] ઈન્સેટ 2D [પૃ. ૩૬૫થી

ઈન્સેટ 2Dમાં રાખેલ પ્રસારણ ઉપગ્રહ સેવા ટ્રાન્સપોન્ડ ટેલિવિઝન સંસ્થાઓને ખાસ ઉપકારક બની રહેશે. તેને આધારે દૂરદરાજના વિસ્તારોમાં દૃશ્યશ્રાવ્ય સુવિધાઓ ઉપલબ્ધ થશે.

આ બધાનો લાભ આંદામાન-નિકોબારને પણ મળશે. આ ઉપગ્રહ ઉપર રાખેલ ૬ ટ્રાન્સપોન્ડર દક્ષિણ-પૂર્વ એશિયાથી મધ્ય-પૂર્વના વિસ્તારને આવરી લેશે.

દૂર સંવેદન ઉપગ્રહ (રિમોટ સેન્સિંગ સેટેલાઈટ) છોડવા માટે ભારતને વિદેશની મદદ લેવી પડે છે. આત્મ-નિર્ભર થવા માટે હવે શ્રી હરિકોટા મથક ઉપરથી ઉપગ્રહ છોડી શકાય તે માટે ઉપગ્રહ પ્રમોચન વાહન (સેટેલાઈટ લૉન્ચિંગ વિહીકલ) સ્થાપવાની તૈયારીઓ પૂરજોશમાં ચાલી રહી છે. આ મથક ઉપરથી બે-ત્રણ વર્ષમાં 'ઓશનસેટ' (IRSP-4) છોડવાનો કાર્યક્રમ ઘડાયો છે. તેને આધારે વાયુશાસ્ત્ર અને સમુદ્ર વિજ્ઞાનના સંશોધન પ્રત્યે ભારે સિદ્ધિ હાંસલ કરી શકાશે. ત્યારપછી નકશા-વિજ્ઞાન (કાર્ટોગ્રાફી) માટે કાર્ટોસેટ IRSP-4 નામનો ઉપગ્રહ ખાસ ભૂમિ સર્વેક્ષણમાં ઉપકારક બની રહેશે. તે માટેનું આયોજન થઈ રહ્યું છે. ઈન્સેટ 2D અને ૨E બાદ ભારતીય અવકાશ સંશોધન સંગઠન (ઇસરો)ની બીજી પેઢીની ઉપગ્રહીય શ્રેણી પૂરી થશે અને ત્યારબાદ ઈન્સેટ-૩ની શ્રેણી શરૂ કરવાનું આયોજન છે. □

અશોક હર્ષ

મેવાડના શાસકોમાં મહારાણા સંગ્રામસિંહ અથવા રાણા સાંગાનું નામ તેની પરાક્રમશીલતાના કારણે મશહૂર છે. આજીવન તે નાનાં-મોટાં યુદ્ધોમાં રોકાયેલો જ રહેલો. એક આંખ અને એક ટાંગ યુદ્ધમાં ગુમાવેલાં અને શરીર પર એંસી જેટલા જખ્મો વેઠેલા. મેવાડમાં ત્યારે રાજપ્રપંચ ખૂબ જોર પર હોઈને રાણા સાંગા પછી ગાદીએ આવેલા તેના બે પુત્ર એ પ્રપંચમાં ખપી ગયા, ત્રીજો સૌથી નાનો પુત્ર ઉદયસિંહ પણ જો પન્ના ધાવે પોતાના પુત્રને તેના નામે બલવીરના હાથે કત્લ થઈ જવા દીધો ન હતો તો મેવાડના સિસોદિયા રાજવંશનો અંત આવી જાત. ચૌહાણવંશી પન્ના ધાવનું આ કૃત્ય ઇતિહાસમાં એક અનુપમ ત્યાગનું દૃષ્ટાંત છે.

જીવતાં બચેલા ઉદયસિંહે ચિત્તોડનું સિંહાસન પુનઃ પ્રાપ્ત કર્યું, પણ મુગલ સમ્રાટ અકબર તેને સુખે રાજ કરવા દે તેમ ન હતું. ઈ.સ. ૧૫૬૭ના સપ્ટેમ્બરમાં તેણે ચિત્તોડ હાથ કરવા ભારે સૈન્ય મોકલી આપ્યું. રાણા ઉદયસિંહે એ સામે અરવલ્લીની ગિરિમાળાનો આશ્રય લીધો અને ચિત્તોડની રક્ષાનો ભાર રાઠોડ જયમલ મેડતિયા તથા પ્રતાપસિંહ ચૂડાવતને સોંપ્યો, જે જોડી ઇતિહાસમાં 'જયમલ-પત્તા'ના નામે જાણીતી છે.

ચિત્તોડને છ માસ સુધી ઘેરી રાખ્યા છતાં વિજયની કશી સંભાવના ન જણાતાં અકબરે યુક્તિથી કામ લેવાનું નક્કી કર્યું. એણે કિલ્લાની દીવાલો નીચે બે સુરંગ ખોદાવી : એકમાં એંશી મણ અને બીજામાં એકસોવીસ મણ દારૂ ભર્યો. અને ઈ.સ. ૧૫૬૮ના ફેબ્રુઆરીની ૨૩મીને મંગળવારની રાતે બંને સુરંગો ફોડતાં ભયાનક અવાજ સાથે કિલ્લાનો એક બુરજ તથા દીવાલનો કેટલોક ભાગ તૂટી પડ્યો. અકબરની ખુશીનો પાર ન રહ્યો અને સવારે એ તૂટેલા ભાગમાંથી જ આક્રમણ કરવાનો નિર્ણય કર્યો.

પરંતુ દીવાલ તૂટ્યાની જેવી જાણ થવા પામી કે જયમલ મેડતિયાએ મશાલોની રોશનીમાં તેની મરામત શરૂ કરી દીધી. તળેટીમાં ઘેરો ઘાલી પડેલા અકબરને આ જોઈ લાગ્યું કે પોતાના કર્યાકારવ્યા પર પાણી ફરી વળતું હતું. એણે સીધું જ જયમલ પર નિશાન તાક્યું અને તેના તીરે જયમલ ભોંય પર ઢળી પડ્યો. એને ઢળી પડેલો જોઈ મજૂરો હિંમત હારી ગયા ને કિલ્લાની મરામત અધૂરી રહી.

અકબરનું તીર જયમલના પગમાં વાગ્યું હોઈને તેનાથી લડી શકાય એવું નહોતું. જ્યારે સવાર પડતાં તો યુદ્ધનું ઘમસાણ જામવાનું હતું એટલે પરસ્પર વિચારણાના અંતે રજપૂત મોવડીઓએ કેસરિયાં કરવાનું નક્કી કર્યું. તમામ રજપૂત સૈનિકોએ કેસરિયાં વસ્ત્ર ધારણ કરી ગળે તુલસીની માળા સાથે યુદ્ધ માટે તૈયાર થયા, રજપૂતાણીઓ જૌહર માટે.

યુદ્ધ માટેની પોતાની અશક્તિ પર જયમલ અફસોસ કરી રહ્યો હતો, ત્યાં તેનો ભત્રીજો કલ્લાસિંહ રાઠોડ આવી પહોંચ્યો અને કાકાને પાનો ચડાવતાં બોલ્યો, 'કાકા, તમે મારી કાંધે બેસી યુદ્ધમાં ઝંપલાવો.'

ચિત્તોડ પર હુમલાના સમાચાર સાંભળી પોતાનો લગ્નવિધિ અધૂરો રાખી દોડી આવેલી કલ્લાસિંહને જયમલે તેનાં લગ્ન પહેલાં પતાવવાનું કહેતાં તેણે કંઈક ઠપકાભર્યો જવાબ આપ્યો, 'કાકા, રણજંગ વચ્ચે તો લગ્નની વાત ક્યાં કરો છો?' આ જવાબ સાંભળી જયમલ પોતાની પીડા ભૂલી જઈ કલ્લાસિંહની કાંધે ચઢી બેઠો.

યુદ્ધમાં ભૈરોંપોલ નજીક જયમાલ વીરગતિને પામ્યા પછી સૂરજપોલ નજીક પત્તા પણ વીરગતિને પામતાં કલ્લાસિંહે બમણા ઝનૂનથી યુદ્ધ ખેલવા માંડ્યું, પણ ચારે બાજુએ દુશ્મનોથી ઘેરાઈ જતાં આ એકલવીરે તેમના હાથે મરવા કરતાં જાતે પ્રાણોત્સર્ગ કરવાનું નક્કી કર્યું, અને મા દુર્ગાના સ્મરણ સાથે પોતાની જ તલવારથી પોતાનું ડોકું વાઢી નાખ્યું.

* * *

અંગ્રેજો સામેના ભારતીય સ્વાતંત્ર્યસંગ્રામના બે નાયકો નાનાસાહેબ પેશવા અને સુભાષચંદ્ર બોઝ. બંનેનાં જીવન રહસ્યમય છે. સુભાષના જીવન પરનો પરદો હજુ પણ પૂરો ઊચકાયો નથી, જ્યારે નાનાસાહેબની ભાળ મેળવવા જતાં ઇતિહાસની કેડી નેપાળનાં જંગલો સુધી પહોંચ્યા પછી હાથ જ નથી લાગી.



અંગ્રેજોનો ઇરાદો તો નાનાસાહેબને ફાંસીએ લટકાવી દેવાનો હતો, પરંતુ તે પોતાનાં સગાંસંબંધી અને શેષ સૈન્ય સહિત નેપાળનાં જંગલોમાં કોણ જાણે ક્યાં અદશ્ય થઈ ગયો. નેપાળના વડા પ્રધાન ત્યારે રાણા જંગબહાદુર હતા. અંગ્રેજ સરકારે નાનાસાહેબને સોંપી દેવાની કરેલી માગણીનો જંગબહાદુરે 'નાનાસાહેબ વિષે અમે

(અનુસંધાન પૃ. ૩૭૭ ઉપર)

પુરાતત્ત્વશાસ્ત્ર

સુરેન્દ્રનાથ નિફાડકર

માણસના સ્વભાવની વિચિત્રતા તો જુઓ. એક તરફ અદ્યતન સાધનો વડે તે એકવીસમી સદીમાં દાખલ થવાની તૈયારી સાથે પ્રગતિનાં સપનાં જોઈ રહ્યો છે, તો બીજી તરફ ટાંચાં સાધનો વડે જૂનામાં જૂનો અતીત શોધી રહ્યો છે.

પુરાતત્ત્વવિદ્યા બહુ જૂની ન હોવાં છતાં તેની લોકપ્રિયતા અમાપ છે. તેનું મુખ્ય કારણ સ્વદેશાભિમાન. દરેક દેશનાં નાગરિકોને પોતાના દેશના ઇતિહાસ પ્રત્યે આદર હોય છે. પોતાના પૂર્વજોનાં પરાક્રમોની માહિતી મેળવવાનું એકમેવ સાધન ઇતિહાસ જ છે. ઇતિહાસનો મુખ્ય આધાર લિખિત સામગ્રી જ હોય છે. આ આધાર જોતાં માણસ બહુબહુ તો પાંચ હજાર વર્ષ સુધીનું જ્ઞાન મેળવી શકે છે. કારણ લિપિની શોધ એ અરસામાં થઈ. પરંતુ તે પહેલાં લાખ્ખો વર્ષથી માણસજાત અસ્તિત્વમાં હતી. તે વખતનો ઇતિહાસ જાણવાનું એકમાત્ર સાધન છે પુરાતત્ત્વવિદ્યા.

પુરાતત્ત્વવિદ્યા એટલે પુરાવશેષવિદ્યા. પરંતુ અવશેષ કેટલા પ્રાચીન હોવા જોઈએ તે અંગે મતભેદ છે. અમેરિકામાં પુરાતત્ત્વવિદ્યાને પ્રાગ્ ઇતિહાસ (PRE-HISTORY) માનવામાં આવે છે. આજથી ચારસો વર્ષ પહેલાં કોલંબસે ઉત્તર અમેરિકામાં પગ મૂક્યો. તે પહેલાં ત્યાં જંગલી અથવા આદિવાસીઓની ટોળી રખડતી ફરતી. એ લોકોને અક્ષરજ્ઞાન ક્યાંથી હોય? તેથી જ કોલંબસના આગમન પહેલાંના કાળખંડને અમેરિકામાં પ્રાગૈતિહાસિક કાળખંડ માનવામાં આવે છે. પરંતુ આ વ્યાખ્યા આપણા દેશને લાગુ પડતી નથી. આપણે ત્યાં પાંચ હજાર વર્ષ જૂની પણ પ્રગત એવી સંસ્કૃતિ મોજૂદ છે. તેમ છતાં મોગલ-મરાઠાશાસન સમયે લખાયેલા ઇતિહાસ જેવો તે વખતનો ઇતિહાસ ઉપલબ્ધ નથી. તેથી પાષાણયુગથી જે ઇતિહાસ નિર્માણ થતો ગયો તે મેળવવા પુરાતત્ત્વવિદ્યા પર જ આધાર રાખવો પડે છે. ઐતિહાસિક સમયનું લખાણ વિશ્વાસપાત્ર હોય એવું પણ નથી. જૂના જમાનાના રાજા, મહારાજા કે નવાબો મન ફાવે તેવી નોંધો પોતાના પગારદાર લેખકો પાસેથી લખાવતા. કેટલીક વિગતો તો નોંધરૂપે જ હતી. દા.ત. ક્રીટ પરગણાના નોસસ ગામે મિનોસ નામના રાજાના મહેલમાં કોણે કેટલો કર ભર્યો તેની વિગત મળી આવી છે. ઇજિપ્તના ટેલ-એલ-અમાર્ના ગામે તે વખતની રાજકીય સ્થિતિની થોડીક નોંધ મળી આવી છે. મોગલ શાસકો જે નોંધો લખાવતા તે ત્રુટક ત્રુટક જ હતી. મરાઠાશાસન દરમ્યાન લખાયેલા કેટલાક રાજકીય પત્રો મળી આવ્યા છે. પરંતુ આ બધામાં તે વખતના સામાન્ય સમાજનું પ્રતિબિંબ દેખાતું નથી. દેખીતી વાત છે કે તે વખતે દરબારી સંસ્કૃતિમાં સામાન્ય લોકોને કોઈ સ્થાન ન હતું. પુરાતત્ત્વવિદ્યાનો ઉદ્દેશ સર્વસામાન્ય માનવીનું સુસંગત ચિત્ર શોધવાનું હોવાથી પુરાવશેષ અંગેનું મહત્ત્વ વધી જાય છે.

પુરાતત્ત્વવિદ્યા ખર્ચાળ અને દીર્ઘ સમય માગે તેવી હોવાથી ગરીબ રાષ્ટ્રો માટે તે નિરર્થક છે એવું કેટલાકનું માનવું છે. પરંતુ તેમના આ આરોપમાં કોઈ તથ્ય નથી. ગ્રીસ અને ઇટલી જેવા દેશોમાં છેલ્લા બે સૈકાથી પુરાવશેષ શોધવાનું કાર્ય થઈ રહ્યું છે. તેમાં અનેક પ્રાચીન અવશેષો મળી રહ્યા છે. તે જોવા વિદેશોના અનેક પર્યટકો જતા હોવાથી ગ્રીસ અને ઇટલી દર વર્ષે કરોડોના હિસાબે વિદેશી હૂંડિયામણ રળે છે. આપણા દેશની સરકાર સુધ્ધાં પુરાતત્ત્વ પર વિશેષ લક્ષ કેન્દ્રિત કરી મળેલ અવશેષો જોવા વિદેશી પર્યટકોને પ્રોત્સાહિત કરે છે. અહીં આગ્રાના તાજમહેલ અંગેનો એક ખાસ ઉલ્લેખ કરવા જોવો છે. ગઈ સદી દરમ્યાન થયેલ વાઈસરોય લૉર્ડ બેંટિકે બ્રિટિશ તિજોરી ભરવા તાજમહેલની હરાજી કરવાનું વિચાર્યું. તાજમહેલનો ઉચ્ચ કોટીનો આરસપહાણ ખરીદવા ભારતના જ અનેક ધનિકો દોડી આવશે એવી તેની ખાતરી હતી. પણ કોઈએ રસ ન દાખવ્યો. તાજમહેલ બચી ગયો. ઉત્ખનન ન કરેલ પુરાવશેષ તરીકેનો તાજમહેલ આજે હજારો ડૉલરોનું વિદેશી હૂંડિયામણ કમાવી આપે છે.

પુરાતત્ત્વશાસ્ત્ર સ્વતંત્ર શાસ્ત્ર હોવા છતાં શોધાયેલા પુરાવશેષો માટે અન્ય નિષ્ણાતોની જરૂર પડે છે, જેની વિગત નીચેનાં શાસ્ત્રોમાં ઉપલબ્ધ છે :

(૧) ભૂસ્તર(ભૂગર્ભ)શાસ્ત્ર : પુરાતત્ત્વવિદ્યા સાથે ભૂસ્તરશાસ્ત્રનો ખૂબ જ નિકટનો સંબંધ છે. પ્રાચીન ભૂરચના કેવી હતી, નદીઓનાં વહેણ કેવાં હતાં, હથિયારો માટેના પથ્થર વિશિષ્ટ પ્રદેશમાં ઉપલબ્ધ હતા કે નહીં, જુદાં જુદાં ખનિજો, ધાતુ ક્યાં ઉપલબ્ધ હતાં તે જાણી લેવા પુરાતત્ત્વશાસ્ત્રીઓને ભૂસ્તરશાસ્ત્રનું સાંગોપાંગ જ્ઞાન હોવું જ જોઈએ એવું નથી, પરંતુ તેની વિગત મેળવવા ભૂસ્તર-નિષ્ણાતોની મદદ લેવી પડે છે.

(૨) ભૂગોળશાસ્ત્ર : પુરાતત્ત્વવિદ્યા મેળવવા ભૂગોળનું જ્ઞાન હોવું જરૂરી છે. કોઈ એક પ્રદેશના પુરાતત્ત્વ સર્વેક્ષણ માટે તે પ્રદેશની ભૌગોલિક પરિસ્થિતિ જાણી લેવા ભૂગોળનું જ્ઞાન અતિ ઉપયુક્ત હોય છે. વસાહત રચના (SETTLEMENT PATTERN)નો અભ્યાસ પુરાતત્ત્વ-નિષ્ણાતો માટે જરૂરી હોવાથી હવે તે પુરાતત્ત્વવિદ્યાનું જરૂરી અંગ બનેલ છે.

(૩) સંખ્યાશાસ્ત્ર : અન્ય શાસ્ત્રો માટે સંખ્યાશાસ્ત્ર જેટલું સહાયરૂપ નીવડ્યું છે એટલું જ પુરાતત્ત્વવિદ્યા માટે પણ નીવડ્યું છે. ઉત્ખનનમાં હથિયારો, ઠીકરાં અથવા હાડકાં મળી આવે છે.

તેનાં મૂલ્યમાપન માટે સંખ્યાશાસ્ત્રની સહાયતા લેવાનું ઘટે છે. હવે કમ્પ્યૂટરની મદદ લઈ અચૂક માહિતી મેળવી શકાય છે. કમ્પ્યૂટરની સહાયથી પ્રાચીન લિપિઓ સુધ્ધાં ઉકેલી શકાશે એવો પુરાતત્ત્વ-નિષ્ણાતોનો દાવો છે. ડૉ. અસ્કો પારપોલાએ ગ્રીસની પ્રાચીન લિપિ (Liner "b") અને ભારતના મહાદેવને પ્રાચીન સિંધુ લિપિ કમ્પ્યૂટર વડે ઉકેલવાની ઘણી કોશિષ કરી છે.

(૪) વનસ્પતિશાસ્ત્ર : ઉત્ખનનમાં ક્યારેક જાનવરોનાં હાડકાં મોટા જથ્થામાં મળી આવે છે. એ જાનવરો કયા પ્રકારનાં હશે તેનો નિર્દેશ મળી આવતાં નવાશ્મ યુગના માણસોએ એ જંગલી જાનવરોને કેળવી પોતાના ઉપયોગમાં કેવી રીતે લીધાં તેની વિગત દર્શાવતું એક પુસ્તક ઇરાકમાં પ્રસિદ્ધ થયેલું છે. ત્યાં ઉત્ખનન કરતાં અમુક ઠેકાણે ઢગલાબંધ જાનવરોનાં હાડકાં મળી આવ્યાં હતાં. સંશોધનમાં વનસ્પતિશાસ્ત્રીઓએ ઘણી મદદ કરી હતી.

ઉત્ખનનમાં ક્યારેક અનાજ પણ મળી આવે છે. વનસ્પતિશાસ્ત્રજ્ઞ એ અનાજના પ્રકાર નક્કી કરી તે ચોમાસુ પાકનું હતું કે શિયાળુ પાકનું તે કહી શકે છે.

(૫) ઇતિહાસશાસ્ત્ર : પુરાતત્ત્વશાસ્ત્ર અને ઇતિહાસશાસ્ત્રનો, સગા ભાઈ જેવો સંબંધ છે. ઇતિહાસ મેળવવા પુરાતત્ત્વ એક મહત્ત્વનું સાધન છે. ઇતિહાસમાં લેખિત પુરાવા હોવા છતાં તેની સચ્ચાઈ સિદ્ધ કરવા પુરાતત્ત્વીય પુરાવાઓનો આધાર લેવો પડે છે. ઈ.સ.ની પહેલી અને બીજી સદીમાં ભારતનો રોમ સામ્રાજ્ય સાથે વ્યાપારનો વિશાળ સંબંધ હોવાનું રોમન લેખકોએ લખ્યું છે. તેની સચ્ચાઈ ઉત્ખનિત પુરાવાઓના આધારે મજબૂત થઈ છે.

માનવનો લેખિત ઇતિહાસ ફક્ત પાંચ હજાર વર્ષ જૂનો છે. પરંતુ માનવજાતિનું અસ્તિત્વ લાખ્ખો વર્ષ પહેલાંનું છે! એ કાળની વિગત મેળવવા કેવળ પુરાતત્ત્વશાસ્ત્ર જ કામ આવી શકે છે. આજે પ્રગતિના અગ્રભાગે રહેલા અમેરિકા દેશમાં લેખનકલા દાખલ થયાને ફક્ત ચારસો વર્ષ થયાં છે! તે પહેલાંનો કાળખંડ અમેરિકા માટે પ્રાગ્ ઐતિહાસિક કાળ હોવાથી અમેરિકાની પ્રાચીન માહિતી મેળવવા એકમાત્ર પુરાતત્ત્વશાસ્ત્ર જ ઉપયોગી નીવડે છે.

(૬) માનવવંશશાસ્ત્ર : પુરાતત્ત્વશાસ્ત્ર સાથે માનવવંશ-શાસ્ત્રનો ઊંડો સંબંધ છે. માણસ, માનવવંશશાસ્ત્રનું કેન્દ્રબિંદુ છે. પ્રચલિત માનવ ટોળીઓનો અભ્યાસ કરી તેમની સંસ્કૃતિના જ્ઞાન ઉપરાંત માનવી શરીરની રચના અને માનવવંશનો અભ્યાસ આ શાસ્ત્રમાં સમાવિષ્ટ છે. તેના આધારે માનવ સંસ્કૃતિનો ઇતિહાસ એ જ પુરાતત્ત્વ શાસ્ત્રનો ઉદ્દેશ છે. આજે પણ દુનિયામાં અશ્મયુગમાં વિચરતી જેવી માનવ ટોળીઓ અસ્તિત્વમાં છે. તેમની જીવનપદ્ધતિનો અભ્યાસ કરી તેના આધારે પ્રાચીન માણસની જીવનશૈલી અંદાજવાનું કાર્ય પુરાતત્ત્વશાસ્ત્ર હેઠળ આવે છે.

(૭) રસાયણશાસ્ત્ર : ઉત્ખનનમાં ઇંટો, પથ્થરો, ઠીકરાં, માટીનાં વાસણો, હાડકાં જેવી દટાયેલી વસ્તુઓ મળી આવે છે. અનેક વર્ષો સુધી તે દટાયેલી રહી હોવાથી તેના પર માટીના ક્ષારના કે કાટના થર જામેલા હોય છે. આ પડ દૂર કરી પદાર્થોનું અસલી સ્વરૂપ શોધવા તેના પર જુદી જુદી રાસાયણિક ક્રિયાઓ કરવી પડે છે. આ ઉપરાંત પ્રાપ્ત પદાર્થોની દીર્ઘકાલીન જાળવણી માટે કેટલાંક રસાયણોની પ્રક્રિયા કરવી પડે છે. રસાયણશાસ્ત્રી આ બાબતે યોગ્ય માર્ગદર્શન પૂરું પાડી ઘટતું કરી શકે છે.

પુરાતત્ત્વશાસ્ત્ર સંપૂર્ણ સ્વતંત્ર વિદ્યા હોવા છતાં તે માટે ભૂસ્તરશાસ્ત્ર (GEOLOGY)ના જ્ઞાનની જરૂર હોય છે. ઉપર દર્શાવેલ વિષયોની જરૂર પડે ત્યારે પરાતત્ત્વ-નિષ્ણાત જે તે તજ્જ્ઞની મદદ લઈ શકે છે.

એક સમયે, પુરાતત્ત્વશાસ્ત્ર પાછળ ખર્ચાતાં નાણાં અને સમય અપવ્યય હોવાનો કેટલાક પાશ્ચિમાત્ય વિદ્વાનોનો મત હતો. જવાબમાં સુપ્રસિદ્ધ પુરાતત્ત્વ-તજ્જ્ઞ ડૉ. વૉલ્ટર ટેલરે કહ્યું કે, 'જેમ પતંગિયાનો અભ્યાસ કરનારને પતંગિયાં ભેગાં કરવાનો ફક્ત શોખ હોતો નથી તેમ ઠીકરાં ભેગાં કરનાર પુરાતત્ત્વ-તજ્જ્ઞને ઠીકરાં ભેગાં કરવાનો ફક્ત શોખ હોતો નથી. તે એક એક ઠીકરાને ઇતિહાસના પૃષ્ઠ તરીકે સાબિત કરવા મથે છે.'

વિલર નામના બ્રિટિશ પુરાતત્ત્વ તજ્જ્ઞે લંડનમાં રીતસર વર્ગ ખોલી પુરાતત્ત્વ અંગેનું શિક્ષણ આપવાની શરૂઆત કરી. આ વિષયની લોકપ્રિયતા જોઈ ત્યાંની યુનિવર્સિટીએ ૧૯૩૭માં પુરાતત્ત્વ વિષયોનું જ્ઞાન આપવાની શરૂઆત કરી.

અનેક દેશોમાં ઉત્ખનન કાર્ય પુરાતત્ત્વ તજ્જ્ઞોએ જ કર્યું છે, જેની વિગત હવે પછી જોઈશું. (ક્રમશઃ)

અનુસંધાન] **ઇતિહાસધારા** [પૃ. ૩૭૫થી

કંઈ જાણતા નથી' એવો જવાબ આપતાં અંગ્રેજ સરકારે પોતાના વતી તે માટેના પ્રયત્નો શરૂ કરી દીધા વર્ષો સુધીના આ પ્રયાસો દરમિયાન એવું જાણવા મળ્યું કે, નાનાસાહેબ નેપાળ-તિબેટની સરહદ પરના કોઈ ગામમાં ગુપ્ત વેશે રહે છે. આથી અંગ્રેજ સરકારે એ પ્રદેશના ભોમિયા બદરી તિવારી નામના જાસૂસને મોકલી આપ્યો. તપાસના અંતે પાછા ફરી તેણે જણાવ્યું કે, સાંભળવા પ્રમાણે, નાનાસાહેબ ઈ.સ. ૧૮૫૯ની ૧૪મી સપ્ટેમ્બરના રોજ અવસાન પામી ચૂક્યા છે. નાનાસાહેબ હોવાના શક પરથી વર્ષો સુધી અનેક વ્યક્તિઓની ધરપકડ થતી રહેલી.

નાનાસાહેબનો અજ્ઞાતવાસ આજ સુધી એક રહસ્ય જ રહેલ છે. નાનાસાહેબના અંતિમ દિવસો ભાવનગર પાસે શિહોરમાં વીત્યા હોવાનો પણ કેટલાકનો દાવો છે. □

જીવનનાં વિવિધ ક્ષેત્રોની સિદ્ધ-પ્રસિદ્ધ

મહિલાઓની મુલાકાત

લેનાર
અવંતિકા ગુણવંત



ડૉ. એસ્થેર સોલોમન

[૧૯૨૭માં સૌરાષ્ટ્રના રાજકોટના યહૂદી કુટુંબમાં જન્મેલાં એસ્થેરબહેન સંસ્કૃત અને પ્રાચીન ભારતીય સંસ્કૃતિનાં પ્રોફેસર બને, ગુજરાત યુનિવર્સિટીના સંસ્કૃત વિભાગનાં વડાં બને, પ્રેસિડેન્શિયલ એવૉર્ડ અને પદ્મશ્રી મેળવે, પૂર્વ જર્મનીમાં યોજાયેલ વિશ્વ સંસ્કૃત પરિષદમાં ભારતના ડેલિગેટ તરીકે હાજરી આપે, હિન્દુ દર્શન અને તત્ત્વજ્ઞાન વિશે પુસ્તકો લખે – એ સાનંદાશ્ચર્યજનક ઘટના લાગે છે.]

પ્ર. આપની ભાષા તો હિબ્રૂ ગણાય. એમાં નહિ ને સંસ્કૃત ભાષામાં આટલો બધો રસ ક્યાંથી?

ઉ. મારા નાનાજીનો આ પ્રભાવ છે. મારા બાપુજી નિવૃત્ત થયા ને અમે રાજકોટ આવ્યાં ત્યારે નાનાજી પાસે શેક્સ્પિયર-મિલ્ટન વાંચીએ ને કાલિદાસ અને ભવભૂતિ પણ વાંચીએ. નાનાજી સંસ્કૃત શ્લોક ગોખાવે, વ્યાકરણ કરાવે, રૂપો લખાવે એમ વ્યાકરણ પાકું થયું.

પ્ર. નાનપણથી જ અભ્યાસમાં પરોવાયાં તો બાળપણની રમતો રમ્યાં નથી?

ઉ. રમી છું. પણ દાદાજીના લીધે બધું નિયમબદ્ધ, સમયસર. એમના લીધે મારામાં શિસ્ત આવી. નિશાળમાં દર વરસે સારી વર્તણૂકનું ઇનામ મને જ મળતું. પરીક્ષામાં કાયમ પ્રથમ નંબર આવ્યો છે. ગણિતમાં તો સોમાંથી સો માર્કસ આવતા.

પ્ર. તો ગણિતમાં જ કેમ આગળ ન વધ્યાં?

ઉ. કૉલેજમાં ગણિતના પ્રોફેસરો બદલાયા કરે તેથી ગણિત ન લીધું ને સંસ્કૃતના પ્રોફેસર જોષી સાથે ઘર જેવો સંબંધ તેથી એન્ટાયર સંસ્કૃત લીધું. એમ.એ.માં ફર્સ્ટ ક્લાસ આવ્યો ને અમદાવાદની એલ.ડી. આર્ટ્સ કૉલેજમાં નિમણૂક મળી.

પ્ર. આપની મહત્ત્વાકાંક્ષા શિક્ષણ ક્ષેત્રમાં જવાની હતી?

ઉ. હા. નાની હતી ત્યારે મારા ટીચર મીસ મૉર્ટિયરને જોઈને મને થતું હું ય ટીચર બનીશ.

પ્ર. આપનાં એ ટીચર કુંવારાં હતાં તેથી આપે પણ લગ્ન ન કર્યાં?

ઉ. ના, એટલે નહીં, પણ મારાં લગ્ન વિશે વિચારવાનો સમય આવ્યો એ સમયે મારી બાનું મૃત્યુ થયું. ત્યારે ઘરમાં મારા બાપુજી અને સોળ વરસની મારી નાની બહેન. મને થયું, મારે એમને સંભાળવાં જોઈએ, ને લગ્ન માટે વિચાર્યું નહીં.

પ્ર. એટલે આપે ભોગ આપ્યો?

ઉ. ના રે, ભોગ શાનો? મને પહેલેથી કર્તવ્યના પંથે ચાલવું ગમ્યું છે. મેં મારા કરતાં બીજાનો પહેલાં વિચાર કર્યો છે. જીવનના સંઘર્ષથી હું કદી પાછી નથી હટી.

પ્ર. આપ પહેલેથી આવાં સાદાં હતાં?

ઉ. નાનપણમાં હું શોખીન હતી, મારાં બા શોખીન; એ મારા બધા શોખ પોષે, પણ મારા બાપુજી નિવૃત્ત થયા ને પ્રોવિડન્ટ ફંડનું જે વ્યાજ આવે એમાંથી ઘર ચલાવવાનું આવ્યું. નાનાજી કહે દર મહિને પાંચ રૂપિયા બાજુ પર મૂકો. આમ, કરકસર કરવાની ટેવ પડી ને મારા બધા શોખ છૂટી ગયા. પૈસા બચાવવાનું ગમવા માંડ્યું.

પ્ર. પૈસાનો મોહ ખરો?

ઉ. ના, જરાય નહીં, હું મારા માટે પૈસા નથી ખરચી શકતી, પણ ઘરનાંના માટે ખરચવામાં આનંદ આવે. મારા માટે દસ રૂપિયાથી મોંઘી સાડી પસંદ પડે તોય ન લઉં, પચાસ પૈસાય વધારે ન ખરચી શકું; જ્યારે બહેન માટે ચૌદ રૂપિયાની સાડીય હોંશથી લઉં.

પ્ર. વધારે કમાણી કરવા પ્રયત્નશીલ રહ્યાં છો?

ઉ. ના કદી નહીં. મેં કદી ટ્યુશન નથી કર્યાં. મારી મૉર્નિંગ કૉલેજ હતી, ધંધાવાળા સર્વિસવાળા મારી પાસે ભણવા આવતા, એમને મેં કોઈ પણ અપેક્ષા વગર ભણાવ્યા છે. તેથી અત્યારે પણ હું ગમે ત્યાં જાઉં, મારા વિદ્યાર્થી મને મળી જાય. ત્યારે એટલા ભાવથી મને બોલાવે છે, વગર કહે કામ પતાવી આપે.

પ્ર. વિદ્યાર્થીઓની ગેરશિસ્તનો અનુભવ થયેલો?

ઉ. ના, કદી નહીં. હાજરીની બાબતમાં હું કડક હતી, ક્યારેય બાંધછોડ કરી નથી. ઉદ્ધત તરીકે પંકાયેલા છોકરાઓ પણ મારા વર્ગમાં અદબથી વર્તતા. હું દરેકની સાથે ખુલ્લા મનથી ચર્ચા કરતી, એમની વાત શાંતિથી સાંભળતી ને ઉકેલ લાવતી. એમને મારામાં વિશ્વાસ પ્રગટતો. કોઈ છોકરો વાંચે નહીં તો મને એની ચિંતા થતી ને મારી એ ચિંતા એને સ્પર્શતી.

પ્ર. કેળવણીનું કર્તવ્ય શામાં છે?

ઉ. કેળવણીનું પ્રથમ કર્તવ્ય તો ચારિત્ર્ય-ઘડતર છે. ધાર્મિક નહીં પણ નૈતિક મૂલ્યો, નિષ્ઠા અંદરથી ઊગવાં જોઈએ. નિશાળના દિવસોમાં જ એ ઘડતર થવું જોઈએ.

પ્ર. અત્યારના વિદ્યાર્થીજગત માટે ઘણી ફરિયાદો થાય છે

એનું કારણ શું?

ઉ. હૃદયમનને સંસ્કારે, સંમાર્જિત કરે એવા સાહિત્યનું શિક્ષણ તો સાવ ઓછું થઈ ગયું છે, વ્યવસાયલક્ષી શિક્ષણ પર ભાર મુકાય છે, એ શાખામાં પ્રવેશ મેળવવાની દોટમાં આખો અભિગમ પરીક્ષાલક્ષી થઈ ગયો છે. પરીક્ષામાં શું પુછાશે એ જ તૈયાર કરાવાય છે. અમે ભણાવતી વખતે એકે ખંડ છોડતાં નહીં. વર્ષના અંતે છેલ્લા દસ દિવસ પરીક્ષાની દૃષ્ટિથી વિચાર કરીએ.

પ્ર. અત્યારની પરિસ્થિતિ માટે કોણ જવાબદાર?

ઉ. મા-બાપ ઇચ્છે છે કે એમનું સંતાન પરીક્ષામાં વધારે ટકા માર્કસ લાવે ને જે લાઈનમાં કમાવાની ઉજ્જવળ તકો હોય ત્યાં પ્રવેશ મળે. શિક્ષકો પણ એ રીતે જ વિદ્યાર્થીને તૈયાર કરે છે. આખી દોટ ભૌતિકવાદ તરફ છે, બધું જ બદલાઈ ગયું છે – જીવનમૂલ્યો, આદર્શો, ભાવનાઓ.

પ્ર. આપને નિરાશા થાય?

ઉ. સાવ નિરાશ નથી થતી, પણ દુઃખ થાય છે, ખૂબ દુઃખ.

પ્ર. આપના જીવનનો ખરો આનંદ શામાં?

ઉ. વાંચવામાં ને ભણાવવામાં.

પ્ર. આપ એવું માનો કે અપરિણીત રહેવાથી જ્ઞાનની સાધના વધુ સારી રીતે થાય?

ઉ. હા, સાંસારિક જવાબદારી ઓછી હોય તો વધારે એકાગ્ર થઈ શકાય, પણ એનો અર્થ એવો નહીં કે વ્યક્તિએ અપરિણીત રહેવું જોઈએ. મને લગ્ન માટે કોઈ પૂર્વગ્રહ નથી.

પ્ર. પાછલી ઉંમરમાં કાર્યશક્તિ ઘટી ગયા પછી નીરસતા કે એકલતા લાગે?

ઉ. મને તો એવું નથી લાગતું, કારણ કે મારી બહેનનું કુટુંબ મારી સાથે જ છે. મારાં બનેવીનું ભરજુવાનીમાં રસ્તા પર મૃત્યુ થયું, એ કુદરતી મૃત્યુ કે અકસ્માત ન હતો છતાં અમારે ચૂપ રહેવું પડ્યું હતું, એનો આઘાત બહેનને એટલો સખત લાગ્યો હતો કે ઈશ્વર પરથી એને શ્રદ્ધા જ ઊઠી ગઈ હતી, એ પૂછ્યા કરતી, ક્યાં છે ઈશ્વર?

પ્ર. આપને પણ એ જ પ્રશ્ન ઊઠ્યો હતો?

ઉ. ના, હું મનમાં એવા સવાલો ઊઠવા જ નથી દેતી.

પ્ર. તો સમાધાન શી રીતે શોધો?

ઉ. એમની જિંદગી ટૂંકી હશે તેથી આવું થયું હશે, એમ માનીને પરિસ્થિતિ સ્વીકારી લેવાની.

પ્ર. હાલ શું કરો છો?

ઉ. વિશ્વકોશનું કામ કરું છું. આર્થરાઈટીસના હિસાબે બહાર નથી જવાતું, થાય એટલું કરું છું.

પ્ર. આપના જીવનથી સંતોષ?

ઉ. સંપૂર્ણ સંતોષ છે.

ધ્યાનકથા

મધ્યાંતર

બહાદુરભાઈ જ. વાંક

ગુરુ બજુવાના આશ્રમની બાજુમાં આવેલ એક સંસ્થામાં ધાર્મિક પિક્ચરનો ચેરિટી શો યોજવામાં આવેલ. આયોજકોના ખાસ નિમંત્રણથી બજુવા તેમના એક શિષ્ય સાથે પિક્ચર જોવા ગયા.

પિક્ચર જોઈને ગુરુ બજુવા બહાર નીકળ્યા, ને શિષ્યને પૂછ્યું : 'તને આ ધાર્મિક પિક્ચર પસંદ પડ્યું કે નહીં?'

શિષ્યે કહ્યું : 'ના, મને પિક્ચરમાં બહુ મજા ન આવી.'

બજુવાએ કહ્યું : 'મને ખબર જ હતી કે તને આ પિક્ચર નહીં જ ગમે.'

'આપે એમ કેમ માની લીધું?'

'કારણ કે તુ મધ્યાંતરમાં ઝોલાં ખાતો હતો, એ હું જોતો હતો.'

'હા, ઝોલા ખાતો હતો, પણ પિક્ચર તો મેં પહેલેથી છેલ્લે સુધી જોયું જ છે.'

'ના, સાચું કહું તો તેં પિક્ચર જોયું જ નથી, એટલા માટે કે પિક્ચરના આદિ અને અંતને જોડતાં મધ્યાંતરમાં તો તું ઝોલાં જ ખાતો હતો!'

'હા, પિક્ચર ન ગમે તો પછી ઝોલાં જ ખાઉંને?'

'આમાં પિક્ચરના સારા-નરસાનો કોઈ પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. પ્રશ્ન છે મધ્યાંતરના જાગરણનો.'

'પણ મધ્યાંતરનાં જાગરણને અને પિક્ચરને શું લાગે વળગે?' ફરી શિષ્યે પૂછ્યું.

'મધ્યાંતરનું જાગરણ એ જ તો છે પિક્ચરના રસસ્રોતનું મુખ્ય કેન્દ્રબિંદુ.'

શિષ્યે દલીલ કરી : 'એનો મતલબ એ જ કે આનંદ પિક્ચરમાંથી નહીં, પણ મધ્યાંતરના જાગરણમાંથી જ મળે છે. એટલે પિક્ચર જોવાથી આનંદ મળ્યો એમ કઈ રીતે કહી શકાય?'

'મધ્યાંતરનું જાગરણ તારા ભીતરના રસને સંકોરે છે - સતેજ કરે છે ને એ ભીતરના રસનું બાહ્ય પ્રક્ષેપણ કે વિસ્તાર એ જ તો છે પિક્ચરનો આનંદ.'

શિષ્ય : 'હવે છેલ્લો સવાલ. મધ્યાંતરમાં જાગૃત કેવી રીતે રહી શકાય?'

ને બજુવાએ મર્મવાણી ઉચ્ચારી. 'મધ્યાંતરમાં ઝોલાં કેવી રીતે ખાવાં એવો પ્રશ્ન શું તેં મને પૂછ્યો હતો?' □

જગન્નાથની રથયાત્રા

ઓરિસ્સામાં આવેલા જગન્નાથપુરી યાત્રાધામમાં ભગવાન જગન્નાથજીનું ભવ્ય મંદિર આવેલું છે અને તે પુરીના જગન્નાથ તરીકે જાણીતું છે. ભારતભરનાં જગન્નાથ ભગવાનનાં અનેક મંદિરોમાં પુરીના જગન્નાથ ભગવાનનું મંદિર મુખ્ય ધામ મનાય છે અને ભારતનાં સાત તીર્થધામો પૈકીનું આ પૌરાણિક દૃષ્ટિએ ઘણું મહત્ત્વનું છે. પુરીમાં અને જગન્નાથ પુરીની ભારતમાં આવેલી સર્વે શાખાઓમાં રથયાત્રા નીકળે છે.

પુરીના જગન્નાથ ભગવાનની રથયાત્રામાં ત્રણ ભવ્ય રથ નીકળે છે. પૌરાણિક કથા અનુસાર અષાઢ સુદિ બીજે મથુરાના રાજા કંસે ધનુર્યજ્ઞ યોજ્યો હતો અને તેમાં ભાગ લેવા કૃષ્ણ અને બલરામ ગોકુળથી મથુરા જવા નીકળ્યા. આ ઐતિહાસિક બનાવની સ્મૃતિમાં આજે રથયાત્રા યોજાય છે. પહેલો રથ બલભદ્રજીનો હોય છે, જેનું નામ 'તાલધ્વજ' છે અને રથની ધ્વજામાં હળનું પ્રતીક હોય છે. બીજો રથ બહેન સુભદ્રાનો હોય છે, જેનું નામ 'દર્પ-દલન' છે અને ધ્વજામાં વૃક્ષની ડાળીનું પ્રતીક હોય છે. ત્રીજો રથ ભગવાન જગદીશનો (શ્રીકૃષ્ણ ભગવાનનો) હોય છે, જેનું નામ 'નંદીઘોષ' છે. એની ધ્વજામાં ગરુડનું નિશાન હોય છે.

પુરીની રથયાત્રામાં વર્ષોથી બે વિશિષ્ટ પરંપરાઓ ચાલે છે : એક તે પુરીના રાજવી પોતે ઝાડું લઈને રથનાં તળિયાં તથા આજુબાજુનો ભાગ સાફ કરે છે અને પછી એ રાજવી કુટુંબ તથા રાજા સેવા-પૂજા કરે છે. ત્યાર બાદ રથો પરિક્રમા માટે પ્રયાણ કરે છે. બીજી પરંપરા રથને ચાલતો કરવા માટે દ્વિઅર્થી અભદ્ર ગીતો ગાવાની છે. પ્રથમ, રાજા સુવર્ણની સાવરણી લઈને રથને સાફ કરે છે. પછી રથ ખેંચનારામાંથી કેટલાક લોકો રથ પર ચઢી જાય છે અને દ્વિઅર્થી ગીતો ગાવા લાગે છે અને ભક્તજનો 'હરિબોલ' 'હરિબોલ'ની જયઘોષણા સતત કર્યા જ કરે છે અને રથ ધીરે ધીરે આગળ વધે છે. આમ, જગન્નાથ ભગવાન એમની ત્રણ કિલો મીટરની શહેરની (પુરીની) પરિક્રમા પૂરી કરે છે.

જગન્નાથના મંદિરમાં ત્રણે મૂર્તિઓ કાષ્ઠની છે અને તે અધૂરી ઘડેલી છે. તેની પૌરાણિક કથા એવી છે કે, ઇન્દ્રદ્યુમ્ન નામનો એક રાજા વિષ્ણુભક્ત હતો. તેને સતત એવી પ્રેરણા થયા કરતી હતી કે પુરીની આસપાસ શ્રીવિષ્ણુ ભગવાનનું કોઈ જીવંત સ્વરૂપ વિદ્યમાન છે. સમય જતાં રાજા ઇન્દ્રદ્યુમ્નને અંતસ્ પ્રેરણાથી જાણ થઈ કે જે પદાર્થની તે શોધ કરી રહ્યો હતો તે તેને મળી ચૂક્યો છે અને સ્વપ્નમાં તેને જાણ થઈ કે જે પદાર્થ તેને મળ્યો છે તે એક કાષ્ઠનો ટુકડો છે અને તે સમુદ્રમાંથી વિધિવશાત્ મોજાં દ્વારા તણાઈને આવી રહ્યો છે. રાજાએ તે કાષ્ઠને કિનારે લાવવા માણસોને મોકલ્યા પણ કાષ્ઠ કિનારે આવવાનો જાણે વિરોધ કરી રહ્યું હતું.

રાજા આ બાબતે વિચારી રહ્યો હતો ત્યાં તેને સ્વપ્નમાં વિશ્વવસુનાં દર્શન થયાં. તેઓ ખૂબ જ દુઃખી જણાયા, કારણ તેમની આરાધ્ય ચીજ કોઈ લઈ ગયું હતું. પછી રાજા જાતે વિશ્વવસુ પાસે જંગલમાં ગયા અને તેમની ક્ષમાપ્રાર્થના કરી તેથી વિશ્વવસુને શાતા વળી. વિશ્વવસુને રાજાએ પેલા કાષ્ઠના ટુકડાને કિનારે લાવવા પ્રાર્થના કરી અને એ કાષ્ઠનો ટુકડો કિનારે આવી ગયો.


હવે આ કાષ્ઠના ટુકડાને ઘાટ કેવો આપવો ? ત્યાં તો એક અતિશય વૃદ્ધ અને વાંકો વળી ગયેલો મનુષ્ય (સુથાર) રાજા પાસે આવ્યો અને તેણે આ કાષ્ઠના ટુકડાને ઘાટ આપવાની દરખાસ્ત મૂકી. રાજાએ ઈશ્વરેચ્છા માની કામ શરૂ કરવાનું જણાવ્યું. પણ આ અજાણ્યા શિલ્પીએ એક શરત કરી કે જ્યારે તે ઘાટ ઘડી રહ્યો હોય ત્યારે કોઈએ તેના રૂમમાં ડોકિયું કરવું નહીં કે જોવાની કોશિશ કરવી નહીં, અને પોતે બંધ ઓરડામાં મૂર્તિનો ઘાટ ઘડશે એવું જણાવ્યું. રાજા ઇન્દ્રદ્યુમ્ને શરત મંજૂર કરી.

રાજાની રાણી ગુડીચા હતી, તેણે કુતૂહલવશ બારણા સાથે કાન દબાવીને અંદરથી જે અવાજ આવતા હતા તે સાંભળવા લાગી તથા તિરાડમાં અંદર જોવા પ્રયત્ન કરવા લાગી. આમ, થોડાક દિવસ વીત્યા ત્યાં અંદરથી અવાજ આવતા સંભળાયા નહિ. રાણીએ બારણું ખોલી અંદર જોયું તો પેલો વૃદ્ધ તેની સામે ક્રોધથી તાકી રહ્યો. એ વૃદ્ધે તેની રચના અધૂરી મૂકી દીધી અને ચાલ્યો ગયો. તેઓ દેવોના સ્થપતિ સાક્ષાત્ વિશ્વકર્મા હતા, પણ મનુષ્યની દુષ્ટતાએ ભગવાનના સ્વરૂપને અધૂરું રાખવાની તેમને ફરજ પાડી.

રાજાએ દુઃખ સાથે જેવા સ્વરૂપનું મૂર્તિવિધાન થયું તેવું જ મંદિરમાં સ્થાપન કરવાનો નિર્ણય કર્યો. રાજા ઇન્દ્રદ્યુમ્નનો ગુપ્તચર વિદ્યાપતિ હતો. જંગલમાં શોધખોળ અર્થે જઈને શ્રી વિશ્વવસુ જે પદાર્થની પૂજા-આરાધના કરતા હતા તે ગુપ્ત પદાર્થ વિદ્યાપતિ લાવ્યો હતો તેને આ મૂર્તિની દૂંટીમાં એટલે કે નવપદ્મમાં સ્થાપિત કરવામાં આવ્યો. આ દૂંટીમાં ગોઠવાયેલા નીલમાધવ શરૂઆતમાં પુરુષોત્તમ ભગવાન અને પાછળથી જગન્નાથ ભગવાન તરીકે પ્રસિદ્ધ થયા.

પરંપરાથી, આશરે દર બાર વર્ષના ગાળા પછી જૂની મૂર્તિને જમીનમાં દાટી દેવાય છે અને ત્યાં બરાબર અગાઉના જેવા આકારની કાષ્ઠની મૂર્તિનું સ્થાપન થાય છે અને ત્યારે પેલા નવપદ્મને જૂની મૂર્તિમાંથી કાઢીને નવી મૂર્તિમાં સ્થાપિત કરવામાં

(અનુસંધાન પૃ. ૩૫૬ ઉપર)



હોગિયા સોફિયા દેવળ (ઇસ્તંબૂલ)

હેમંત વાળા

ઇમારતના ભાર-વહનના સિદ્ધાંતો અનુસાર ભૌમિતિક આકારોવાળી રચના, સ્થાપત્યની પરિભાષા સમૃદ્ધ કરતી ઝીણવટભરી રચના, વિશાળ ગુંબજ વડે નિર્ધારિત થતી જગ્યાનું ક્રમશઃ વધતું પ્રમાણમાપ, ઇમારતના ઇજનેરી અભિગમનું બાહ્ય દેખાવમાં સ્પષ્ટ રજૂ થતું પ્રતિબિંબિ તથા ઇમારતની અંદર કુદરતી પ્રકાશનો નાટકીય ઉપયોગ; હાગિયા સોફિયાનું દેવળ આ બધી વિશિષ્ટતાઓ માટે ઉલ્લેખનીય છે. ચોરસ ક્ષેત્ર પર ગુંબજ બનાવવાની મુશ્કેલી નિવારવા સ્થાપત્યમાં વિવિધ પ્રયોગો કરાયા છે. તેમાંની એક રીતમાં ખૂણામાં સ્કવીન્ચ કમાન બનાવી ચોરસને અષ્ટકોણમાં રૂપાંતરિત કરાતો, જે અષ્ટકોણથી ગુંબજને કોણીય આધાર મળતો. તેની સંરખામણીમાં પેન્ડેન્ટિવની રચનાથી ગુંબજને ગોળાકાર આધાર મળતો. આ પેન્ડેન્ટિવની રચના ગુંબજની રચનાના સિદ્ધાંત પ્રમાણે જ થતી હોવાથી તેમાં ભારવહન વધુ સરળ થતું. હોગિયા સોફિયામાં ગુંબજને ચોરસ આધાર પર ટેકવવા આવા પેન્ડેન્ટિવ પૂર્ણ ઇજનેરી અભિગમથી વપરાયાં છે. આમ, સંઘટિત ભારવહનની દળદાર રચનાથી નહીં પરંતુ પ્રમાણમાં ઓછા દળદાર ભૌમિતિક આકારોના કલ્પનાશીલ ઉપયોગથી બનાવાયેલ આ દેવળ સ્થાપત્યનો એક ઉલ્લેખનીય નમૂનો છે.

આ દેવળની રચનામાં મધ્યમાં ૩૨.૬ મીટરના માપવાળા ચોરસ પર ગુંબજ ટેકવવા ૭.૬ મીટર × ૧૮.૩ મીટરના ચાર સ્તંભ બનાવાયા છે, જેના પર ચાર અર્ધગોળાકાર કમાનો ટેકવાઈ છે. અંતે આમ તે ૩૨.૬ મીટર વ્યાસના ગુંબજને જમીનથી ૫૪.૮ મીટર ઊંચાઈ પર ટેકવે છે. આ ગુંબજની પૂર્વ તથા પશ્ચિમે બે અર્ધ-ગુંબજ છે, જેનાથી ૬૮.૬ × ૩૨.૬ મીટરના માપની મધ્યવિથિ રચાય છે. આ જગ્યા રોમના કારાચાલ્લાના સ્નાનાગારના મધ્યકક્ષથી પણ ૮.૫ મીટર મોટી છે. ગુંજબનો ઉત્તર તથા દક્ષિણ બાજુનો ભાર લેવા ૭.૬ મીટર જાડી તથા ૧૮.૩ મીટર લાંબી દીવાલો બનાવાઈ છે. મધ્યમાં આવેલ ગુંબજની પેન્ડેન્ટિવ ૭.૬ મીટર ઝૂલતી થતા ૧૮.૩ મીટર ઊંચી છે. આમ, આ સમગ્ર જગ્યાની રચનામાં ચોક્કસ પ્રમાણમાપ વારંવાર ઉપયોગમાં લેવાયું હોવાથી ભૌમિતિક રચના પૂર્ણતા પામે છે. ઇંટોમાંથી બનાવાયેલ આ ગુંબજ ફરતે બારીઓ રખાઈ હોવાથી ગુંબજ હવામાં તરતો હોય તેવી અનુભૂતિ થાય છે. દેવળની મધ્યવિથિની ઉત્તર તથા દક્ષિણે ૧૫.૨ મીટર પહોળી દ્વિમાળી પાર્શ્વવિથિ બનાવાઈ છે, જેનો ઉપરનો માળ સ્ત્રીઓ દ્વારા ઉપયોગમાં લેવાતો. દેવળની દીવાલો તથા સ્તંભ પર પ્લાસ્ટર ઉપરાંત આરસ તથા ધાતુનું જડતર કરાયેલ જ્યારે તેના ભોંયતળિયે આરસ જડાયેલો છે. આ દેવળની રચનામાં આંતરિક સ્થાનોમાં સુશોભનને જેટલું મહત્ત્વ અપાયું છે તેટલું બાહ્ય દેખાવને નથી અપાયું.

ઈ.સ. ૫૩૨થી ૫૩૭ના ગાળામાં બનાવાયેલા આ દેવળ બાયઝેન્ટાઈન સ્થાપત્ય શૈલીનું ઉત્કૃષ્ટ ઉદાહરણ છે. તેની ઇમારત પ્રવેશ-મંડપમાં થયેલ થોડીક ક્ષતિ બાદ કરતાં અકબંધ છે. આ દેવળને ઈ.સ. ૧૪૫૩માં તૂર્કો દ્વારા મસ્જિદમાં રૂપાંતરિત કરાયું હતું અને તેમાં મિનારા ઉમેરાયા હતા. જોકે હાલમાં આ ઇમારત મ્યૂઝિઅમ તરીકે ઉપયોગમાં લેવાય છે. આ જ શહેરમાં આ જ દેવળની પ્રતિકૃતિ સમાન ઈ.સ. ૧૫૭૦-૭૫માં સુલેઈમાનની મસ્જિદ બનાવાઈ છે. □

દાડમ

ધનુભાઈ મહેતા

ફ્રેન્ચોએ દાડમને - 'લા ગ્રાનેદ' એવું નામ આપ્યું હશે ત્યારે તેમને સ્વપ્નેય ખ્યાલ નહીં હોય કે આ ફળ એઈડ્ઝ જેવા ખતરનાક રોગના કારણરૂપ HIV વિષાણુઓનો પ્રતિકાર કરવા સક્ષમ છે. સંયુક્ત રાજ્યોની બ્રાઈટન (Brighton), લિસેસ્ટર (Leicestar) અને નૉટિંગહામ (Nottingham) યુનિવર્સિટીઓએ હાથ ધરેલ સંશોધન કાર્ય દર્શાવે છે કે દાડમમાંથી મળી આવતું એક તત્ત્વ ન ધારી હોય એટલી તાકાતથી અમુક ચોક્કસ પ્રકારના વિષાણુઓ અને જીવાણુઓનો કચ્ચરઘાણ કાઢી શકે છે. નૉટિંગહામ યુનિવર્સિટીના 'અપ્લાઈડ મોલેક્યુલર જીવાણુશાસ્ત્ર'ના પ્રાધ્યાપક અને 'અપ્લાઈડ સાયન્સ અને ટેકનોલૉજિ'ના વડા ગોર્ડન સ્ટુવર્ટ (Gordon Stewart) ડૉ. સાબાહ જેસીમ (Dr. Sabah Jassim)ના સહકારથી 'સાલમોનેલા (Salmonella) - આંતરડામાં થતાં એક પ્રકારના જીવાણુઓ ને પરખવાની ઝડપી પદ્ધતિ વિકસાવવાનું સંશોધન કાર્ય કરી રહ્યા છે. બ્રાઈટન યુનિવર્સિટીનો ફાર્મસી વિભાગ પણ આ સંશોધનકાર્ય કરે છે અને દવા બનાવતી 'ગ્લૅક્સો' નામની દવાની કંપની તેને આર્થિક સહાય કરે છે. તેના સંશોધનની ભૂમિકા છે 'બૅક્ટીરીઓફેજ' નામે ઓળખાતા વિષાણુઓ. તેમનું લક્ષ અમુક ચોક્કસ પ્રકારના જીવાણુઓ છે કે જે રોગપ્રતિકારક તરીકેનું અને તેની સાથે ભળેલા બીજા વિષાણુઓને પકડી પાડવાનું કામ કરે છે.

વિષાણુઘ્ન - 'સાલમોનેલા' (Salmonella) પરીક્ષણ સંશોધનનો મૂળભૂત હેતુ વિષાણુઘ્ન તારવવાનો છે – એક એવું વિષાણુઘ્ન કે જે તંદુરસ્ત કોષોને કશી હાનિ પહોંચાડ્યા સિવાય માત્ર વિષાણુઓને જ મારે. દાડમનો અર્ક HIV વાઈરસના સંસર્ગમાં આવતા વેંત જ તેને ખતમ કરી શકે અને ઇન્ફલુએન્ઝા, બાળલકવા, હરપીસ અને ઝાડાના મનુષ્ય શરીરની અંદર રહેલા વિષાણુઓ પર પણ અસરકારક નીવડે એવું સંશોધન કરવાનો અંગુલીનિર્દેશ દાડમમાંથી મળી આવતા એક રોગપ્રતિકારક ઘટકે કર્યો. કુરાનમાં ઉલ્લેખ કરવામાં આવેલા નારંગી કદના કોઈ એક ફળ વિષેના વિધાનની સત્યતા સ્વીકારતા પહેલા ડૉ. સબાહ કેટલાક છોડના નિષ્કર્ષ પર અન્વેષણ કરી રહ્યા હતા. કુરાનનું આ વિધાન સાચું નીવડ્યું અને ગમે તેમ હોય મહત્ત્વ તો પરિણામનું જ છે ને! લિસેસ્ટર યુનિવર્સિટીના મુસ્લિમ પ્રતિનિધિ શ્રી રસિક સીદીકી (Mr. Rashid Siddiqui) કહે છે કે પવિત્ર કુરાનમાં દાડમને 'અલ્લાહના આશીર્વાદ' કહેવામાં આવ્યું છે. ગર્ભિતપણે એક આયાતના અંતિમ શબ્દો છે, 'શ્રદ્ધાળુઓ માટે તેમાં (દાડમમાં) (ઔષધીય) લક્ષણો છે.'

ફળદ્રુપતાનું પ્રતીક :

ઉત્તર આફ્રિકા અને પશ્ચિમ એશિયામાં ઊગતું દાડમ હજારો વરસથી ફળદ્રુતાનું પ્રતીક બની રહ્યું છે. દાડમના છોડમાંથી જંતુપ્રતિરોધક તત્ત્વ નીચોવી કાઢવામાં આવે છે એ કોઈ નવી વાત નથી. પણ દાડમદાણામાંથી ખેંચી કાઢવામાં આવતું એક ઘટક તો દેખીતી રીતે જ મનુષ્યના તંદુરસ્ત કોષોને કશી જ હાનિ પહોંચાડ્યા વિના ગણતરીની ક્ષણોમાં જ અબજોની સંખ્યામાં વિષાણુઓનો નાશ કરી શકે છે. વળી, વિષાણુના સંસર્ગમાં આવતાની સાથે જ તે તેને મીટાવી દે છે અને તે અન્ય કોઈ જાણીતા રોગપ્રતિરોધકો કરતાં આઠગણું વધારે અસરકારક છે.

લિસેસ્ટર યુનિવર્સિટીના 'ક્લિનિકલ માઈક્રોબાયોલૉજિ' વિભાગના પ્રો. સ્ટીવન મિન્ટ (Prof. Steven Myint) આ સંશોધનનું મૂલ્યાંકન કરીને આ ઘટકની વિષાણુઓનો હ્રાસ કરવાની બળક્ષમતાની ટકાવારી કાઢવા મથે છે. પ્રો. મિન્ટની તો ધારણા છે કે તે માત્ર વિષાણુઓનો જ નહિ, પણ HIV વાઈરસને પણ મારે છે. આ ક્ષેત્રે આપણે ઊજળી આશા સેવી શકીએ તેમ છીએ. પ્રયોગશાળામાં તો સફળતા મળી છે પણ દર્દી પર તેની કામયાબી હાંસલ કરવી હજી બાકી છે. પણ તેઓ તેને શક્ય માને છે અને કહે છે કે આના જેવું બીજું કોઈ ઘટક હજી મેં જોયું-જાણ્યું નથી અને સફળ સિદ્ધ થાય તો સર્વના ખપમાં આવે તેવું છે.

આ ઘટકની પ્રવાહીરૂપે પિચકારી દ્વારા આપી શકાય અથવા તો મલમરૂપ બનાવી ચામડી પર ચોપડી શકાય - એવી દવા બનાવવાનો તેમનો મૂળભૂત પ્રયાસ છે. દા.ત. સંતતિ-નિયમનના સાધન - કૉન્ડોમ પર રક્ષણની વિશેષ તકેદારી રૂપે આવરણ તરીકે ખપમાં લેવા કે ઇસ્પિતાલમાં છાંટવા.

હજી તો આ ઘટકમાંથી કોઈ ઔષધિ તૈયાર કરવામાં આવી નથી. લોહીના રક્તકણો પર તેની વિપરિત આડ અસર થતી હોવાને લીધે ન તો તેને ઇન્જેક્શન દ્વારા કે ન તો મોઢેથી પીવાની દવા તરીકે આપી શકાય.

આ શોધનું વ્યાપારીકરણ કરવાની સંભવિતતાના ધોરણે અન્વેષણ કરવા ઉપરોક્ત ત્રણે યુનિવર્સિટીઓમાં JSD ટેક્નોલૉજીઝ નામની એક નવી કંપની ઊભી કરવામાં આવી છે. આ કંપનીને સંયુક્ત રાજ્યોના વેપાર અને ઉદ્યોગ ખાતા તરફથી બે 'સ્માર્ટ' (SMART) (Small Firms Merit Awards For Research and Technology) પારિતોષિક આર્થિક સહાય રૂપે

(અનુસંધાન પૃ. ૩૮૫ ઉપર)


દુલેરાય કારાણી અને 'સુકાની'

રામસિંહજી રાઠોડ

કવિશ્રી દુલારાય કારાણીએ કચ્છી-ગુજરાતીમાં સાહિત્ય સર્જન કર્યું છે. એમણે નગદ રણકાભરી શૈલીની એમની કાવ્ય રચનાઓ વ્રજ ભાષા (હિન્દી) અને ઉર્દૂમાં પણ ઉતારી છે. એમણે સિંધી ભાષાના 'શાહજો રીસાલો'નું ગુજરાતીમાં ભાષાંતર પણ કર્યું છે. સાથેસાથે કચ્છના લોકસાહિત્યનું મબલખ સંપાદનકાર્ય કરી એને ઠીકઠીક આગળ વધાર્યું છે.

ગુજરાતમાં કાઠિયાવાડના કારાણી સમા ઝવેરચંદ મેઘાણી અને કચ્છ-ગુજરાતના મેઘાણી સમા દુલેરાય કારાણી લોકસાહિત્યના મંથન કાજે સમાનધર્મી હતા. બન્નેની જન્મશતાબ્દી પણ સમાંતરે ઉજવાય છે. કારાણીનો જન્મ ૨૬-૨-૧૮૯૬ના રોજ કચ્છમુંદ્રામાં થયો. તા. ૨૬-૨-૧૯૮૯ના રોજ ૮૯ વર્ષની ઉંમરે એમનું અવસાન થયું. બન્નેએ જીવનભર, લોકોને જે ગમે, લોકો જે ઝીલે અને લોકજીભે જે રમતું થાય તેવું સાચકલું સાહિત્યસર્જન કર્યું છે. મેઘાણી જેમ જ કારાણીએ પણ સમાન રીતે ચારણી સાહિત્યની ઢબે વાઙ્મય રચનાઓ કરી છે. ગામડે ગામડે વિસામા કરી આ બંને વીર કવિઓએ લોકસાહિત્યના વીરડા ઉલેચ્યા છે અને તેની મીઠપ માણી-મણાવી છે.

૧૯૪૪માં અમદાવાદમાં ભરાયેલ ગુજરાત ઇતિહાસ સંમેલનમાં (ડાબેથી) મેઘાણી, એ.એસ. ગદ્રે, રામસિંહજી રાઠોડ, મંજુલાલ મજમુદાર, અમૃત પંડ્યા, રવિશંકર રાવળ, બચુભાઈ રાવત



મેઘાણીભાઈ સાથે આ લેખકનો નાતો તો 'કુમાર'માંથી સંધાયો. તા. ૧૯-૪-૨૮ના શ્રી ઝવેરચંદ મેઘાણીએ એમનું 'વેણીના ફૂલ' પ્રકાશન 'ભાઈશ્રી પરમારની ચિ. ભારતીને ભેટ' આપ્યું. એ માટે હાથ પહોંચતાં 'મેઘાણી સાહિત્ય' સાથે મારો ઘરોબો વધ્યો. એ વખતમાં મેઘાણી અને કારાણીએ જૂની લોકસંસ્કૃતિને જાળવી રાખવા તેમના પ્રબળ પ્રેમનો આરંભ કર્યો. 'તારા જીવતર થોડાં ને હેત ઝાઝાં રે' એવી ભાવનાથી પ્રેરાઈ આ બન્ને લોકસાહિત્યકાર અને લોકકવિઓએ લોકસાહિત્યમાં સ્વાનુભવ અને સર્વાનુભવના છેડા છેક સુધી મેળવવાનો આદર કર્યો. આમ કરી એમણે બન્નેએ લોકસાહિત્યના બાગને લૂંબેઝૂંબે બનાવ્યો છે.

મેઘાણી અને કારણીએ નવા સાહિત્ય-સંસ્કારની સિકલને સ્વીકારી છે. આપણા સાહિત્યકાર 'દર્શક'ના જણાવ્યા પ્રમાણે એમણે માતૃભાષાનાં સર્વ રૂપોને સાચવી એનું સચ્ચાઈભર્યું નિરૂપણ એમના લોકસાહિત્ય-સંપાદનમાં કર્યું છે. લોકબોલીનાં લઢણ અને લહેકાનો પ્રભાવ જાળવ્યો છે. આમ, આ બન્ને કવિઓએ ગુજરાતી ભાષાની શબ્દસૃષ્ટિને સમૃદ્ધ કરી છે.

મેઘાણીભાઈ લખે છે કે ચારણી સાહિત્ય પણ લોકસાહિત્ય છે. ચારણીશૈલીમાં સાદા શબ્દો અને સરલ ભાવ વાપરી મેઘાણી 'ચારણકન્યા' રચનામાં આ વાત સબળતાથી પ્રયોજે છે :

'આંખ ઝબૂકે!
ટમટમતી બે જ્યોત ઝબૂકે
જાણે બે અંગાર ઝબૂકે
વીર તણી ઝંઝાળ ઝબૂકે
વાદળમાંથી વીજ ઝબૂકે
સામે ઊભું મોત ઝબૂકે.'

- તો કારાણીભાઈ એમની નાટ્યરચના 'જાડેજા વીર ખેંગાર'માં ચારણીશૈલીનો સફળતાથી આવો જ પ્રયોગ કચ્છી ભાષામાં કરે છે :

'વડરી મેં જીં વિજ ઝબૂકે,
સામેં ઉગંધો સિજ ઝબૂકે
મોતી જાણે લાલ ઝબૂકે,
જોધેંની જંજાલ ઝબૂકે
નેં ઈ ડાચો ફાડે તડેં...'


મેઘાણીભાઈએ લોકગીતો-લોકસાહિત્ય એ કોઈ એક જ કવિની માલિકીનું ન હોય, એમ પ્રમાણિત કીધું છે. સાચકલું લોકસાહિત્ય એ જનસમાજનું ધન છે. બાકીનો બૂઠો સંચય તો પુસ્તકમાં જ પડ્યો રહે ! આ રીતે લોકકવિ લોકજીવનની કોઈ જન્મગત પ્રતિભા પ્રગટાવે છે. લોકજીભે તો એવું સાહિત્ય રમતું રહે. કારાણીની લોકલઢણભરી બળૂકી બોલીમાંની આવું વર્તાય છે. કચ્છી ભાષાના ધીંગા બોલ જ્યારે બોલાય ત્યારે અને ગવાય ત્યારે એ સુખડી સરખા મીઠા લાગે છે; સાકર સરખી મીઠપથી એ સુઠા ભાસે છે. કારાણીએ સંપાદન કરેલું આવું લોકસાહિત્ય જનમાનસને રસતરબોળ રાખે છે.

કવિ કારાણીએ કચ્છી-ગુજરાતીમાં વિપુલ સાહિત્ય સર્જન કર્યું છે. આપણી 'કવિતા સમૃદ્ધિ'માં શ્રી બ. ક. ઠાકોરે 'ઝારાનું મયદાને જંગ' જેવા યુદ્ધકાવ્યને ખૂબ બિરદાવ્યું છે. કારણીએ ગુજરાતી સાહિત્યને વિશિષ્ટ એવાં 'જંગકાવ્યો' આપ્યાં છે. એમની આવી કવિતાનો સૂર વતનપરસ્તી છે અને એથી એના રસનિરૂપણથી તેઓ આવી રચનાઓમાં કથારસ જમાવે છે. 'કચ્છીસંગર' રચનાની કાવ્યપદ્ધતિનું ઉમેરણ કરી કારાણીએ ગુજરાતી સાહિત્યને એક વિશિષ્ટ છંદશૈલીનું પ્રદાન કર્યું છે. ખોંધજી ખાંભી - અય પધરજા પારીઆ ગંજેજા શણગાર' કચ્છીમાં અને 'ઓ પાદરના પાળીયા ગામતણા શણગાર - ખોંધની ખાંભી' ગુજરાતીમાં આનાં મજાનાં ઉદાહરણ છે.

ભવ્ય ભૂતકાળનાં દર્શન થાય એ રીતે કચ્છના અમર ઇતિહાસની, તેની વીસરાતી કેટલીક વાતો કારાણી એકત્ર કરે છે. સને ૧૯૨૮માં તેઓ એનું સંપાદન કરે છે. 'કચ્છનાં રસઝરણાં'ની આ રચના થકી કચ્છની તવારીખી



↓ 'સુકાની'



રચનાઓ આલેખવાનો કારાણી પ્રયાસ કરે છે. આ જ અરસામાં કારાણી 'પા-પા-પગલા' પોથીનું પ્રકાશન કરે છે અને ગાંધીલિપિ-ગુજરાતીમાં શુદ્ધ ઉચ્ચારણવાળી કોડીલી કચ્છીભાષા લખવાનાં પગરણ કરાવે છે. કારાણીએ 'કચ્છી કાવ્યકુંજ'ના પાંચ ભાગ આપ્યા છે. 'કચ્છના કળાધરો' અને 'કચ્છના સંતો તથા કવિઓ' જેવી ધીંગી અને નોંધપાત્ર રચનાઓથી કચ્છની સાહિત્યસમૃદ્ધિ વધારી છે. શ્રી હેમરાજ શાહ સંપાદિત 'શ્રી દુલેરાય કારાણી વિશેષ' પુસ્તક સને ૧૯૯૭ના કચ્છના એક શ્રેષ્ઠ પુસ્તક તરીકે ગણાયું છે. શ્રી કારાણી વિશેના એ ઉત્તમ પ્રકાશનમાં આપેલ સૂચિ મુજબ કારાણીના પ્રસિદ્ધ થયેલાં ૭૯ પ્રકાશનો ઉપરાંત તેમની અપ્રગટ ગ્રંથરચનાઓની સંખ્યા ૧૦ દર્શાવી છે.

ગુજરાત તેની પોતીકી બે બાષા ધરાવતો દ્વિભાષી પ્રદેશ છે. એની 'ગુજરાતી' તેમજ 'કચ્છી' બન્ને ભાષાઓ એક જ **ગાંધીલિપિ** ગુજરાતીમાં લખાય છે. કારાણી એમનાં બધાં લખાણોમાં આ 'ગાંધીલિપિ' ગુજરાતીનો ઉપયોગ કરે છે. પણ ગાંધીબાવનીનું ઘડતર નાગરીલિપિમાં કરતાં શ્રી કારાણી વિચારે છે તો માતૃભાષા કચ્છીમાં

'બોલ બોલજે તોલમેં મોતીઊં જા મોલ,
ગાલગાલમેં મૂં ડિઠા, મિઠા બોલ અણમોલ.'

કવિ કારાણી કવિતાકલાના પૂરા પરખંદા છે. કચ્છની કવિતાની શાળાની કચ્છમાં પ્રચલિત કચ્છની સાહિત્યભાષા 'વ્રજ'માં કારાણી ગાંધીબાવની ઘડે છે. આમ કરી હિન્દરાષ્ટ્રમાં ગુજરાત-કચ્છની ધરતીના ધબકાર એ પડઘાવે છે. કારાણી કહે છે :

'જબ લગ સૂરજ-સોમ વ્યોમ મેં, જ્યોતિષ્માન મુદામ રહેગા,
જબ લગ માનવ માનવ મેં, એક માનવતા કા નામ રહેગા,
તબ લગ ભારત કે અંતર મેં, ગાંધી તેરા નામ રહેગા.'

અંતે કવિ કારાણી હૃદયંગમ બને છે ને ધન્યતા ધારે છે :

'જૈસે સૂરદાસ, સંત તુલસી, નરસિંહાદિ
ભક્તજન ભયેધન, હરિગુન ગાયકે,
કારાણી જીવન ધન, કચ્છ સુવતન ધન,
ગાંધી મનમોહન કી, બાવની બનાય કે.'

કારાણીએ 'કચ્છ ગુજરાત છે અને ગુજરાત કચ્છ છે' એમ પ્રમાણ્યું. ભાષા પરત્વેની આવી સભાનતા સતત એમનાં સર્જનોમાં વર્તાય છે. કચ્છમાં કચ્છીભાષી લેખક ગુજરાતીમાં લખે તો ગુજરાતીભાષી કચ્છી કવિ કચ્છીમાં લખે! કારાણીએ તો સમભાવે પોતાના સાહિત્યસર્જનમાં પોતાને સહજ સુલભ એવા પ્રકૃતિસહજ માધ્યમ

સર્વ ભાષાના પ્રયોગ કર્યા છે :

'કડૅક હોસા વાયરા, કડૅક થધી હલકાર;
કારાણી હર હાલમૅં, ખીલી કરે ખીંકાર!'

ક્યારેક બળબળતી લૂ હોય તો ક્યારેક ઠંડી હવાની હલક હોય; પણ કારાણી તો ગમે તેવી સ્થિતિમાં મસ્તમગ્ન રહે છે. કુદરતી કવિતાને વરેલા આવા મીઠા માડુ કારાણી એકદા વનવગડાના આડુ એવા આ લેખકને કહે કે,

'ઝાડ હિકડો કિતાબ આય, ઉપટેતાં ન્યાર;
પન પન પનું આય, વાંચે તાં ન્યાર!'

કચ્છને વૃક્ષ કલ્પી, કેવી મજાની વાત કહી! ઝાડ એક ગ્રંથ છે એને ખોલી તો જો? એના પાને પાને અવનવું જ્ઞાન છે, વાંચી તો જો!

જૂની પેઢીના ગુજરાતી સાહિત્યકારો કચ્છી ભાષાની ખુલકભરી આવી ખૂબીથી પૂરા વાકેફ હતા અને છે. પણ અત્યારની પેઢીમાં જેઓ કચ્છી ભાષાસાહિત્યનો ઉપરછલ્લો પરિચય ધરાવે છે, તેમણે તો કારાણી જેવા સર્જકની ઉપલબ્ધ સાહિત્યસામગ્રીના આધારે કચ્છી ભાષાસાહિત્યનો મર્મમરતબો સમજવો જરૂરી છે. ગુજરાતમાં બેવડી સ્થિતિમાં જીવતી કચ્છી પ્રજા ભાષાભાવની બેવડી શક્તિ ધરાવે છે. **'ભારત પચ્છમ અચ્છો કચ્છ.'**

વળી સાત સમંદરમાં ગુજરાતીપણાનો એનો નેજો ફરકતો રાખનાર કચ્છનો સાગરકાંઠો ગુજરાતને એનું ગુજરાતીપણું આપવામાં અગ્રિમ છે અને કચ્છીની આવી અસ્મિતાભર્યા કચ્છી ગુજરાતીઓ દુનિયાના દરેક ખૂણામાં પખડ્યા પડ્યા છે. આપણા મૂર્ધન્ય કવિ ઉમાશંકર જોશીને કચ્છ અને કચ્છીભાષામાં વિવિધતામાં એકતા કેળવવાની ભારતની યુગોજૂની સાધનાનાં દર્શન થાય છે. 'ભારતીય સંસ્કૃતિ દર્શન-કચ્છ'નો તા. ૧૨-૧૧-૧૯૮૯ના કાર્યારંભ કરાવતા તેઓ બુલંદીથી બોલે છે : 'ભારત પચ્છમ અચ્છો કચ્છ' ગુજરાત કારાણીનું સવિશેષ ઋણી છે. 'કારાણીએ ગુજરાતની બીજી ભાષા, પ્રાણવાન કચ્છીભાષાને અને તેની ચેતનાને ગુજરાતીમાં જીવતી કરી છે.' એવી કવિશ્રી મેઘાણી પ્રતીતિ કરાવે છે. આથી કાકાસાહેબ કાલેલકર અને ઉમાશંકર જોશી વિવિધ ક્ષેત્રે લોકસાહિત્યની સેવા કરનાર આ વિરલા કવિઓ - મેઘાણીજી અને કારાણીજી - માટે કૃતજ્ઞતા વ્યક્ત કરે છે.

કચ્છી ભાષાની સધ્ધરતાના 'સુકાની'

કચ્છી ભાષાની સદ્ધરતા અને ગુજરાતી ભાષા સાથેનું તેનું ઐક્ય 'કુમારે' તો આરંભથી પ્રમાણ્યું છે. કચ્છી ભાષાની સમૃદ્ધિની આવી પરખ 'કુમારે' શ્રી ચંદ્રશંકર બૂચ - 'સુકાની' જેવા સમર્થ અને સબળ કચ્છી સાહિત્યકારની કલમે 'કચ્છી ગુજરાતી'માં કે 'ગુજરાતી કચ્છી'માં લખાયેલા સુંદર સાગર સાહિત્યના સર્જનથી કરાવી છે. એમની વિશ્વ સાહિત્યની હરોળમાં બેસતી સાગરકથાઓ - હડકીવારી આઈ, ભૂતિયું વહાણ, ધુડાકિયો બાણ, સાગવાનનું હૈયું, દેવો ધાધલ વગેરે પ્રગટ કરી 'કુમારે' ગુજરાતી સાહિત્યને સરિયામ ગરિમા બક્ષી છે. આવા ઓજસભર્યા સાહિત્યના સર્જક સુકાની, કવિ કારાણી અને મેઘાણીભાઈના સમકાલીન અને એમના લોકસાહિત્યના હામી હતા. કચ્છ મુંદ્રામાં તા. ૨૫-૯-૧૮૯૬ના રોજ 'સુકાની'નો જન્મ. ગુજરાત-કચ્છમાં કારાણીભાઈ અને મેઘાણીભાઈની જન્મશતાબ્દી રંગેચંગે ઉજવાય છે; ત્યારે ગુજરાત 'સુકાની'ને સંભારવામાં રખે ઊણું ઊતરે! આપણા સંસ્કાર અને સંસ્કૃતિની પ્રવર્તક અને રાષ્ટ્રિય અસ્મિતાની આશક એવી સાહિત્ય સ્વામીઓની આપણી સર્જકત્રિપુટીને યથોચિત અર્ઘ્ય આપી આપણું ઋણ અદા કરીએ. □

અનુસંધાન] **દાડમ** [પૃ. ૩૮૨થી

મળ્યાં છે અને તે આ સંશોધનનું જ્ઞાનક્ષેત્રમાંથી વ્યાપારીક્ષેત્રમાં સફળતાપૂર્વકનું સંક્રમણ કરવા વિચારી રહી છે. 'JSD ટેક્નોલૉજીઝ' કંપની 'રી-ઓ' (Re-o) ફાર્માસ્યુટિકલ કંપની સાથે સહકારથી કામ કરશે. 'રી-ઓ' ફાર્માસ્યુટિકલ છેક ૧૯૯૩ની સાલથી છોડવામાંથી ઔષધિ બનાવવાના કાર્યમાં મોખરે રહી છે અને તેને પણ વિષાણુઘ્ન ઔષધિઓની સંભવિતતા પર એક વરસ માટે અભ્યાસ કરવા 'સ્માર્ટ' તરફથી આર્થિક સહાય સાંપડી છે. પ્રો. સ્ટુવર્ટ અને પ્રો. મિન્ટ ભારપૂર્વક કહે છે કે આ દવા 'AIDS'ના ઉપચાર માટેનું હજી પ્રતીક બની નથી. 'AIDS' - પર તે રામબાણ ન પણ નીવડે. પ્રો. સ્ટુવર્ટ આ દવાની કામયાબી માટે નથી તો કોઈ દાવો કરતા કે નથી તો કશું સમર્થન. તેઓ તો માત્ર ઉત્તેજના જ અનુભવે છે. પણ આ પરત્વે તેઓ પૂરેપૂરા આશાવાદી તો છે જ અને દઢતાપૂર્વક માને છે કે આ વિષાણુઘ્ન દવા 'એઈડ્ઝ' સુધી વિસ્તરતા 'HIV' વાઈરસને નાથવા માટે સક્ષમ બની રહેશે. તે દરમિયાન આ ક્ષેત્રે પ્રગતિ જારી છે અને બ્રાઈટન યુનિવર્સિટીની ટુકડીએ સક્રિય ઘટકોની વિશિષ્ટતાઓને આંબી છે એટલું જ નહિ, પણ તેને પરિશુદ્ધ પણ કરી છે. પ્રો. મિન્ટ તો કહે છે કે આ ઘટકનો અર્ક સામાન્ય શરદી, ચામડી પરના મસા અને HIV જેવા ભિન્ન ભિન્ન રોગો પર કામ કરશે અને બજારમાં તે મુકાશે તો તે એક સ્થાનિક ઔષધિ બની રહેશે. પણ તેની કામયાબી વિષે હજી તો તેઓ દ્વિધામાં છે. તેમ છતાં તેઓ આ દવાને એક એવી ઇલમકી લાકડી માને છે કે જે પળવારમાં જ સંખ્યાબંધ વિષાણુઓને હતા ન હતા કરી નાખે છે અને ફ્રેન્ચોએ આપેલું 'લા-ગ્રેનેદ' (La-grenada) 'પ્રાણહર્તા નહિ પણ પ્રાણ-ત્રાતા' નામ સાર્થક કરે છે. ('સ્પેક્ટ્રમ'ને આધારે)

ભરતકુમાર પ્રા. ઠાકર
સંજય પી. ઠાકર



પોસ્ટકાર્ડ

આજકાલ પોસ્ટકાર્ડનો વપરાશ વધતો ગયો છે. પોસ્ટકાર્ડ વિષે પહેલાં એવું માનવામાં આવતું કે પોસ્ટકાર્ડ તો ગરીબો માટેનું સસ્તું સંદેશ-સાધન છે. પરંતુ પોસ્ટકાર્ડે તેની લોકપ્રિયતા સર્વગ્રાહી અને સર્વવ્યાપી બનાવી દીધી છે! આજે તો ગરીબ, મધ્યમ અને સમૃદ્ધ એમ ત્રણેય વર્ગો માટે મામૂલી કિંમત ધરાવતું પોસ્ટકાર્ડ અમૂલ્ય ને આશીર્વાદરૂપ સાબિત થયું છે.

સ્વાતંત્ર્યોત્તર કાળનાં કાર્ડ

૧૯૪૬માં બ્રિટિશ સામ્રાજ્યના વળતાં પાણી હતાં. તે સમયે ભારતીય પ્રજાને ખુશ રાખવા પોસ્ટકાર્ડની કિંમત ૯ પાઈમાંથી ઘટાડી પુનઃ ૬ પાઈ (અડધો આનો) કરવામાં આવી હતી. આ વખતે કાર્ડની ટિકિટનો રંગ પણ ખુલતો જાંબલી (મૌવ) થયો. પોસ્ટકાર્ડની ૧૧૮ વર્ષની તવારીખમાં તેની કિંમત ઘટી હોય એવો આ એકમાત્ર બનાવ છે.

આઝાદી બાદ ભારતમાં પ્રથમ પોસ્ટકાર્ડ ૭મી ડિસેમ્બર, ૧૯૪૯ના દિને બહાર પડ્યાં હતાં. ત્યારે ફરી એની કિંમતમાં વધારો કરીને ૯ પાઈ (૩ પૈસા અથવા પોણો આનો) કરવામાં આવી. જ્યોર્જ છઠ્ઠાની તસવીરના સ્થાને મુંબઈ પાસે આવેલી ધારાપુરીની પ્રસિદ્ધ એલિફન્ટા ગુફામાંની 'ત્રિમૂર્તિ'ની ભવ્ય પ્રતિમાવાળી નવી સ્ટેમ્પ-ડિઝાઈન અંકિત કરવામાં આવી, જે ચળકતા લીલા રંગમાં છપાયેલ.



૧૯૫૦માં ઓછા ટપાલદર ધરાવતા (૬ પાઈ/૨ પૈસાનાં) નવાં 'લોકલ ડિલિવરી પોસ્ટકાર્ડ' બહાર પાડવામાં આવ્યા, જેના પર કોર્ણાર્કના વિખ્યાત સૂર્યમંદિરમાંના 'કોણાર્ક અશ્વ'નું શિલ્પ ધરાવતી ટિકિટ-ડિઝાઈન લાલ-ભૂખરા (ચોકલેટ) રંગમાં છપાઈ હતી. એ જ વર્ષમાં સંપૂર્ણપણે હિન્દી શબ્દપ્રયોગ સાથેનાં જુદાં પોસ્ટકાર્ડ પણ બહાર પાડવામાં આવ્યાં.

રાષ્ટ્રિય પ્રતીકને સ્થાન

. ૧લી એપ્રિલ, ૧૯૫૭થી ભારતમાં દશાંશ પદ્ધતિ દાખલ થવાના પગલે નાણાંનું નવું એકમ ('નયા પૈસા') અમલમાં આવતાં તે તારીખથી સુધારેલા દર અને નવી ડિઝાઈનનાં પોસ્ટકાર્ડ્સ બહાર પાડ્યાં હતાં.


ત્રિમૂર્તિના ચિત્રવાળા પોસ્ટકાર્ડનું ચલણ બંધ કરવામાં આવ્યું અને કાર્ડની નવી સ્ટેમ્પ-ડિઝાઈન તરીકે અશોકસ્તંભના શિરોભાગે રહેલી ચતુર્મુખી (પરંતુ આપણને સામેથી દેખાતી ત્રિમુખી) સિંહાકૃતિના ચિત્રવાળું આપણું રાષ્ટ્રિય પ્રતીકચિહ્ન સ્થાન પામ્યું.

૫ નયા પૈસાનું સામાન્ય કાર્ડ લીલા રંગનું, જ્યારે ૩ નયા પૈસાનું સ્થાનિક કાર્ડ ભૂખરા રંગમાં છાપવામાં આવ્યું હતું. આ સાથે પોસ્ટકાર્ડ દ્વિભાષી રૂપમાં છપાતાં થયાં. ત્યાર બાદ ૧૯૬૩માં પોસ્ટકાર્ડની કિંમત ૬ નયા પૈસા, ૧૯૬૮માં ૧૦ પૈસા, ૧૯૭૪માં ૧૫ પૈસા અને છેલ્લે ૧૯૯૭માં ૨૫ પૈસા કરવામાં આવી છે.

ત્રેવીસ વર્ષનો સ્થિર દર

પોસ્ટકાર્ડની ૧૧૮ વર્ષની યાત્રામાં ભાવસુધારાનો સિલસિલો તપાસીએ તો તેના દરમાં એક વખત ઘટાડો અને આઠ વખત વધારો નોંધાયો છે. ભારતમાં ૧૮૭૯ પોસ્ટકાર્ડ દાખલ થયાં તે પછી પ્રથમ વધારો ૪૨ વર્ષના વિક્રમી લાંબા સમયગાળા પછી (૧૯૨૧), બીજો વધારો અગિયાર વર્ષે (૧૯૩૨), ત્રીજો વધારો સત્તર વર્ષે (૧૯૪૯), ચોથો વધારો આઠ વર્ષે (૧૯૫૭), પાંચમો વધારો છ વર્ષે (૧૯૬૩), છઠ્ઠો વધારો પાંચ વર્ષે (૧૯૬૮), સાતમો વધારો છ વર્ષે (૧૯૭૪) અને છેલ્લે આઠમો વધારો ત્રેવીસ વર્ષે (૧૯૯૭માં) થયો છે.

આમ, સામાન્ય પોસ્ટકાર્ડમાં 'ભાવવધારા વચ્ચેનો સૌથી લાંબો સમયગાળો' આઝાદી પૂર્વે ૪૨ વર્ષ (૧૮૭૯-૧૯૨૧)નો, જ્યારે આઝાદી બાદ ૨૩ વર્ષ (૧૯૭૪-૯૭)નો રહ્યો છે. ભારતીય ટપાલ તવારીખના સ્વાતંત્ર્યોત્તર કાળમાં આટલા લાંબા ગાળાનો 'સ્થિર દર' એક સુખદ અનુભૂતિ અને વિક્રમ લેખાશે.



ડિઝાઈનમાં વિવિધતા

પોસ્ટકાર્ડની સ્ટેમ્પ-ડિઝાઈન પણ સમયાંતરે બદલાતી

રહી છે. પોસ્ટકાર્ડના પ્રથમ વર્ષ ૧૮૭૯થી ૧૯૪૯ના સાત દાયકા સુધી આપણા પોસ્ટકાર્ડ પર તત્કાલીન બ્રિટિશ શાસકો (રાણી વિક્ટોરિયા, એડવર્ડ સાતમા, જ્યોર્જ પાંચમા અને જ્યોર્જ છઠ્ઠા)નાં ચહેરા છપાતા રહ્યા હતા.

ત્યારબાદ ૧૯૫૦-૫૭ દરમ્યાન એલિફન્ટા ગુફાના શિલ્પ 'ત્રિમૂર્તિ'નું ચિત્ર, ૧૯૫૭-૭૬ દરમ્યાન રાષ્ટ્રિય પ્રતીક 'સિંહાકૃતિ'ની છાપ, ૧૯૭૬-૯૭ દરમ્યાન રાષ્ટ્રિય પ્રાણી 'વાઘ'ની મુખાકૃતિ પોસ્ટકાર્ડ પર સ્થાન પામેલ છે.

જોકે વચ્ચે થોડો સમય (૧૯૭૬-૮૨ દરમ્યાન) ફૂલવેલની વચ્ચે હાથી તથા વૃક્ષોની રક્ષા કરતા બે હાથ (પર્યાવરણ)ની વિશિષ્ટ ડિઝાઈન ધરાવતા તેમજ ૧૯૯૬માં 'હિમાલયના પંડા' તરીકે ઓળખાતા ખિસકોલી જેવા નાના પ્રાણીનું ચિત્ર ધરાવતાં પોસ્ટકાર્ડ પણ સમાંતરે ચલણમાં રહ્યાં હતાં. ચાલુ વર્ષે પોસ્ટકાર્ડની કિંમતમાં ફેરફાર થવાથી ૨૫ પૈસા મૂલ્ય સાથે નવા વિષયની ડિઝાઈન સ્થાન પામવા સંભવ છે.

રંગછટા પણ અનોખી

પોસ્ટકાર્ડ પરની સ્ટેમ્પ-ડિઝાઈનના રંગ પણ સમયાંતરે બદલાતા રહ્યા છે. પોસ્ટકાર્ડ શરૂ થયાના વર્ષ ૧૮૭૯થી ૧૯૧૧ સુધી રતાશ પડતા ભૂખરા, ૧૯૧૨-૨૪માં રાખોડી છાંટ સાથે આસમાની, ૧૯૨૫-૪૫માં ચળકતો લીલો, ૧૯૪૬-૪૯માં આછો જાંબલી, ૧૯૫૦-૬૨માં લીલો, ૧૯૬૩-૬૭માં ભૂખરો, ૧૯૬૮-૭૩માં લીલો, ૧૯૭૪-૭૬માં ગુલાબી ઝાંય અને ૧૯૭૬થી અત્યાર લગી ભૂખરા રંગની છાપવાળાં પોસ્ટકાર્ડ ચલણમાં રહ્યાં છે.

અત્યાર સુધી પોસ્ટકાર્ડનો કાર્ડ-પેપર માત્ર આછા પીળા રંગનો જ વપરાતો રહેલો; પરંતુ છેલ્લાં ત્રણ-ચાર વર્ષથી પોસ્ટકાર્ડ આછા પીળા ઉપરાંત આછા વાદળી અને આછા લીલા એમ ત્રણ રંગોમાં મળતાં થયાં છે.

પોસ્ટકાર્ડનાં ૧૧૮ વર્ષ દરમ્યાન તેનાં દર, કદ, રંગ અને ડિઝાઈનમાં સમયાંતરે ફેરફારો થતા રહ્યા છે. પરંતુ હજુ સુધી તેના 'લંબચોરસ' આકારમાં કોઈ જ પરિવર્તન આવ્યું નથી.

અન્ય પ્રકીર્ણ પરિવર્તન

૧૯૭૨થી સરનામામાં 'પોસ્ટલ ઇન્ડેક્સ નંબર' (પિન કોડ) ઉમેરવાની પ્રથાનો પ્રારંભ થતાં અન્ય ટપાલ-જણસોની જેમ પોસ્ટકાર્ડ ઉપર પણ ૧૯૭૩થી સરનામાની જગ્યાના છેવાડે પિન કોડનાં છ અંકો લખવા માટે વિશેષ જગ્યા રાખવામાં આવે છે.

૧૯૭૭-૭૮થી પોસ્ટકાર્ડ ઉપર ટિકિટની બાજુમાં વ્યાપારી જાહેરખબરો અને કુટુંબનિયોજન, આરોગ્ય વગેરે સરકારી કાર્યક્રમોને લગતાં સૂત્રો પણ આપવાનું શરૂ થયું.

સામાન્ય પોસ્ટકાર્ડનો જથ્થાબંધ પ્રમાણમાં વ્યક્તિગત અને વ્યાપારી વિગતો છપાવવામાં તેમજ વિશિષ્ટ તહેવારો પર શુભેચ્છા પાઠવવા અભિનંદન પત્રો તરીકે તથા માંગલિક પ્રસંગો પર નિમંત્રણ પત્રો તરીકે પણ ઉપયોગ વધતાં સરકારે છાપેલાં પોસ્ટકાર્ડનો દર ૧૯૮૭થી ૪૦ પૈસા, ૧૯૯૦થી ૬૦ પૈસા, ૧૯૯૬થી ૧ રૂપિયો અને ૧૯૯૭થી દોઢ રૂપિયો કર્યો છે.

પોસ્ટકાર્ડની શતાબ્દી

પોસ્ટકાર્ડના અસ્તિત્વને ૧૯૭૯માં ૧૦૦ વર્ષ પૂરા થતાં આ ઐતિહાસિક પ્રસંગે બીજી જુલાઈના રોજ તાર-ટપાલ વિભાગે લીલા રંગના અને ૧૫ પૈસા મૂલ્યના ખાસ પોસ્ટકાર્ડ પ્રસિદ્ધ કર્યાં હતાં. હાથી-ફૂલવેલની વિશિષ્ટ સ્ટેમ્પ-ડિઝાઈનની બાજુમાં દિલ્હીમાં યોજાનારા ભારત આંતરરાષ્ટ્રિય ટપાલ-ટિકિટ પ્રદર્શનનું કમલના ચિત્રવાળું પ્રતીક અને તેની નીચે લાલ રંગમાં 'પોસ્ટકાર્ડ શતાબ્દી'નું લખાણ મૂકાયેલ છે.

આ પ્રસંગે ૫૦ પૈસા મૂલ્યની ઊભા આકારની એક સુંદર બહુરંગી સ્મૃતિ ટિકિટ પણ જારી કરાઈ હતી, જેના પર મેગ્નિફાઈંગ ગ્લાસમાંથી દેખાતી પ્રારંભિક અને તત્કાલીન એમ બે પોસ્ટકાર્ડની સ્ટેમ્પ-ડિઝાઈન દર્શાવવામાં આવી છે.

આ ઉપરાંત ભોપાલ સ્ટેટ (૧૮૯૦), નોર્થ-વેસ્ટ રેલવે (૧૯૩૫), રેલવે વિઝિટર્સ બ્યૂરો-કાશ્મીર (૧૯૩૭) અને બૉમ્બે-બરોડા ઍન્ડ સેન્ટ્રલ ઇન્ડિયા રેલવે દ્વારા જોવાલાયક સ્થળોનાં વ્યૂ-કાર્ડ્સ જેવા પિક્ચર પોસ્ટકાર્ડ્સ; મહાત્મા ગાંધીજીની ૮૨મી જન્મજયંતી (૧૯૫૧) અને ગાંધીશતાબ્દી (૧૯૬૯) પ્રસંગે તેમની વિવિધ તસવીરોનાં પિક્ટોરિયલ પોસ્ટકાર્ડ્સ; જ્યોર્જ પાંચમાના દિલ્હીમાં યોજાયેલા રાજ્યાભિષેક દરબાર (૧૯૧૧) પ્રસંગે ખાસ સર્વિસ પોસ્ટકાર્ડ તથા ભારતીય ટપાલ-ટિકિટ શતાબ્દી (૧૯૫૪) અને નવમા એશિયાઈ રમતોત્સવ (૧૯૮૨) પ્રસંગે પણ ખાસ (સ્પેશ્યલ) પોસ્ટકાર્ડ બહાર પાડ્યાં હતાં.

મહત્તમ ઉપયોગનું માધ્યમ

૧૯મી સદીના ઉત્તરાર્ધમાં પોસ્ટકાર્ડ પ્રચારમાં આવ્યુંત્યારથી જ તે લોકોમાં ઉત્તરોત્તર પ્રિય થતું રહ્યું છે. મોટા ભાગે લોકો અરસપરસના ખબરઅંતર પૂછવા માટે, અભિનંદન, ખુશી કે માંગલિક પ્રસંગોની વધાઈ આપવા માટે કે પછી 'કાળાક્ષરી' લખીને મરણના દુઃખદ સમાચાર જણાવવા માટે પોસ્ટકાર્ડનો જ વિશેષ વપરાશ કરે છે. ઉપરાંત, પોસ્ટકાર્ડનો અન્ય ઉપયોગ દિવાળી કે નવા વર્ષની શુભેચ્છા પાઠવવા 'અભિનંદન પત્ર' તરીકે પણ થાય છે.

આમ, કોઈ પણ ટૂંકો સંદેશો આપવ માટે આજે પણ બહુધા લોકો પોસ્ટકાર્ડને પસંદગી આપે છે. પરંતુ લખાણ લંબાઈ જાય ત્યારે અખબાર-મેગેઝિનો વાચન સામગ્રીનું

'અનુસંધાન' કાઢે છે તેમ ઘણાં પોસ્ટકાર્ડ પ્રેમી લોકો ક્રમ આપીને એકસાથે ત્રણ-ચાર પોસ્ટકાર્ડ લખી નાખતા હોય છે અને તો પણ એક ઈન્લૅન્ડ લેટર કે એક કવરના પોસ્ટેજ કરતાં ઓછો ખર્ચ આવે છે.

બ્રિટિશ સાહિત્યકાર જ્યૉર્જ બર્નાર્ડ શો અને આપણા રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીજી માટે પોસ્ટકાર્ડ પત્રાચારનું શ્રેષ્ઠ માધ્યમ રહ્યું હતું. આવેલા પત્રોનો મુદ્દાસર ટૂંકમાં પ્રત્યુત્તર વાળવા તેઓ હંમેશાં આ હાથવગા સાધનનો જ મહત્તમ ઉપયોગ કરતા.

વિશ્વમાં સૌથી સસ્તું

૧૯૭૪માં સરકારે ટપાલ-સામગ્રીના ભાવમાં સીધો ૫૦ ટકા વધારો કરી નાખ્યો ત્યારે ઘણાંને પોસ્ટકાર્ડની ૧૫ પૈસા કિંમત વધુ પડતી લાગી હતી.

પોસ્ટકાર્ડનો સંગ્રહશોખ

દેશ-પરદેશની રંગબેરંગી ટપાલ-ટિકિટોનો સંગ્રહ કરવાના શોખને અંગ્રેજીમાં 'ફિલાટલી' કહે છે તેમ પોસ્ટકાર્ડના સંગ્રહ-શોખ માટે 'કાર્ટોફિલિઆ' શબ્દ છે, જેનો અર્થ 'પોસ્ટકાર્ડ માટેનો પ્રેમ' થાય છે. ટિકિટ-સંગ્રાહકો છેલ્લા ત્રણ-ચાર દાયકાથી જૂની પોસ્ટલ સ્ટેશનરીની સામગ્રી સાથે પોસ્ટકાર્ડના વિવિધ નમૂના સંઘરવાના શોખ પ્રતિ પણ ઢળ્યા છે. દેશ-વિદેશનાં જૂનાં-નવાં પોસ્ટકાર્ડ એકઠાં કરી ચલણી નોટોની માફક તેના આલ્બમ તૈયાર કરે છે.

ટપાલ-ટિકિટોનો સંગ્રહ કરનાર શોખીનને અંગ્રેજીમાં 'ફિલાટેલિસ્ટ' (Philatelist) કહેવામાં આવે છે તેવી રીતે પોસ્ટકાર્ડનો સંગ્રહ કરનાર શોખીનને 'ડેલ્ટિયોલોજિસ્ટ' (Deltiologist) તરીકે ઓળખવામાં આવે છે.

ફ્રાન્સની રાજધાની પૅરિસમાંથી કંઈક આવા જ પ્રકારનું પારિભાષિક નામ ધરાવતું 'પોસ્ટકાર્ડ સાઈઝ'નું એક દૈનિક અખબાર પ્રગટ થાય છે. દુનિયાના સૌથી નાનકડા કદના આ વર્તમાનપત્રનું નામ લાબુંલચ છે... 'લ ક્વોતિદિયન દ કાર્તોફાઈલ્સ'. ફ્રેન્ચ ભાષામાં પ્રસિદ્ધ થતા આ પોસ્ટકાર્ડિયા દૈનિકમાં રાજકીય સમાચાર કે નેતાઓનાં ભાષણના સ્થાને જગતભરનાં આર્થિક, સામાજિક, શૈક્ષણિક અને કલા-વિજ્ઞાનને લગતા સમાચારોને જ વધુ મહત્ત્વ આપવામાં આવે છે.

પરંતુ પોસ્ટકાર્ડની તવારીખમાં કદાચ 'વિશ્વવિક્રમ' નોંધાવે એવી હકીકત એ છે કે ૧૯૭૯માં ભારતમાં પ્રથમ પોસ્ટકાર્ડ બહાર પાડ્યાં ત્યારે પણ તેનો દર (એક પૈસો) દુનિયાનાં અન્ય દેશોની સરખામણીમાં ઘણો સસ્તો હતો અને આજની તારીખે પણ દુનિયાના કોઈ પણ દેશમાં આટલી નીચી કિંમતે (૨૫ પૈસામાં) પોસ્ટકાર્ડ નહિ મળતું હોય!

અત્યારે ચલણમાં રહેતા આપણાં વિવિધ પ્રકારનાં પોસ્ટકાર્ડનાં દર તપાસીએ તો સામાન્ય સિંગલ પોસ્ટકાર્ડના ૨૫ પૈસા, જવાબી પોસ્ટકાર્ડના ૫૦ પૈસા, છાપેલા પોસ્ટકાર્ડનો દોઢ રૂપિયો, રેડિયો-ટીવી પ્રોગ્રામો માટેનાં પોસ્ટકાર્ડના ૨ રૂપિયા અને વિદેશ માટેના પોસ્ટકાર્ડના ૪ રૂપિયા છે.

અમેરિકામાં તો આંતરિક વપરાશ માટેનાં પોસ્ટકાર્ડના આપણી કિંમતે ૬ રૂપિયા છે. તેની સામે ૪ રૂપિયામાં તો આપણે અહીંથી દુનિયાના કોઈ પણ દેશમાં એરમેઈલ દ્વારા 'ફોરેન પોસ્ટકાર્ડ' મોકલી શકીએ છીએ. જ્યારે નેપાળ અને ભુતાન માટે તો એની પણ જરૂર નથી. ભારતનું ટચૂકડું પોસ્ટકાર્ડ કચ્છથી કોહિમા અને કન્યાકુમારીથી કાશ્મીર જ નહિ, છેક કાઠમંડુ (નેપાળ) સુધી માત્ર પચીસ પૈસામાં જ સંદેશો પહોંચાડે છે.

(ક્રમશઃ)

આ માસમાં જેમની પુણ્યતિથિ છે તે

ઉ. શરાફતહુસેનખાનને સ્મરણાંજલી

હૃષીકેશ પાઠક



કિશોર શરાફતહુસેન

આગ્રા ઘરાણાના સમર્થ ગાયક ઉસ્તાદ ફૈયાઝખાન ૧૯૧૨થી ૧૯૫૦ એટલે કે તેમના અવસાન સુધી વડોદરાના રાજ્યગાયક તરીકે રહ્યા. વડોદરા રાજ્યની સંગીતશાળાના તેઓ આચાર્ય હતા અને ઘણા વિદ્યાર્થીઓએ તેમના ગાયનનો તથા ગાયનશૈલીનો લાભ લીધો. તેમના શાગીર્દોમાં એક નાનો છોકરો તેમની સાથે તાનપૂરો વગાડવા બેસતો હતો. વડોદરાના ઘણા શ્રોતાઓએ આ છોકરાને જોયો અને ખાંસાહેબના ગાયનમાં સૂર પુરાવતો સાંભળ્યો હતો. ખાંસાહેબના અવસાન પછી સંગીતશાળાની આગ્રા ઘરાણાની પાંખ નબળી પડી. ખાંસાહેબના સાળા ઉ. આતાહુસેનખાન, જેઓને માથે સંગીતવર્ગોની વાસ્તવિક જવાબદારી રહેતી, તેઓએ પણ વડોદરા છોડ્યું અને હૈદરાબાદ ગયા. પેલો છોકરો શું કરવું એ વિચારમાં હતો ત્યારે સંગીતશાળાના આચાર્ય સ્વ. હીરજીભાઈ પાત્રાવાળાએ તેને સંગીતશાળામાં શિક્ષક તરીકે રાખવાનું વિચાર્યું. મુલાકાત ગોઠવાઈ અને આ છોકરો તે માટે ગયો. કેટલા વર્ગો લેવાના, શું શીખવવાનું, વગેરે લંબાણથી તેને કહેવામાં આવ્યું, જેનો ઉત્તર આપતાં આ છોકરો બોલ્યો, 'દેખિયે મૈં તો ગાતા હું, મેરે ગાનેમેં કોઈ કસૂર હો તો મેરા કાન પકડના. દૂસરી બાતેં મેરે લિયે નહિ હૈં.' બસ, મુલાકાત પૂરી થઈ. તેનું ગાયન તે ઉંમરમાં - ૧૫થી ૧૬ વર્ષ - પણ એટલું ઉત્કૃષ્ટ પ્રકારનું હતું કે સ્વ. હીરજીભાઈને આ છોકરાને સંગીતશાળામાં રાખી લેવો હતો. આ ન બન્યું અને આ છોકરો ઉસ્તાદ આતાહુસેખાન પાસે હૈદરાબાદ પહોંચ્યો. ઉ. ફૈયાઝખાન તેના માસા થતા હતા તો ઉ. આતાહુસેનખાન તેના મામા. તેની માતા અઝીઝન મહાન રચયિતા ઉ. મહેબુબહુસેનખાન 'દરસપિયા'ની દીકરી અને પિતા ઉ. લીયાકતહુસેન જયપુરના રાજ્યગાયક. લગભગ છએક વર્ષનો હતો ત્યારે તેના ગામ અત્રોલીના (અલીગઢથી ૨૭ માઈલ) ઘરમાં માળિયા પરનો એક જૂનો તાનપૂરો લઈને તે ગાતો હતો. એક વખત અત્રોલીની તેમની મુલાકાત દરમિયાન ઉ. ફૈયાઝખાને સાળી અઝીઝન પાસેથી આ છોકરો માગી લીધો અને તેમની સાથે વડોદરા લઈ ગયા. એક સંગીતના કાર્યક્રમોમાં ઉ. ફૈયાઝખાને આ છોકરાને વહાલથી શાબાશી આપતાં શ્રોતાઓને કહ્યું, 'મારા અવસાન પછી આ છોકરો મારી ગાયકી ગાશે'. આ છોકરો તે ઉ. શરાફતહુસેનખાન.

વડોદરા છોડીને શરાફતહુસેન શરૂઆતમાં મામા ઉ. આતાહુસેન પાસે હૈદરાબાદ ગયા અને ત્યાંથી બંને કલકત્તા ગયા. કલકત્તામાં, કહો કે ૧૯૫૧થી ૧૯૬૦ સુધી ઉ. આતાહુસેનના

નસીમાબેગમ અને શરાફતહુસેન



અમદાવાદના એક કાર્યક્રમમાં



ચરણમાં બેસીને સંગીતની પ્રખર તાલીમ શરૂ થઈ. ઉ. ફૈયાઝખાન એક સમર્થ કલાકાર હતા. ચોમુખા ગૈવાયા હતા - એટલે ધ્રુપદ ધમાર ખ્યાલ ઠુમરી સ્વરૂપો કલાત્મક રીતે રજૂ કરતા હતા. તેમની સૂઝ સ્વરૂપલક્ષી હતી. એટલે ઠુમરી કહો કે ખ્યાલ સ્વરૂપના નિયમોને આધીન રહીને એ કલાત્મક કૃતિ રજૂ કરતા હતા. ઉ. આતાહુસેન મર્મજ્ઞ હતા. એમને અસંખ્ય રાગોની અનેક બંદિશો યાદ હતી. રાગોની એમની સમજ ખૂબ ઊંડી અને સ્પષ્ટ હતી. ખ્યાલ ગાયકીના બઢત અંગોમાં તેઓ બોલતાનોના બાદશાહ કહેવાતા. (ઉ. ફૈયાઝખાનની દરબારી રાગની સાહેલરીયા બંદિશમાં એમની ચાર બેનમૂન બોલતાનો સાંભળવા મળે છે.) અત્રેલીની ગાયકીના તેઓ પ્રમુખ પુરસ્કર્તા હતા અને તેમના બનેવી ઉ. ફૈયાઝખાન પાસે રહીને તેમની ગાયકી સમૃદ્ધ બની હતી. ગાયકીઓના આ પ્રવાહો શરાફતહુસેનની ગાયકીમાં ક્રમશઃ પ્રવેશ પામ્યા. કલકત્તાના વસવાટ દરમિયાન ઉ. આતાહુસેને કડક શિસ્તનું પાલન કરાવ્યું. રિયાઝ નિયમિત કરવાની, દિવા થાય તે પહેલાં ઘેર આવી જવાનું, બંદિશો બધા જ બઢત અંગો સાથે ગાવાની, રિયાઝ, પરિશીલન, ચર્ચા આવા સતત ઉત્તેજનાત્મક વાતાવરણમાં મામાએ ભાણેજને તૈયાર કર્યો. આતાહુસેને રજા આપી પછી જ શરાફતહુસેને આગ્રા ઘરાણાના વિદ્વાન ગાયક મ. ઉસ્તાદ વિલાયતહુસેનખાનની પુત્રી નસીમા સાથે લગ્ન કર્યાં. આ સંબંધ પછી ઉસ્તાદ વિલાયતહુસેનનો સંગીતક્ષેત્રનો સાંસ્કૃતિક વૈભવ પણ તેમને મળ્યો. આમ, શરાફતહુસેનની તાલીમ અસાધારણ હતી.

આકાશવાણી અમદાવાદ તરફથી ઉ. ફૈયાઝખાનની પુણ્યતિથિ ૧૯૫૯ના નવેમ્બરની પાંચમીએ અમદાવાદના ટાઉન હૉલમાં ઉજવવામાં આવી. આમાં શરાફતહુસેનખાન સંગીત રજૂ કરવા પહેલીવાર આવ્યા. તેમણે રાગ ધનાશ્રીની બે બંદિશો ગાઈ. તે દિવસોમાં હું આગ્રા ઘરાણાની બંદિશો ઉ. હમીદહુસેનખાન પાસેથી શીખતો હતો. તેથી મને રાગ ધનાશ્રી સાંભળવાની ખૂબ મઝા આવી. પરંતુ એકાદ દિવસ પછી તેમના એક ખાનગી જલસામાં મને તાનપૂરાની સંગત કરવાની તક મળી અને આ રીતે કોઈ ગવૈયાને ખૂબ નજીકથી સાંભળવાની એક અનન્ય તક પ્રાપ્ત થઈ. મને ગાયકી એક વિસ્તાર પામતી પ્રક્રિયાની રીતે સમજાઈ.

આગ્રાની ગાયકીનાં મૂળ ધ્રુપદ-ધમાર ગાયકીમાં. ઘરાણા ગાયકો ધમારથી કાર્યક્રમની શરૂઆત કરે. ત્યારબાદ ખ્યાલ ગાયન આવે. આ ક્રમ ધીમે ધીમે ભુલાતો ગયો, પણ ઘરાણા ગાયકીનું ધ્રુપદધમાર સાથેનું સાતત્ય ચાલુ રહ્યું. એટલે ખ્યાલ બંદિશનું પહેલું બઢત અંગ. બંદિશના બોલ અને બોલ દ્વારા બઢત આગ્રા ગાયકીનું બીજું અંગ લયકારી. લયકારી બંદિશના બોલ અને તાલ સાથે અટપટી પણ ઝમકદાર રીતે આગ્રાના ગાયકો રજૂ કરે. આ ઉપરાંત ગાયન શરૂ થાય તે પહેલાં નોમ્‌તોમ્ સાથેનો આલાપ, જે ઉ. ફૈયાઝખાને વિકસાવ્યો હતો. આગ્રા ઘરાણા ગાયકીમાં અસંખ્ય ઝમકદાર બંદિશો છે, જેની રજૂઆતનો આખો પટ અને ઢંગ ઉ. ફૈયાઝખાને નિર્માણ કર્યો હતો. એમની રંગીલી ગાયકીનો આ પ્રભાવ આગ્રા ઘરાણાના નાનામોટા બધા જ ગાયકો ઉપર પડ્યો હતો. શરાફતહુસેનખાન આમાં અપવાદ ન રહ્યા. શરૂઆતનાં વર્ષોમાં એમની ગાયકી, રાગો અને બંદિશોની પસંદગી આ બધામાં તમને ઉ. ફૈયાઝખાનના વિસ્તૃત ગાયનફલકનાં દર્શન થાય. ગાયનમાં કોઈ વાર ઉ. આતાહુસેનખાનની ખૂબીઓ સાંભળવા મળે. આમ, તત્ત્વતઃ આ ગાયકી ઘરાણાની રહી હતી. શરાફતહુસેનની ઉંમર જોતા (૧૯૬૦માં તેઓ ૨૫ વર્ષના હશે - તેમની જન્મતારીખ વિષે અનિશ્ચિતતા છે) તેઓ સંપૂર્ણ આત્મવિશ્વાસપૂર્વક, જેને ઉસ્તાદો મર્દાનું ગાણું કહે તે, ગાતા હતા. એ જ શૈલીમાં તેઓ સન્માન પામ્યા હોત અને આગ્રા ઘરાણાના પ્રમુખ ગાયક તરીકે લોકપ્રિય બન્યા હોત. પરંતુ ૬૯-૭૦ના દશકામાં શરાફતહુસેને તેમની ગાયકીને ખૂબ ઝીણવટથી તપાસી. એનું રંગીલાપણું, લયકારી, બોલતાનો વગેરે બઢત અંગોને નવો ઓપ આપ્યો. પણ એમનું સૌથી મોટું પ્રદાન આગ્રા ઘરાણાના અપ્રચલિત, કદાચ નામ પણ ન સાંભળ્યું હોય એવા રાગોની બંદિશોને સંપૂર્ણ રિયાઝ સાથે જાહેર કાર્યક્રમો અને જલસાઓમાં રજૂ કરવી તે હતું.

૭૦ના દશકામાં એક ખાનગી કાર્યક્રમમાં તેમણે અમદાવાદમાં પહેલી જ વાર રાગ પટમંજરી ગાયો. તાનપૂરો વગાડતો વગાડતો આ નવા રાગના સ્વરોની ગૂંથણી હું મારા મનમાં ગોઠવી રહ્યો હતો પણ ખાંસાહેબનું ગાયન તો યમન કે બિહાગ ગાતા હોય એવી સરળતા અને છટાથી ચાલતું જ રહ્યું. વચ્ચે એકવાર ધીમેથી મને રાગનું નામ જણાવી દીધું. આ બધું કરવામાં એમની વિચારણા આવી કાંઈક હશે : ઉ. ફૈયાઝખાને હુકમના એક્કા જેમ પ્રસ્થાપિત કરેલા રાગો અને બંદિશો - જયજયવંતી, નટબિહાગ, દરબારી - ઓછી ગાવી, પરંતુ ઘરાણાની ગાયકી પટમંજરી, નરકામોદ, મલુહા કલ્યાણ, બિહારી કલ્યાણ કે છાયાબિહાગ જેવા રાગોમાં રજૂ કરવી. કલકત્તાના સંગીતવિવેચકોએ આ વિષયમાં તેમની ગાયકીનાં ભારોભાર વખાણ કર્યાં છે.

શરાફતહુસેન ૧૯૬૫થી શરૂ કરીને લગભગ દરેક વર્ષે અમદાવાદ આવ્યા છે. અમદાવાદનાં બધાં જ સભાગૃહોમાં એમણે ગાયું હશે. તો પણ કેટલાક કાર્યક્રમો આજે પણ શ્રવણપટ પર એવા ને એવા તાજા રહ્યા છે. આ લેખના વાંચનારા અમદાવાદના શ્રોતાઓનો પણ આવો જ અનુભવ હશે. એક સવારે ડૉ. અનિલભાઈ પરીખને ત્યાં ગાયેલા રામકલી, મિયાંકી તોડી અને બહાદૂરી તોડી, શ્રી બિપિનભાઈને ત્યાં સવારના ત્રણ વાગ્યા સુધી તેમણે એક પછી એક ગાયેલા મલ્હારો, શ્રી બાલકૃષ્ણ દોશીને ત્યાં

ગાયેલો ભવ્ય દરબારી, શ્રી પ્રફુલ્લભાઈને ઘેર ગાયેલો છાયાબિહાગ ને એવો જ સભર પૂરીઆ. ખાંસાહેબને ગાવું ખૂબ ગમતું હતું. શ્રોતાઓને જોઈને તેઓ ઉત્સાહિત બનતા હતા. પણ ગાયન શરૂ થતાં તેઓ સાવ બદલાઈ જતા હતા. એટલી બધી એકાગ્રતાથી તેઓ ગાતા હતા કે આજુબાજુની કોઈ બાબત તેમને અસર કરી શકતી નહોતી. એમનું ગાયન માણતા, ડોલતા શ્રોતાગણને જોવાનો મને મોટો લ્હાવો મળ્યો છે. તેઓ જ્યારે અવાજ ખોલતા ત્યારે તેમના જીવારીયુક્ત સ્વરમાં ખરજના સ્વરો સુંદર રીતે ઊપસી આવતા, ઊલટી ધમક-પથીસા - તો તેમની ખાસ વાત હતી.

૧૯૮૨-૮૩માં સાહેબની તબિયત અસ્વસ્થ બનવા લાગી. શરૂ શરૂના ઈલાજો કામયાબ ન નીવડ્યા. તોય તેમણે કલકત્તાના ૧૯૮૪ના યમન ઉત્સવમાં ત્રણ કલાક શ્રોતાઓને તેમના આલાપ તથા ખ્યાલથી મંત્રમુગ્ધ કરી દીધા. પણ આ પછી એમણે જાહેર કાર્યક્રમો સ્વીકારવા બંધ કર્યા. દિલ્હીમાં એમની માંદગીનું નિદાન થયું. ફેફસાનું કેન્સર! ઉપાયો પર ઉપાયો ચાલુ કર્યા. તિબેટની ઔષધિઓ શ્રીમતી નયનાદેવીની સલાહથી ચાલુ કરી પણ આ કશું કામ ન લાગ્યું. માંદગી દરમિયાન સારવાર માટે ખાંસાહેબ દિલ્હી રહેતા હતા. તા. ૫મી જુલાઈ ૧૯૮૫ને દિવસે તેમના એક શિષ્ય ચંદીગઢના યશપાલને તેઓ ક્ષીણ અવાજે એક બંદિશ સમજાવતા હતા ત્યાં જ દર્દનો છેલ્લો હુમલો થયો. ખાંસાહેબ બેભાન થઈ ગયા ને તે જ અવસ્થામાં તેમણે છેલ્લો શ્વાસ લીધો. એક મેટાડોરમાં ખાંસાહેબના શબને અત્રોલી લઈ જવાયું અને પૂરા માન સાથે મૃતદેહને કબરમાં સુવાડવામાં આવ્યો.

૫ જુલાઈ ૧૯૮૬ને દિવસે - એક વર્ષ બાદ - નસીમાભાભીના આગ્રહને માન આપીને હું અત્રોલી ગયો હતો. આખો દિવસ અમે ખાંસાહેબની અનેક ટેઈપ સાંભળી. સાંજે ખાંસાહેબની મઝાર પાસે કુરાનનો પાઠ થયો અને અમે સૌએ કબરને ભાવપૂર્વક વંદન કર્યું. અંત્રોલીના પાદરમાં આંબાઓની ઘટાઓ વચ્ચે શાહફૈયાઝની કબરની એડોઅડ એક નાના મંદિર જેવી મઝારમાં ખાંસાહેબનો દેહ સૂતો છે! નિર્મળ વ્યક્તિત્વ, ભવ્ય ગાયન!

અવસ્થાઓ ચિત્તની

પડતાં સ્વરોની લ્હેરો કર્ણે, રીત થકી કઈ
વર્ણવું અવસ્થાઓ, જે ચિત્તમાં પરિવર્તતી.
આવરણો ખસેડે છે પહેલાં ધીમી સ્વરક્રિયા
કાન્તા જેમ મૃદુ સ્પર્શે જગાડે કાન્ત ચેતના.
ઉચ્ચ ઉચ્ચારણેથી જો કરે આંદોલનો સ્ફુટ
લયે ઉત્તાન તાલેથી ગર્ભિત સ્વરની ગતિ.
વહે જ્યાં વ્યક્તતા પામી આહલાદી સ્વર નિર્ઝરી
વિકસે ચિત્ત જ્યાં જાણે વિકસ્યું પુષ્પ કોરક.
ઝંઝાવાત સ્વરોનો ત્યાં કરે છે ક્ષુબ્ધચિત્તને
પછી કોમલતા પામી આર્દ્રતા હૃદયે કરે.
સ્ફુટ લય અને તાલે અદ્ભુત સ્વરગુંફને
વિસ્તારે ચિત્તને કેવો ચમત્કાર સ્વરો તણો!
ચિત્તને વિકસાવ્યું ને કીધું એ ક્ષુબ્ધ ને પછી
જન્માવી આર્દ્રતા કુંળી વિસ્તાર્યો ભાવ અદ્ભુત.
આંદોલનો સમે લાવી સ્વરોના, ગાયકરત્ન તું
ચિત્તમાં સંમથી સ્થાપે સમાધિ રસ શાન્તની.
શરાફત તણા કંઠે નાચે છે સ્વરનર્તકી
ઊર્મિઓને નચાવીને શમાવે ઉર-ગહ્વરે.
આથી પરા અવસ્થાની ઝાંખી જે ચિત્તને થતી
વર્ણવે શબ્દ શી રીતે શબ્દથી પર તત્ત્વને!
સૃષ્ટિના આદ્યની શોધે ઋષિ જે ધ્યાનમાં લહે
સમઝે નાદ રૂપે તે સુણે ના સ્થૂલ કર્ણ જે.
કહ્યું જે શ્રુતિ શબ્દેથી તત્ત્વ એ વિશ્વસૃષ્ટિનું
સ્થૂલ સૂક્ષ્મધરી રૂપો વૈવિધ્ય વિશ્વમાં કરે.
ધ્વનન સૂક્ષ્મ અંશેથી કર્ણગોચર સૂરમાં
સ્થૂલ અંશે થયાં પંચ ભૂતોને ભૌતિકો બધા.
સ્વર સાગર જે, તેણે પ્રગટાવી શ્રુતિઓ બહુ
ષડ્જાદિની જનની, માતા ગાન કલા તણી.
નાદબ્રહ્મ તણી લીલા સૃષ્ટિ આ સચરાચર
બ્રહ્મનાદ તહીં વ્યાપ્ત સુણે જે સૂક્ષ્મવેદિઓ.
સ્વર પારંગતો કેરા ગાનના સૂરમાં રહ્યો
અવ્યક્ત નાદનો પડઘો સુણાવે સૃષ્ટિની ક્રિયા.
ષડ્જાદિ સપ્તસૂરોના ઉચ્ચારણ કલાવિદ
છેડે ચારુ સ્વરો જ્યારે લાગે સૂર સમાધિ ત્યાં.
સમાધિ એ સ્મરાવે છે નાદોત્થ વિશ્વસૃષ્ટિની
ક્રિયા, ને નાથ એના જે પ્રકાશે પરમેશ્વર.
આવી ગાન કલા કેરો મહિમા કેમ વર્ણવો
આના ગાન કલાકાર વિરલ વિશ્વમાં જડે.
સચ્ચિદાનંદમાં દીપે બ્રહ્મરૂપ સનાતન
કલાના વિશ્વમાં મૂક્યું આનન્દરૂપ શાશ્વત.
ગાયક જે કો સ્મરાવે છે ગાને આનન્દરૂપને
ધન્ય ધન્ય કર્યા એને પ્રભુએ, માનવી શું કરે?

રસિકલાલ છો. પરીખ

પસ્તીનાં પાનાં

ડૉ. પ્ર. ચુ. વૈદ્ય

હેલીનો ધૂમકેતુ

તા. ૨૨-૪-૮૬ : ૧૯૮૬નું વર્ષ હેલીના ધૂમકેતુનું વર્ષ છે. આ વખતે થયું છે એવું કે યુરોપ-અમેરિકામાં ધૂમકેતુ બિલકુલ દેખાવાનો નથી. ભારતમાં અને દક્ષિણ ગોળાર્ધના દેશોમાં દેખાય છે. અત્યારે ગુજરાતનાં શહેરોમાં અને ખાસ કરીને અમદાવાદમાં હેલીનું જે ઘેલું લાગ્યું છે તેનો ગુજરાત બહાર વસતાં તમને ખ્યાલ ન આવે. આજકાલ ગુજરાતનાં છાપાંઓમાં 'હેલીની સાથે સાથે' એવું અઠવાડિક કૉલમ આવે છે. ધૂમકેતુનો ઇતિહાસ, સૂર્યમંડળની ઉત્પત્તિ વગેરે અનેક ખગોલીય વાતો આમજનતા સુધી પહોંચે છે. દરેક યુનિવર્સિટીના ગણિત-વિભાગને યુ.જી.સી.એ ટેલિસ્કોપ આપ્યાં છે. રાજ્ય સરકારે શાળાઓને ટેલિસ્કોપ વસાવવા ગ્રાન્ટ આપી છે. રોજેરોજ રાત્રે હેલી-દર્શનના કાર્યક્રમો ગોઠવાય છે. ટેલિસ્કોપ એક અને જોવાવાળા ઘણા એટલે ધક્કા-મુક્કી અને તોફાનો પણ થાય છે. વેધશાળાની અગાશીમાં તો આવું તોફાન થતાં પોલીસ પણ બોલાવવી પડી હતી. ત્યારે ભવન્સ કૉલેજે ગર્વભેર જાહેરાત કરી છે કે અમારે ત્યાં લાઈનમાં ઊભા રહી શિસ્તબદ્ધ રીતે હેલી-દર્શન માટે પધારો...

અમારા ગણિત-વિભાગમાં હેલી-દર્શનનો કાર્યક્રમ ગોઠવાતો હતો ત્યારે મેં કાંઈ રસ દેખાડ્યો નહીં. કારણમાં મેં કહ્યું કે, એવી શી ઉતાવળ છે? ૭૬ વર્ષ પછી ફરી હેલી આવશે ત્યારે જોઈ લેશું. આપણે તો પુનર્જન્મમાં માનીએ છીએ ને! ત્યારે અરુણભાઈએ કહ્યું કે, એ હિસાબે ૧૯૧૦નો હેલી ગયા જન્મમાં જોયો જ હતો એમ માનીએ તો આવતા ભવની પણ ચિંતા ટળે!!

વાત એટલેથી અટકી જાત પણ એક દિવસ નાની મુન્ની આવીને કહે, આપણે હેલી જોવા જઈએ. હાઉં, ગયા જનમ કે આવતા જનમની વાત છોડી આ જનમે જ હેલી જોઈ લેવાનું નક્કી કર્યું. ૧૫મી એપ્રિલે રાત્રે ૧૦થી ૧૨નો કાર્યક્રમ ગોઠવાયો. ગણિત અને ફિઝિક્સ વિભાગના ટેલિસ્કોપ લઈ પાંચ મોટરોમાં કાફલો ડ્રાઇવ-ઇન રોડ પરના સરદાર પટેલ ઇન્સ્ટિટ્યૂટના ટેકરા પર ગયો. લગભગ ૧૦૦ માણસ ભેગાં થયાં હતાં. ટેલિસ્કોપ ગોઠવાયાં અને બધાંને હેલીનાં 'દર્શન' કરાવ્યાં.

આમાં મને તો કશું દેખાયું નહીં. કારણ કે ઉંમરને કારણે મને એમ ને એમ ધોળે દિવસે પણ ડાબી આંખે ખૂણા તરફ નાની નાની પૂંછડીઓ દેખાય છે! પત્નીએ જોઈને કહ્યું કે, આમાં એવું શું જોવાનું હતું ? ધોળું રૂનું ફૂમતું જેવું દેખાયું! મુન્નીએ તથા તેની વીણાફોઈએ તો બબ્બે વાર ટેલિસ્કોપમાં આંખ માંડીને હેલી જોયાનો સંતોષ મેળવ્યો.

આ વખતે ધૂમકેતુની પૂંછડી પ્રમાણમાં ઝાંખી હોવાથી મોટાં શહેરોની તેજ-આભા (diffused light)ને કારણે દેખાતી જ નથી. પૂંછડીવાળો ધૂમકેતુ જોવો હોય તો શહેરથી ૩૦-૩૫ કિલોમીટર દૂર જવું જોઈએ. પણ અમદાવાદથી ૩૫ કિ.મી. દૂર જઈએ ત્યાં સુધીમાં બીજું શહેર આવી જાય! રાજસ્થાન કે મધ્યપ્રદેશની સરહદ નજીક જઈએ તો જ પૂંછડી દેખાય. એટલે હેલીની પૂંછડી તો આવતે ભવે જ જોવી રહી!

કારીગર કરતાં ગ્રેડ્યુએટ સસ્તો

તા. ૪-૪-૮૬ : છેલ્લા દશકામાં વિશ્વના અર્થકારણમાં જબ્બર પરિવર્તન આવ્યું છે અને આ વૈશ્વિક પરિવર્તનની અસર ભારતમાં સૌથી વધુ ગુજરાતમાં દેખાય. એક દાખલો લઈએ. ઇંગ્લન્ડના ઉત્તર કિનારે સમુદ્રમાં ખનિજ-તેલના ભંડારો છે તે તો જાણીતી વાત હતી. પણ સમુદ્રના પેટાળમાંથી તેલ કાઢવું બહુ મોંઘું પડતું હતું; તેના કરતાં આરબો પાસેથી તેલ ખરીદવું સસ્તું પડતું હતું, તેથી તે તેલ ભંડારો એમ ને એમ પડી રહ્યા હતા. પણ આજથી બાર-પંદર વર્ષ પહેલાં આરબોએ ધોકો ઉપાડ્યો. તેલ ઉત્પન્ન કરતા દેશોનું સંગઠન રચ્યું અને ખનિજ-તેલના ભાવ વધારી મૂક્યા. હવે આ વધારેલા ભાવની સરખામણીમાં સમુદ્રને તળિયેથી તેલ કાઢવું સસ્તું થઈ ગયું અને આજે ઇંગ્લન્ડ અને નોર્વે ખનિજ-તેલ ઉત્પન્ન કરતા દેશો થઈ ગયા છે.

આવું જ કાંઈક ગુજરાતના બાંધકામ-ઉદ્યોગમાં થયું છે. દસ, પંદર વર્ષ પહેલાં માણસ (મજૂર કે કારીગર) સસ્તો હતો. વીજળી મોંઘી હતી. ઈંટ પલાળવા, ચણતર ઉપર પાણી છાંટવા, ડોલડબલું લઈને માણસ નિરાંતે પાણી છાંટતો. પણ આરબોએ તેલના ભાવ વધારતાં ત્યાં ડૉલરની રેલમછેલ થઈ અને ત્યાં બાંધકામ વધવા લાગ્યાં. ગુજરાતમાંથી કડિયા, સુથાર, લુહાર વગેરે કારીગરો મોટા પ્રમાણમાં આરબ દેશમાં ચાલ્યા ગયા. અહીં ગ્રેડ્યુએટ સસ્તો થયો પણ કારીગર મોંઘો થયો. એક કડિઆનું રોજ ૩૫થી ૫૫ રૂપિયાનું થઈ ગયું. કડિયા-મજૂરના પ્રમાણમાં વીજળી સસ્તી પડવા લાગી. હવે ડબલું-ડોલ લઈને પાણી છાંટે એટલી નવરાશથી કડિયા-મજૂર કામ કરે તે પોષાય નહીં. હવે તો પાણીની કૂંડી બાંધો. તેની ઉપર વીજળીથી ચાલતો પંપ મૂકો, પંપને છેડે ૧૦૦-૧૫૦ ફૂટ લાંબો રબરનો પાઈપ રાખી પાણી છાંટતા જાઓ અને ચણતર કરતા જાઓ. હા, ભાઈ, હવે ગુજરાતમાં માણસ કરતાં વીજળી સસ્તી થઈ છે!

સસ્તું મોંઘું સામાજિક પરિસ્થિતિ પર અવલંબે છે. ૧૯૪૨માં (આઝાદી પહેલાં) હું બનારસ ગયો ત્યારે સાથે નવી નકોર સાયકલ

લઈને ગયો હતો. આ ડેટન સાયકલ અમેરિકામાં બનેલી. (ભારતમાં ત્યારે સાયકલ પણ બનતી ન હતી.) તેની કિંમત રૂ. ૪૦/- હતી. અત્યારે હું જે સાયકલ વાપરું છું તેના એક પૈડામાં ટાયર-ટ્યુબ બદલાવી ગઈ કાલે નવાં નખાવ્યાં. આ નવાં ટાયર-ટ્યુબની કિંમત કેટલી? તો કે ૪૦ રૂપિયા! અને છતાં એ જમાનામાં સાયકલ મોંઘી હતી અને આજે સાયકલ સસ્તામાં સસ્તું વાહન છે!

શિક્ષણસંસ્થા લિમિટેડ

તા. ૩૧-૫-૮૬ : આપણે ત્યાં શિક્ષણમાં વ્યાપારી તત્ત્વ દાખલ થઈ ગયું છે એવી ટીકા આપણે કરતા આવ્યા છીએ. હું તો ઘણી વાર મશ્કરીમાં કહું છું કે રણછોડલાલે દોઢસો વર્ષ પહેલાં પહેલવહેલી કાપડ મિલ ચાલુ કરી પણ આજે અમદાવાદી શેઠ કાપડની મિલ કાઢતા નથી પણ નિશાળ કાઢે છે! હા, એટલું ખરું કે મિલ તો સરકારના કંપનીધારા મુજબ કઢાય પણ શાળાની સ્થાપનાનો દેખાવ તો ધર્માદા ટ્રસ્ટ જેવો રાખવો પડે છે અને સરકારી કાયદા પ્રમાણે ટ્રસ્ટને નફો થાય તે ટ્રસ્ટના હેતુ માટે જ વાપરવો પડે એટલે શેઠિયાઓએ નિશાળ કાઢી નફો તારવવો હોય તો ટ્રસ્ટના નિયમોમાંથી રસ્તો કાઢવો પડે.

પણ આ મદ્રાસીઓ તો ગુજરાતી કરતાં પણ આગળ વધ્યા! ગઈ કાલે ગુજરાતી છાપામાં આખું પાનું ભરીને જાહેર ખબર આવી છે. કોઈ કાપડની મિલ કાઢવી હોય, ખાતરનું કારખાનું કાઢવું હોય, પોલાદનું કારખાનું કે જહાજવાડા જેવો કરોડો રૂપિયાની લાગતવાળો ઉદ્યોગ શરૂ કરવો હોય તો નાણાં એકઠાં કરવા શૅર બહાર પાડે છે અને તે માટે કેટલાં નાણાં એકઠાં કરવાં છે, શું હેતુ છે, શૅર લેનારને કેટલું વ્યાજ મળશે, ઉદ્યોગમાંથી કેટલા નફાની આશા છે - આ બધી વિગતો માટે છાપાંમાં જાહેરનામું બહાર પાડે. બસ, આવું જ એક જાહેરનામું ગઈ કાલના ગુજરાતી છાપાની જાહેરખબરમાં છે. જાહેરનામું કયા ઉદ્યોગ માટે છે? તો કહે 'સનાતન ધર્મ ગુરુકુલમ્ લિમિટેડ' માટે. હેતુ શું છે? મદ્રાસથી ૨૮ કિલોમીટર દૂર ત્રિવેણીનગર નામું કેમ્પસ બનાવી ત્યાં ત્રિવેણી સ્કૂલ નામની પબ્લિક સ્કૂલ - નિવાસી શાળા સ્થાપવી છે. ૧ થી ૧૨ ધોરણ સુધીની શાળાના બધા જ વિદ્યાર્થીઓ 'સનાતન ધર્મ ગુરુકુલમ્'ની સ્ટાઈલમાં કેમ્પસ ઉપર જ રહે. આપણી આશ્રમજીવનની સંસ્કૃતિ અને આધુનિક વિજ્ઞાન-ટેક્નોલોજીનો સમન્વય કરતું વાતાવરણ રચવાનો પ્રયત્ન થશે એમ જાહેરાતમાં જણાવ્યું છે. કેટલું શૅર ભંડોળ? તો કહે, ચાર કરોડ રૂપિયાનું ભંડોળ. રૂ. ૧૦નો એક એવા ચાળીસ લાખ શૅરો વેચવા કાઢ્યા છે. શૅરહોલ્ડરોને બાંહેધરી આપે છે કે, પહેલા જ વર્ષને અન્તે ૧૫ ટકા ડિવિડન્ડ અપાશે કારણ કે સ્કૂલનું બાંધકામ શરૂ થઈ ગયું છે અને જૂન ૧૯૮૭માં પ્રવેશ અપાશે અને પહેલે જ વર્ષે આખી શાળા ૧ થી ૧૨ ધોરણની - ચાલુ થશે અને ૫,૦૦૦ વિદ્યાર્થીઓ દાખલ થઈ જશે!

આ મદ્રાસીઓ તો ખરેખર ગુજરાતીઓ કરતાં કેટલા આગળ નીકળી ગયા? પણ આનું ખાસ કારણ છે. ગુજરાતીઓ જેમ વિદેશોમાં જઈ વસ્યા છે તેમ તમિળ અન મલયાલી લોકો પણ વિદેશમાં ખૂબ વસ્યા છે. (દરિયાકાંઠાનાં રાજ્યો છે ને એટલે) પણ ગુજરાતીઓ ઇંગ્લન્ડ, અમેરિકા અને પૂર્વ આફ્રિકામાં ગયા છે, જ્યાં ઉત્તમ શિક્ષણ પ્રાપ્ય છે અને તેમનાં બાળકોને શિક્ષણનો તેમને પ્રશ્ન રહેતો નથી. જ્યારે તામિલનાડુ અને કેરળના લોકો મલયેશિયા, લંકા કે અખાતના આરબ દેશોમાં ગયા છે, જ્યાં શિક્ષણનાં ઠેકાણાં નથી. તેથી ત્યાં ગયેલા મદ્રાસીઓને તેમનાં બાળકોનાં શિક્ષણની ચિંતા રહે છે. એટલે આવી લિમિટેડ કંપની જેવી શાળા કાઢવાનું ગુજરાતીઓ કરતાં મદ્રાસીઓને વહેલું સૂઝે તેમાં નવાઈ નથી.

જોકે આ જાહેરખબર વાંચી કે તરત જ મને યાદ આવ્યું કે આજથી ૩૦-૩૫ વર્ષ પહેલાં આણંદમાં શારદા હાઈસ્કૂલ હતી. (આજે પણ છે.) અને તે સ્કૂલમાં ખૂણામાં નાનું પાટિયું હતું - 'શારદા હાઈસ્કૂલ લિમિટેડ.' જનતા પાસેથી કે અમુક વ્યક્તિઓ પાસેથી નાણાં એકઠાં કરી જે ઉદ્યોગ કે પેઢી શરૂ કરો તે લિમિટેડ વ્યવસાય કહેવાય. આમ હવે શિક્ષણ સંસ્થાઓ પણ નફા કરતાં કારખાનાંની જેમ લિમિટેડ કંપનીઓ થવા લાગી છે!

માનવીની ભવાઈ

તા. ૨૩-૭-૮૬ : આ વર્ષનો ભારતીય સાહિત્ય માટેનો જ્ઞાનપીઠ એવોર્ડ પન્નાલાલ પટેલને તેમની નવલકથા 'માનવીની ભવાઈ' માટે મળ્યો છે. થોડા દિવસ પહેલાં અમદાવાદ રેડીઓ ઉપર રઘુવીર ચૌધરીએ તેમની મુલાકાત લીધી. પન્નાલાલને ૭૮ વર્ષ થયાં છે. કદાચ દાંત બધા પડી ગયા હશે અને ચોકઠાં પહેરતા નહીં હોય, કારણ કે રેડીઓ ઉપર તેમનો અવાજ સમજવા માટે પ્રયત્ન કરવો પડે તેવો લાગ્યો.

પન્નાલાલ તે જમાનાની '૪ ગુજરાતી અને ૪ અંગ્રેજી' ચોપડી ભણેલા છે એટલે અત્યારની પરિભાષામાં ૮મા ધોરણ સુધી ભણેલા છે. નાનપણથી બાપ ગુજરી ગયેલા અને પાંચ વર્ષની વયે એક સાધુ સાથે ગામ અને ઘર છોડી ચાલી નીકળેલા. ગામ રાજસ્થાનના ડુંગરપુર જિલ્લાનું અને સાધુ સાથે ઇડર મહાદેવના મંદિરમાં રહ્યા અને નિશાળે બેઠા. નાનપણથી જ મધુર કંઠે ગીત ગાતા એટલે શાળાના એક કાર્યક્રમ દરમિયાન ઇડરના મહારાજાને આ છોકરો ગમી ગયો અને તેને રાજ્યની હોસ્ટેલમાં મફત રહેવા-ભણવાની સગવડ કરી આપી. અહીં તે પાંચ વર્ષ રહીને ભણ્યા. ઉમાશંકર જોશી તેમના સહાધ્યાયી. ૮મા ધોરણમાં નિશાળ પૂરી થઈ એટલે કારખાનામાં નોકરીએ લાગ્યા!

દસેક વર્ષ વીત્યા પછી કોઈક મિત્રે વાત કરી કે પેલો ઉમાશંકર જોશી તો મોટો કવિ થઈ ગયો છે અને મુંબઈ રહે છે.

(અનુસંધાન પૃ. ૩૯૬ ઉપર)

સ્થિર નદી, સરતાં નીર

પરસ્પર વિરોધી જીવન

પ્રીતિ સેનગુપ્તા

ચીનમાં બૌદ્ધ ધર્મ સદીઓ પહેલાં પ્રવેશ્યો, ત્રીજી સદીથી ત્યાં સર્વત્ર પ્રસરવા માંડ્યો ને છઠ્ઠી સદીથી ચીનનો મુખ્ય ધર્મ બની રહ્યો. એ પછી કન્ફ્યુશિયસ અને તાઓના ઉપદેશ-વિચાર એમાં વણી લેવામાં આવ્યા અને ધીરે ધીરે, એ કેવળ ધર્મ ન રહેતાં સમગ્ર ચીની જીવન-રીતિ, ફિલસૂફી, કળા ને સાહિત્યનો અગત્યનો અંશ બની ગયો. ભારતમાંથી ગયેલું બીજ ફૂલીફાલીને ચીનમાં ઘેઘૂર વૃક્ષમાં પરિણમ્યું.

ખ્રિસ્તી ધર્મ સૌપ્રથમ સાતમી સદીમાં ચીનમાં દાખલ થયો હતો, પણ બહુ ફાલ્યો નહીં. તેરમી સદીથી યુરોપી સ્થાન-શોધકોના, તથા ત્યાંના પાદરીઓના આગમન સાથે ખ્રિસ્તી ધર્મ અપનાવનારાંની સંખ્યા ચીનમાં થોડી થોડી વધતી ગઈ. અત્યારે રોમન કૅથૉલિક અને પ્રોટેસ્ટન્ટ પંથોમાં માનનારાં પિસ્તાલીસ-પચાસ લાખ ચીનીઓ હોઈ શકે.

તાન્ગ રાજવંશ દરમ્યાન, સાતમી સદીમાં, ઈસ્લામ પણ ચીનમાં પહોંચ્યો. અરબ પ્રજાનો ચીન સાથેનો સંપર્ક ત્યારથી વેપારાર્થે શરૂ થયેલો. ભૂમિમાર્ગે અરબો પર્શિયા ને અફગાનીસ્તાન વળોટતા ચીનના ઉત્તર-પશ્ચિમ પ્રદેશોમાં ગયેલા તથા દરિયાઈ માર્ગે બંગાળના અખાત ને મલેશિયાની મલાક્કા-સામુદ્રધુનિ પસાર કરીને ચીનનાં પૂર્વ તરફનાં શહેરોમાં દાખલ થયેલા. એમાંના કેટલાયે પછીથી ચીની સ્ત્રીઓને પરણીને ત્યાં બધે સ્થાયી થયેલા. તેરમી સદીમાં, ચંઘીસખાનની ચડાઈઓ પછી ઘણા મુસ્લિમ સૈનિકો અને સરદારોને ચીનમાં વસવાટ કરવા મોકલાવાયેલા. કુબ્લાઈખાનના સમય દરમ્યાન આ જ બધા ચીનમાં દૂર દૂરના પ્રદેશોમાં સંરક્ષકો તરીકે નિમાયેલા, ને એ રીતે ઈસ્લામ પણ એ પ્રદેશોમાં પ્રસરેલો.

એક કરોડથી પણ વધારે ચીની મુસ્લિમો ત્યાં આજે છે, એમ મનાય છે. વાયવ્યના વિસ્તારમાં એમની સંખ્યા ઘણી મોટી છે. પાકિસ્તાન, અફઘાનીસ્તાન, ઉઝ્બેકીસ્તાન વગેરે મુસ્લિમ દેશો પણ ચીનની એ દિશામાં જ પડે છે. પણ આખા ચીનમાં બધે જ નાની-મોટી મસ્જિદો છે, અને એ બધે જ શક્ય તેટલા ધાર્મિક પ્રસંગો પણ ઉજવાય છે. રમઝાન, બકરી ઈદ તથા પયગંબરના જન્મદિનની ઉજવણી તો સર્વત્ર થાય છે.

અમુક મસ્જિદો બરાબર અરબી શૈલીમાં પાંચસો-હજાર વર્ષ પહેલાં બંધાયેલી. દા.ત. પાટનગર બેજિન્ગમાંની મસ્જિદ. એને હજાર વર્ષ થઈ ગયાં. ચીનમાંની પાંચ મોટામાં મોટી મસ્જિદોમાંની એ એક છે. બહારથી ચીની રાજ્ય-પ્રાસાદ જેવી, અંદરથી અરબી જેવી, ખૂબ સુંદર, હજાર જણ સાથે નમાઝ પઢી શકે એટલી વિશાળ. બેજિન્ગમાં પહેલવહેલી વાર અરબી ભાષામાં લખેલી દુકાનોની સંજ્ઞા જોઈ ત્યારે આ બાબતે અણધારી જાણ થયેલી. ચીનમાં ઈસ્લામ હશે, મુસ્લિમો હશે, એ કોણે વિચાર્યું હોય?

શિઆન શહેરમાં પણ એક વિખ્યાત આલીશાન મસ્જિદ છે. એને બંધાયે પણ હજાર વર્ષ થવા આવ્યાં છે. એના ચીની-અરબી સ્થાપત્ય માટે એ જાણીતી બનેલી છે. એને જોવાનું ઘણું મન હતું, પણ એ બન્યું નહીં. ચીની સરકારે મારે માટે નક્કી કરેલી સૂચિમાં એનો સમાવેશ નહોતો ને!

ચીનનો પ્રવાસ આવી નિરાશાઓથી ભરેલો રહે છે. જોવાનું ઘણું, સમય ઓછો અને કાર્યક્રમ બદલવાની છૂટ ગાઇડ પાસે જરા પણ નહીં. પ્રવાસી ઈચ્છે તો પોતાની મેળે, વધારે ખર્ચો કરીને, ટેક્સી લઈને જરૂર નીકળી જઈ શકે, તો વળી પેલું જોવાનું રહી જાય!

શિઆન વિમાનમથકનો રસ્તો અસંખ્ય ટ્રકોથી એવો ગૂંચવાયેલો કે બધાં વાહનો ધીમાં પડી ગયેલાં. દોઢ કલાકે પહોંચ્યાં. પોણા-બે કલાકનું ઉડ્ડયન હતું. વિમાન અડધો કલાક મોડું ઊપડ્યું. આ હતું આધુનિક ચીન, 'નવું' ચીન. પ્રવાસીઓ માટે નવી નવી હોટેલો, જોવા જેવી અનેક જગ્યાઓ વગેરેની પ્રસ્તુતિ, ને સાથે જ નવા નવા વેરા. દરેક સ્ટેશને, વિમાન-મથકે પરદેશી પ્રવાસી માટે નવી તરહની સજા - તે જ, 'બાંધકામ વેરા'ને નામે લેવાતા વધારાના પૈસા. ને તે પણ ભરવાના 'પરદેશીઓ માટેના' નાણામાં, સ્થાનિક ચલણમાં નહીં.

બેજિન્ગમાં પહેલી વાર આંતરરાષ્ટ્રિય ચીની ચલણ આપવું પડ્યું તે જરાયે ન હતું ગમ્યું. શિઆન છોડતાં તો વેરો ઘણો વધારે માગવામાં આવી રહ્યો હતો. (સાડા સાત અમેરિકન ડૉલર જેટલો), ને એ તો બહુ જ ભારે પડ્યો. એ પછી પણ દરેક શહેર છોડતાં આમ ખિસ્સું નિચોવતાં રહેવું પડેલું. નવો જ દાખલ કરાયો હતો આ 'વિદાય-વેરો', ને સાંભળ્યું છે કે એ વધતો ગયો છે.

ફરીથી શાંઘાઈમાં પ્રવેશ કરી રહી હતી. મનમાં એને ફરી જોવાની આતુરતા હતી, પણ એ તો સાવ બદલાઈ જ ગયેલું. નવા, ખૂબ મોટા વિમાનમથકે ઘણી ભીડ હતી. માર્લબોરો, સેલમ જેવી કડક, અમેરિકન સિગારેટોની વિદ્યુત-સંલગ્ન જાહેરાતો, અને શોભા માટે ગોઠવેલી અગણિત બત્તીઓ; ઊંચી ઊંચી હોટેલો ને ઓફિસોનાં નવાં મકાનો; અનેકાનેક મોટરો અને ધીમી ગતિ. આવું કશું ક્યાં હતું પહેલાં?

હવે ખ્યાતનામ નાન્જિન્ગ રોડ પર. શાંઘાઈના બે મુખ્ય રસ્તામાંનો એક. અગિયાર માઈલ લાંબો 'બજાર-માર્ગ.' સરસ દુકાનો, બત્તીઓનો ઝળહળાટ, નિઓનનું રંગરંગીન વૈપુલ્ય. જાપાનનાં શહેરો જેવું. શાંઘાઈમાં - કે ચીનમાં - આવું કશું ક્યાં હતું? સાથેની ગાઈડે જણાવ્યું કે એ બધા ફેરફારો બેએક વર્ષ પહેલાં જ થયા હતા. ચીનને ખરેખર ગાંડપણ ચડી ગયેલું લાગ્યું.

આ બધી ભીડમાંથી નીકળી, બીજા સાધારણ, શાંત, અંધારા નિવાસ-વિભાગમાં થઈ શહેરની બહાર તરફની હૉટેલમાં પહોંચ્યાં. એ પાછી 'આધુનિક રણદ્વીપ' જેવી હતી. અતિપ્રકાશિત, અતિવિશાળ, અતિપાશ્ચાત્ય. બધું જ અદ્યતન અને ફૅશનેબલ. પણ મનમાં મને લાગ્યા કર્યું - 'દેખાવે પ્રભાવકારી છે, ને સત્ત્વ શોધો તો કશું નથી.' મારો રૂમ ઘણો મોટો, ને ખાલી ખાલી હતો. સવારે નાસ્તામાં ચીજો ઘણી હતી, પણ શાકાહારી કાંઈ જ ન હતું. મંગાવ્યું, તો મળ્યું ખરું, પણ ખૂબ જ તેલિયું. મારે માટે ચીનમાં રોજનો આ જ ક્રમ.

રૂમની બારીમાંથી સવારે જોયું તો એક શાળાની છત પર છોકરાં કસરત કરતાં હતાં; એક નાના બાગમાં કેટલાંક વૃદ્ધ સ્ત્રી-પુરુષો લાક્ષણિક 'તાઈ-ચિ' આસનો કરવામાં રત હતાં, એક સાંકડી ગલીમાં ખાવાની લારીઓ લાગી ગઈ હતી ને લોકોની ભીડ થવા માંડી હતી. એ સાધારણ પરિસરમાં રહેનારાં, કામ કરનારાંનાં કપડાં હજી પ્રથાગત ભૂરાં, ભૂખરાં, ઘેરાં લીલાં, કથ્થાઈ રંગનાં હતાં. ૧૯૩૦-૪૦માં વસેલો એ ભાગ. હજી એ સમયનો જ હોય એવો દેખાવ રહી ગયો છે એનો. બાકી, દોઢ કરોડની વસ્તીવાળું એ મહાનગર મહિને મહિને બદલાઈ રહ્યું છે. જાણે એ કોઈ અનામી સ્પર્ધામાં છે. સૌથી વધારે નવી, અદ્યતન ઇમારતો જેમાં હોય એવું એશિયન શહેર એને બનવું છે જાણે.

સાડા સાતસો વર્ષોનો એનો ઇતિહાસ છે, જે વિવિધ પરદેશી આગંતુકો - બ્રિટિશ, જાપાની, ફ્રેન્ચ, અમેરિકન, રશિયન, વિયેતનામી, ઇન્ડિયન વગેરેથી એ છવાયેલો રહ્યો છે. પહેલેથી એ અગત્યનું બંદર રહ્યું છે. એ બહોળી હવાન્ગ્પુ નદીની પેલી પાર, પુડૌન્ગ નામનો વિસ્તાર નવા ઔદ્યોગિક કેન્દ્ર તરીકે અત્યંત ઝડપથી વિકસી રહ્યો છે. હજી હમણાં સુધી તો ત્યાં ખેતરો હતાં, ને હવે જુઓ તો સ્ટીલ, સિમેન્ટ ને કાચનું રણ-મેદાન.

તદ્દન નવાં બહુમાળી મકાનોમાંના ફ્લેટ ચીની પ્રજાજનો હવે - એટલે કે ૧૯૯૨થી - ખરીદી શકે છે. એ પહેલાં એટલી છૂટ પણ ન હતી. પરન્તુ શરત એ છે કે અમેરિકન ડૉલરથી જ ફ્લેટ ખરીદી શકાય. ચીની ચલણ એ માટે અસ્વીકાર્ય છે. આ છે 'ન્યૂ ચાઈના.' અલબત્ત, દેશ માટે સમય બદલાયો હશે, પરંતુ એનાં બધાં પ્રજાજનોનાં જીવન તો નથી જ બદલાયાં. હજી એક ઘરમાં એકથી વધારે કુટુંબો જીવી રહ્યાં છે. શાંઘાઈના સાંકડા રસ્તા પર પડતાં ઘરોનાં ખુલ્લાં બારણાંમાં ડોકિયું કરતાં સાવ નાના, અંધારા ઓરડા મેં જોયા. ફૅક્ટરીઓમાં મજૂરી કરતા લોકોનાં, ગાભા જેવાં કપડાં રસ્તા પર જ સુકાતાં હતાં. વધી ગયેલાં વાહનોને કારણે શહેરના ધોરી માર્ગો પર આખો દિવસ સાયકલ, હાથલારી વગેરે ચલાવવાની મનાઈ છે. એવાં બિનયાંત્રિક સાધનોને પકડીને ચાલનારાંને પોલીસ લડતા હતા, પૈસાની સજા કરતા હતા, એ મેં નજરે જોયું. તો ગરીબો જાય ક્યાં? હવે ગરીબો, ને પગપાળા લોકો કોઈને ગમતા નથી. મારી ગાઇડ ડેઈઝીએ કહ્યું : 'બસના ડ્રાયવરો શીઘ્રગતિ ટૅક્સી-ચાલકોથી ગભરાય છે, ને ટૅક્સી-ચાલકો શીઘ્ર ગતિને અવરોધતા પાદચારીઓથી ગભરાય છે!'

શાંઘાઈના મુખ્ય રસ્તાઓ પર ફરતાં ભૂલી જ જવાય કે આ સામ્યવાદી, અતિ-પ્રતિબંધક ચીન છે. મોટરો, મોટરસાયકલો, હેલ્મેટવાળા યુવાનો, જીન્સ ને સ્વેટર પહેરેલી યુવતીઓ, ફૂલોની, કેકની યુરોપી જેવી દુકાનો; સ્માર્ટ શૉપિન્ગ - વસ્ત્રો, ઘરેણાં, પાદત્રાણ, પર્સોની સરસ દુકાનો અને ફિલ્મ તથા કૅમેરા વગેરે વેચતી દુકાનો તો એટલી બધી કે એમ થાય કે આ કોઈ સદંતર 'મુક્ત આર્થિક-નીતિ'વાળો દેશ તો નથીને.

નીલમણિના બનેલા બુદ્ધનું મંદિર, નિર્માણ પામવાની પળે રહેલા બુદ્ધની પ્રતિમા, સુવિખ્યાત 'યુ યુઆન' ઉદ્યાન, કળાસંગ્રહાલય વગેરે તો ફરીથી જોયું જ. અચાનક એક રસ્તા પર હિન્દી સિનેમા 'ગંગા જમુના સરસ્વતી'નું પોસ્ટર પણ દેખાઈ ગયું! નવાઈ લાગી. હિન્દી સિનેમા હજી ચીનમાં લોકપ્રિય હશે એનો ખ્યાલ ન હતો. ફક્ત ચીની હૉસ્પિટલની મુલાકાતે હું આ વખતે ફરીથી જઈ ના શકી. મકાન નવું, ચોખ્ખું હતું, પણ રોગીઓ પર ભોંકેલી, 'ઍક્યુપંક્ચર' માટેની, સોયો જોવાનો વિચાર પણ કષ્ટદાયી હતો. □

છાપું

નસીમ હરીશ ભીલ

એ આંખો બંધ કરીને ક્યારનોયે સ્ટાફરૂમની ખુરશી પર બેઠો હતો. ઘડિયાળના કાંટા ધીમેધીમે ફરી રહ્યા હોય એવું અનુભવાયું. એણે લાઈબ્રેરીમાં જઈ છાપું વાંચવા વિચાર્યું, પણ પગ ન ઊપડ્યા. થોડી વારમાં કૉલેજનો સમય પૂરો થયો. એણે ઝડપથી ઘર તરફ ચાલવા માંડ્યું.

છાપું યાદ આવતાંની સાથે જ શુભાનો સ્હેજ ગુસ્સે ભરાયેલો ચહેરો મનમાં ઝબકી ઊઠ્યો. સવારની ચાની ચૂસકી છાપાના મથાળા પર નજર ફેરવતાં ફેરવતાં જ લે ને શુભા ચિડાઈ ઊઠે, 'કમસે કમ ચા તો શાંતિથી પી લો. સવારમાં જ અકસ્માત, મારામારી, મૃત્યુ! ઘણો સમય પડ્યો છે છાપું વાચવા માટે.'

બીજું છાપું બરાબર બપોરે જમવાના સમયે જ આવે. જમતાં જમતાં જ એ પાનાં ઉથલાવવા માંડે. વળી શુભા ઊકળી ઊઠે, 'છાપા વિના તો કોળિયો ગળા નીચે નહીં જ ઊતરે.'

ચા અને જમવાના સમયે છાપાંઓમાં માત્ર નજર જ ફેરવી શકાઈ હોય. ઝીણવટથી વાંચવાનો સમય કૉલેજથી છૂટ્યા પછી ઘરે જઈ ચાર વાગ્યાની ચા પીતાં-પીતાં જ મળે. શુભા આ સમયે કામથી પરવારી એની રાહ જોતી કંઈક વાત કરવાના મૂડમાં હોય ત્યાં જ એ છાપું લઈને બેસી જાય અને શુભા ગુસ્સે થઈ બહાર જતી રહે.

શુભા સાડી ક્યારેક જ પહેરે. જ્યારે એ પહેરે ત્યારે એ વરસી જ પડતો. એક સાંજે શુભા નવી સાડી પહેરી, એ છાપું વાંચતો હતો ત્યાં આવી ઊભી રહી. છાપામાંથી આંખ ખસેડી એક નજરે એણે શુભાને જોઈ કહ્યું : 'ખૂબ જ સુંદર લાગે છે.' ને ફરીથી છાપું વાંચવામાં ગૂંથાઈ ગયો. શુભા અંદરના રૂમમાં જઈ, એ ક્યારે આવે, એને ફૂદરડી ફેરવે અને વ્હાલ વરસાવે એની રાહ જોતી બેસી રહી. પણ એ ન ગયો - ન જઈ શક્યો. મોડેથી ગયો ત્યારે શુભા રડી રહી હતી. એ નજીક ગયો કે એ બરાડી ઉઠી, 'તમને રીઝવવા અમને ન ફાવે તોય સાડી પહેરીએ અને તમને મનમાં કંઈ જ નહીં! બસ, આખો દિવસ છાપું-છાપું ને છાપું જ. અમારું કંઈ મહત્ત્વ જ નહીં.'

ઘણીયે રીઝવવા છતાં એ ન જ માની. મનમાં ઘણું થયું. પણ શું કરવું? છાપું...

ઘર આવી ગયું. બારણું ખોલતાં જ શુભા વગરના ખાલી ઘરની વાસ અકળાવી ગઈ. ઘર એકદમ અસ્તવ્યસ્ત પડ્યું હતું. બધું સમું-સૂતરું મૂકી ચા બનાવી, એ છાપું લઈને બેઠો. નજર છાપામાં ચોંટી જ નહીં. પાનું ફેરવવા હાથ ન ઊપડ્યો. અક્ષરો જાણે રેલાઈ રહ્યા હતા. છાપા પ્રત્યે અણગમો ઊગી આવ્યો. ફગાવી દીધું - છેલ્લા આઠ દિવસની જેમ જ.

શુભા અઠવાડિયા પહેલાં જ એનાં મમ્મીને મળવા ગઈ હતી. એને થયેલું, હવે આખો દિવસ છાપું વાંચ્યા જ કરીશ. કોઈ નહીં રોકે. પણ...!

એને ચેન ન પડ્યું. કાગળ-પેન લઈ શુભાને પત્ર લખવા બેસી ગયો.

'પ્રિય શુભા,

જલ્દીથી પાછી આવી જા. તારા વિના છાપુંય...' □

અનુસંધાન] **પસ્તિનાં પાનાં** [પૃ. ૩૯૩થી

પન્નાલાલે પ્રયત્ન કરી તેમનું મુંબઈનું સરનામું મેળવ્યું અને કવિતાના રૂપમાં ઉમાશંકરને પત્ર લખ્યો. પછી ૧૯૩૪ની ગાંધીજીના પ્રમુખપદે મળેલી સાહિત્ય પરિષદમાં ઉમાશંકર અને સુંદરમ્‌ને મળ્યા અને ઉમાશંકરે સૂચવ્યું કે, તમે કવિતા સારી લખી શકશો. પ્રયત્ન કરો અને સુન્દરમ્‌ને બતાવો.

હાઉં, બે ત્રણ કવિતા લખીને સુંદરમ્‌ને બતાવી પણ સુન્દરમ્‌ને તે કાંઈ ઠીક લાગી નહીં. પછી તેમણે જ સુંદરમ્‌ને કહ્યું કે, કવિતાને બદલે હું વાર્તા લખું તો? સુંદરમ્‌ને થયું કે હાશ, આ માણસથી છુટકારો મળશે એટલે કે તેમણે કહ્યું કે, બરાબર છે. વાર્તા લખો અને મેઘાણીને બતાવો. (જા બિલ્લી મોભામોભ...) પન્નાલાલે ત્રણ-ચાર વાર્તા લખી મેઘાણીને મોકલી. સાબરકાંઠાની તળપદી બોલીમાં લખાયેલી આ વાર્તાઓથી મેઘાણી તો ખુશ ખુશ થઈ ગયા અને આમ, 'કવિ થાઉં, કવિ થાઉં' કરતા પન્નાલાલ વાર્તાકાર થઈ ગયા. પછી તો તેમણે નવલકથા પણ લખવા માંડી. તેમની અનેક નવલોમાં પહેલી વિખ્યાત નવલકથા 'મળેલા જીવ' આ નવલકથા લખ્યા પછી પન્નાલાલ મુંબઈ ગયા હતા. ત્યાં રહ્યા પછી તેમને થયું : ગ્રામ્યજીવનની વાર્તા તો આજ સુધી લખી. લાવ, હવે શહેરીજીવનને અનુલક્ષીને લખું. આવી બે નવલકથા લખી એટલે પટ કરતો મેઘાણીનો પત્ર આવ્યો, 'મીઠાં જળની માછલી સમુદ્રનાં ખારાં જળમાં કેમ વિકસી શકે?'

અને પન્નાલાલ પોતાની મૂળ શૈલી ઉપર પાછા આવી ગયા અને જે નવલકથા માટે આજે તેમને પારિતોષિક મળે છે તે 'માનવીની ભવાઈ' નવલકથા તેમણે ૧૯૪૩માં લખી. ત્રણ વાર આ નવલકથા લખી અને ત્રણ વાર ફાડી નાખી અને છેવટે દિલને સંતોષ થાય તેવી લખાઈ ત્યારે પ્રકાશિત કરી!

ગોવર્ધનરામ ત્રિપાઠીએ આપણા સાહિત્યમાં નવલકથા-યુગની શરૂઆત કરી અને તેમની સાથે જ શિષ્ટ ગુજરાતી ભાષામાં જ નવલથાઓ લખાય તેવો રિવાજ થઈ ગયો. ઉમાશંકર જોશીએ 'સાપના ભારા' નાટક લખીને લોકબોલીના ઉપયોગનો અખતરો કર્યો અને પન્નાલાલે 'માનવીની ભવાઈ' લખી લોકબોલીને સાહિત્યમાં સ્પષ્ટ સ્થાન આપ્યું. □

ફેરમ ફૉસ

હેમેન્દ્ર એ. શાહ

(ફોસ્ફેઈટ ઑફ આયર્ન)

આમ તો 'ફેરમ ફોસ' બાયોકેમિક પદ્ધતિના બાર ક્ષારમાંનો એક ક્ષાર જ છે; પરંતુ તે અનેક રોગોમાં ત્વરિત રાહત આપતો હોવાથી તેની ઉપયોગિતા ઘણી બધી છે.

કોઈ પણ વ્યક્તિને ફિકાસ, લોહતત્ત્વની ઊણપ, લોહીની ખામી, ઓછું હિમોગ્લોબિન હોય તો ફેરમ ફોસ, ૩× અથવા ૬×ના બેથી ત્રણ ડોઝ દિવસમાં આપવાથી લોહીમાં ઝડપથી સુધારો કરે છે અને ફીકાશ દૂર કરે છે.

શરીરના કોઈ પણ ભાગમાં સોજા રહેતા હોય અને તાવ આવતો હોય - ખાસ કરીને શરૂઆતના તબક્કાનો હોય - તો આ દવા અસરકારક થાય છે.

વાગ્યું હોય, ખાસ કરીને મૂઢ માર હોય તો ૬× મોંઢેથી લેવાથી અને ૩×ને પાણીમાં પલાળી વાગેલા ભાગ ઉપર દર ત્રણ-ચાર કલાકે લગાડવાથી ત્વરિત ફાયદો થાય છે. જીવજંતુ કરડ્યું હોય તો ફે.ફો. ૩×ને પલાળી મલમની જેમ લગાડવાથી ત્વરિત અસર થાય છે.

પ્રાણવાયુ ફેફસાંમાંથી લોહીમાં લઈ જવાનું કાર્ય આ ક્ષાર સારી રીતે કરે છે, જેથી શારીરિક ક્રિયાઓનો વિવિધ લય તથા સંચાલન સારી રીતે થાય છે.

લોહી નીકળવું, નસકોરી ફૂટવી, શરીરની નબળાઈને કારણે માથું દુ:ખવું વગેરે સમસ્યામાં ફે.ફો. ઝડપથી રાહત આપે છે. ૩× પાવરની દવાને પાણીમાં ઓગળી મલમની જેમ લગાડવાથી ઝડપથી રૂઝ લાવી શકાય છે.

ગળાના દુ:ખાવામાં, ગળાની બળતરામાં, સોજાવાળા તથા લાલ થઈ ગયેલા ગળા માટે પણ આ એક અકસીર દવા છે. પેટની તકલીફ હોય, જે ખોરાક ખાધો હોય તેના ઘચરકા આવતા હોય, ખાટા ઓડકાર, ઊલટી વગેરેમાં ફેરમ ફોસથી ઘણો ફાયદો થાય છે. (આવા કિસ્સામાં પૂરક દવા તરીકે મેગફોસ પણ સાથે સાથે આપી શકાય.)

દર્દી નબળો હોય, ગુસ્સાવાળો હોય, બેદરકાર હોય, દિવસ દરમ્યાન અત્યંત અસ્વસ્થતા અને બેચેની અનુભવતો હોય, કામ કરવામાં વારંવાર ભૂલો કરતો હોય તો ફે.ફો. આશીર્વાદરૂપ છે.

વીસ વર્ષ પહેલાં ફે.ફો. તાવ માટે, અશક્તિ માટે વિશેષ આપવામાં આવતી. પરંતુ છેલ્લાં દસ વર્ષથી અનેક રોગોમાં તેનો ઉપયોગ અસરકારક માલૂમ પડ્યો છે. આંખોમાં ખરબચડું લાગતું હોય, આંખો સૂકી પડી ગઈ હોય, આંખોમાં સોજા કે બળતરાની લાગણી થતી હોય, અને બધી સમસ્યા શરૂઆતની અવસ્થામાં હોય તો ફે.ફો. વિશેષ લાભ આપે છે.

લોહી સંબંધિત બધા રોગોમાં ફે.ફો. ઉપયોગી ઔષધ છે. લોહીની અધિકતાને કારણે ગાલ તથા મોઢાની નસો દુ:ખતી હોય, મોઢું સૂકું રહેતું હોય, ગરમ રહેતું હોય, કાનમાંથી પાણી જેવું પરુ નીકળતું હોય, કાનમાં ઝણઝણાટી બોલતી હોય તો ફે.ફો. આપવાથી ઘણો ફાયદો થાય છે. તેની યાદશક્તિ નબળી હોય અને દાંતનાં દર્દોમાં ગરમ પીણાથી દુ:ખાવો વધતો હોય અને ઠંડા પીણાંથી સારું લાગતું હોય તો ફેરમફોસથી ફાયદો થાય છે.

ન્યુમોનિયાની શરૂઆતમાં ફે.ફો. આપવાથી ફાયદો થાય છે અને રોગને આગળ વધતો અટકાવી દે છે. બાળકો રાત્રે પથારીમાં પેશાબ કરે, મોટી ઉંમરનાને અચાનક પેશાબ થઈ જાય, પેશાબ સાથે લોહી નીકળે, શરદી-તાવમાં ગળફામાંથી લોહી નીકળે ત્યારે પણ ફે.ફો. લાભદાયક દવા સાબિત થઈ છે. ગડ-ગૂમડ, પરુ, ચામડીનો બગાડ, ખીલ, પરુવાળી ફોલ્લીઓ વગેરે માટે તથા નસકોરી ફૂટતી હોય ત્યારે ફે.ફો. અવશ્ય આપવી જોઈએ.

નિયમિત રીતે બપોરના સમયે તાવ સાથે ટાઢ ચડતી હોય, રાત્રે આવતા તાવમાં પરસેવો વધારે થતો હોય, ગળામાં ચાંદાં પડતાં હોય તો ફે.ફો. આપવાથી ઘણી રાહત રહે છે. માથાનો દુ:ખાવો માથું દબાવવાથી વધતો હોય તો ફે.ફો. ઝડપથી સુધારો લાવી આપે છે. મોટી ઉંમરની વ્યક્તિઓને પગમાં તથા શરીરના અન્ય ભાગોમાં દુ:ખાવો રહેતો હોય, નબળાઈ રહેતી હોય, વાની અસર હોય તો ફે.ફો. અને સાથે કેલકેરિયા ફ્લોર વારાફરતી દિવસમાં દરેકના બે ડોઝ આપવાથી ઘણી રાહત રહેશે.


તાજેતરમાં ડાયબિટિસના એક દર્દીને હોમિયોપથીની જાણીતી દવા આપવાથી જોઈએ તેવો સુધારો ન થયો પરંતુ ફે.ફો. ૬× આપવાથી બહુમૂત્રતા અંકુશમાં આવી ગઈ. નબળી પાચનશક્તિ; વધારે પડતી તરસ, શારીરિક અને માનસિક શિથિલતા, હઠીલા ઝાડા અને સતત તાવ, પુરુષત્વનો અભાવ, એકાગ્રતાનો અભાવ, ખાધા પછી દાંતનો દુ:ખાવો વગેરે માટે પણ ફે.ફો. સારું ઔષધ ગણાય છે. □

દાંતમાં સોનું મઢાવામાં જર્મની વિશ્વમાં આજે પણ સૌથી મોખરે છે. વર્ષના ત્રણ મહિનાના ગાળા દરમ્યાન ત્યાં ૫.૯ ટન સોનું દાંતમાં મઢવા માટે ખપી ગયેલું. જ્યારે તેનાથી વધારે વસ્તીવાળા અમેરિકામાં આ સમયગાળા દરમ્યાન ૩.૫ ટન સોનું ખપ્યું હતું.

કલાયાત્રી



અમિત અંબાલાલ



કાગળના માવામાંથી બનાવેલ રસ્તો ઓળંગતાં વાંદરાં


અમદાવાદમાં નવરંગપુરા વિસ્તારમાં સેન્ટ ઝેવિયર્સ કોલેજના ચાર રસ્તા પાસેના 'સુમેરુ' નામક વિશાળ આવાસમાં સુઘડ અને સાદા ઝભ્ભા-લેંઘાનો પોષાક પહેરેલી નિરાડંબરી અને જરા ઊંચી વ્યક્તિને નિહાળતાં ખ્યાલ ન આવે કે આ કોઈ ગર્ભશ્રીમંત મહાનુભાવ કે કલાકાર હશે. આ વ્યક્તિ તે અમિત અંબાલાલ. એમનાં વાણીવર્તનમાં શાલીનતા છે. કલાકાર તરીકેની સર્જકતા અને કલાવિષયક જાણકારીનો એમના વ્યક્તિત્વમાં ક્યાંય ભાર નહિ. ચિત્રકલા ઉપરાંત શિલ્પ, સ્થાપત્ય, ફોટોગ્રાફી આદિમાં પણ એમને ઊંડો રસ છે. ભારતીય પ્રશિષ્ટ અને લોકકલા ઉપરાંત પાશ્ચાત્ય કલાનો પણ તેમણે ઊંડો અભ્યાસ કર્યો છે અને તેના ફલસ્વરૂપે તેમણે ચિત્રકલા પર કેટલાક સંશોધન લેખો પ્રકટ કર્યા છે.

અમિતભાઈએ તેમની ચિત્રકલા શીખવાનો આરંભ છગનલાલ જાદવ પાસે કરેલો. આરંભમાં તેમણે વાસ્તવવાદી અને પ્રભાવવાદી શૈલીએ કામ કર્યું. પરન્તુ એક સાચા સર્જકને છાજે તે રીતે તેમણે નિજી અભિવ્યક્તિના નિજી રાહની શોધ આદરી. છેલ્લા એકાદ દાયકામાં એમણે પાશ્ચાત્ય ચિત્રકલાના પ્રભાવમાંથી મુક્ત થઈ ભારતીય ચિત્રકલાની પરંપરા અને પરિપાટીએ કામ કર્યું છે.

એમનાં ચિત્રો ક્યારેક અર્ધ આત્મચરિત્રાત્મક લક્ષણો પ્રકટાવે છે, તો છેલ્લે એમણે અખત્યાર કરેલી વ્યંગાત્મક શૈલીનાં સચોટ ચિત્રો ધ્યાનાકર્ષક બને છે. યોગાસનો પરનાં પોતાનાં ચિત્રોની વાત કરતા તેઓ પોતાનો વિશેષ આ પ્રમાણે વ્યક્ત કરે છે : '...મારો સભાન પ્રયત્ન રહે છે કે ચિત્રકૃતિ કેવળ ચિત્રકૃતિ ન રહેવી જોઈએ અને તેમાં લય, રચનાકીય માળખું, પ્રમાણભાન તથા રંગોનું પ્રભુત્વ હોવું જોઈએ.' એમની આ શૈલીખાસિયત અહીં રજૂ થયેલાં એમનાં વ્યંગચિત્રોમાં સુપેરે

સ્કેચ • (નીચે) દીવનો દરિયાકિનારો ને નાળિયેરી (જમણી બાજુ) જેસલમેર







(બાઘીરા અને શેરખાનનું દ્વંદ્વ • એક્રેલિક રંગનું ચિત્ર)

પ્રકટી રહે છે. પોતાની સર્જનપ્રક્રિયા વિશે તેઓ કહે છે : 'મૂળભૂત રીતે મારાં ચિત્રો એક પૅટર્ન-ભાત હોય છે. આકારો કે રૂપોની એક પ્રકારની ગૂંથણી હોય છે. એકવાર રચનાકીય માળખાની સમગ્ર ન્યૂક્લીઅસ પર પકડ આવે એટલે ચિત્ર સ્વયંભૂ રીતે પૂરું ન થાય ત્યાં સુધી ચાલુ રહે છે. પરંતુ ચિત્રના અંત તરફ અચૂકપણે મારા અંતર્ગત સ્મૃતિભંડારમાંથી કાંઈક તેમાં અંદર સુધી પ્રવેશે છે... આ સમયે જ વક્રોક્તિઓનો પ્રત્યક્ષાનુભવ થાય છે, પછી ભલે તે હેતુસર ન પણ હોય.'

લોકો અને લોકનેતાઓની નબળાઈઓ અને દંભોને, ભ્રષ્ટતા અને ભ્રષ્ટાચારોને તેમણે વક્રોક્તિઓ દ્વારા ચિત્રમાં ખુલ્લાં પાડ્યાં છે. પોતાનાં આવાં ચિત્રોને પોતાની જાતની ખોજ તરીકે તેઓ સ્વીકારે છે. તેમાં એક રીતે પરાવાસ્તવવાદી છાંય પણ છે.

એમણે જલરંગ, તૈલરંગ, પેસ્ટલરંગ, આદિ વિવિધ માધ્યમોનો ઉપયોગ કર્યો છે. એમણે કેટલાક સ્કેચો પણ કર્યા છે, જેમાં રાજસ્થાન અને દીવમાં કરેલા સ્કેચ ધ્યાન ખેંચે છે. રંગોના પ્રમાણભાનમાં એમને ભારતીય લઘુચિત્ર શૈલીનો સહારો લીધો છે. નાથદ્વારા કલમનાં ચિત્રોની આનંદલીલા એમનાં ચિત્રોમાં પ્રેરક રહી છે અને આંખની આ કલામાં એમણે કર્ણની કલાનો અનુભવ ઉમેર્યો છે. એમનાં આ પ્રકારનાં ચિત્રોમાંથી જાણે નાદની અસરનો અનુભવ કરાવવાનો એમનો પ્રયાસ રહ્યો છે.

અમદાવાદ, વડોદરા, દિલ્હી, મુંબઈમાં એમનાં ચિત્રપ્રદર્શનો યોજાયાં અને પ્રશંસાયાં છે. દિલ્હી, ભોપાલ, બૅંગલોર, કલકત્તા આદિમાં એમનાં ગ્રૂપ પ્રદર્શનો પણ યોજાયાં છે. અમદાવાદમાં 'કૉન્ટેમ્પોરરી આર્ટ ગૅલરિ'ના સર્જનમાં એમનો મહત્ત્વનો ફાળો છે અને તેના તે ટ્રસ્ટી પણ છે. એ જેમ એક સારા કલાકાર છે તેમ શિલ્પ, ચિત્ર, આદિ કલાત્મક વસ્તુઓના દૃષ્ટિપૂત સંગ્રાહક પણ છે. એમનું વિશાળ નિવાસસ્થાન જાણે એક કલાભવન બની ગયું છે.

- ધીરુ પરીખ

[વ્યંગશૈલીનાં બે ચિત્રો]









ભાનુભાઈ શુક્લ

વઢવાણમાં જન્મેલા ભાનુભાઈ શુક્લ વર્ષોથી સુરેન્દ્રનગરમાં 'સમય' નામક સાપ્તાહિક સાથે સ્થાપક તંત્રીને નાતે સંકળાયેલા છે. મુખ્યત્વે પત્રકાર તરીકેની કારકિર્દીને વરેલા ભાનુભાઈ એક સંવેદનશીલ વ્યક્તિ છે. એમની કલ્પનાશીલતા અને સંવેદનશીલતા એમના કાવ્ય-નાટક-વાર્તા સર્જનમાં તો જોવા મળે જ છે, પરન્તુ એ ચિત્રકાર પણ છે એની પ્રતીતિ તાજેતરમાં જ પ્રકટ થયેલાં 'વિઝન' નામક એમના ચિત્ર-આલબમથી થાય છે. જળ અને તૈલરંગી ચિત્રોમાં પ્રકૃતિ અને માનવપ્રકૃતિનાં સ્વ-શૈલીએ વિવિધ આલેખનો એમણે કર્યાં છે, જેમાં પ્રભાવવાદી-

પરાવાસ્તવવાદી શૈલીની જાણે-અજાણ્યે સક્રિયતા જોવા મળે છે. એમાં પ્રત્યેક ચિત્રની પાછળ એમનાં કોઈ ને કોઈ વિચાર - વિભાવના વ્યક્ત થયેલી છે. પેન્સિલથી કરેલાં ચિત્રો પણ વિશિષ્ટ ભાતનાં છે, જેમાંનાં કેટલાંક અહીં રજૂ કર્યાં છે. એમનાં ચિત્રોનું ભલે કોઈ જાહેર પ્રદર્શન ન યોજાયું હોય, પરન્તુ એ જરૂર પ્રદર્શનીય છે. નાનપણમાં કલાગુરુ રવિશંકર રાવળે એમને પત્રના મથાળે ચિત્ર આલેખવાની સલાહ આપેલી તેને પગલે પગલે આગળ જતાં એમની સર્જકતા કેવી સરસ રીતે મહોરી છે તેનું સુંદર પરિણામ તે તેમનો આ સંગ્રહ 'વિઝન.' - ધી. પ.

કેટલાંક પેન્સિલ ડ્રોઇંગ







બચુભાઈ રાવત જન્મશતાબ્દી



'કુમાર'ના ઘડતરમાં જેમણે પોતાના સમગ્ર અસ્તિત્વને અંત સુધી ઓતપ્રોત રાખ્યું હતું તે 'કુમાર'ના ભૂતપૂર્વ તંત્રી બચુભાઈ રાવતની જન્મશતાબ્દીનું આ વર્ષ છે. ૧૯૯૮ના ફેબ્રુઆરી માસનો 'કુમાર'નો અંક તેમને સમર્પિત હશે.

તેમાં બચુભાઈ રાવતનાં લખાણો એકત્ર કરી પ્રસિદ્ધ કરવાનો ઉપક્રમ રાખ્યો છે. આથી જે કોઈની પાસે કોઈ વિશિષ્ટ મુદ્દાની છણાવટ કરતા બચુભાઈના પત્રો કે અન્ય લખાણો હોય તેમણે તે કુમાર કાર્યાલયના સરનામે ઝેરોક્ષ કરીને નવેમ્બર ૧૯૯૭ના અંત સુધીમાં મોકલી આપવાનો અનુરોધ કરીએ છીએ. સ્વ. બચુભાઈના લેખો 'કુમાર' સિવાય અન્યત્ર પ્રકટ થયા હોય અને તેની વિગત જેમની પાસે હોય તેમણે તે પણ મોકલી આપવા વિનંતી કરીએ છીએ. - તંત્રી

સાહિત્યસંપર્ક

સદ્ગત 'શશિશિવમ્'

'શશિશિવમ્'ના ઉપનામથી સ્વાતંત્ર્યોત્તર કાળમાં ગુજરાતી કવિતા-ક્ષેત્રે પોતાનું પ્રદાન કરનાર ચંદ્રશંકર પુ. ભટ્ટનો જન્મ પંચમહાલના લુણાવાડા ગામમાં ૧૯૨૪ના ઑગસ્ટની ૧૭મી તારીખે. ૧૯૪૭માં મેટ્રિક થઈ ૧૯૫૧માં ગુજરાતી અને સંસ્કૃત સાથે બી.એ. તથા ૧૯૫૩માં એ જ વિષયો સાથે એમ.એ. થયા. પછી એ જ વર્ષે મુંબઈની ઈસ્માઇલ કૉલેજમાં અધ્યાપક તરીકે જોડાયા અને ૧૯૫૮ સુધી ત્યાં રહી એ વર્ષે થોડો સમય અમદાવાદની ગુજરાત કૉલેજમાં જોડાઈ ૧૯૫૯થી ૧૯૬૨ સુધી ફરી મુંબઈ ગયા અને એલ્ફિન્સ્ટન કૉલેજમાં ગુજરાતીનું અધ્યાપનકાર્ય કર્યું. ૧૯૬૨થી નિવૃત્તિ-વર્ષ ૧૯૮૪ સુધી અમદાવાદમાં ગુજરાત લૉ સોસાયટી સંચાલિત સી. યુ. શાહ કૉલેજમાં સફળતાપૂર્વક અધ્યાપનકાર્ય કર્યું.



એમના પાંચ કાવ્યસંગ્રહો પ્રકાશિત થયા છે. પ્રથમ કાવ્યસંગ્રહ 'નિર્મિત' (૧૯૬૪) પ્રકાશિત થયો. ત્યારથી તેઓની કાવ્યયાત્રા આરંભાઈ હતી. ત્યારબાદ 'રૂપરોમાંચ' (૧૯૭૭), 'આનંદહેલી' (૧૯૮૭), 'જીવતરનો ઝોલો' (૧૯૮૮), 'દુદાજી કાગળ મોકલે' (૧૯૮૮), કાવ્યસંગ્રહો તેઓએ આપ્યા છે. મુખ્યત્વે તેઓ 'આનંદહેલી'નાંપ્રભાવતિયાંથી વિશેષ પ્રતિષ્ઠા પામ્યા છે. આધુનિક યુગમાં નરસિંહનાં પ્રભાતિયાં નવી ઢબછબથી પુનઃજીવિત કરવાનું શ્રેય 'શશિશિવમ્'ને જાય છે. 'આનંદહેલી' માં નરસિંહ મહેતાની 'શૂન્યમાં શબ્દ થઈ વેદ વાસે' જેવી પંક્તિઓને અધ્યાત્મવિદ્યાના બીજા છેડે પરિવર્તિત કરવા તેઓ મથે છે :

'શૂન્યમાં શબ્દનો પવન ફરકે નહીં
ગગન સૂનકારમાં શાંત પોઢ્યું,
અકળ ઊંડાણમાં નજર ભટક્યા કરે,
નયનને પોપચે આભ ઓઢ્યું.''

આમ શશિશિવમે એમનાં પ્રભાતિયાંમાં આત્મજાગૃતિનો મહિમા ગાયો છે.

ગુજરાતીસાહિત્યમાં વિવેચનક્ષેત્રે 'ઊર્મિકવિતા', 'ઉદાત્તતત્ત્વ', 'મનમુદાનું કાવ્ય', 'સંનિધિ' અને 'ચંદનીએ ચીતર્યાં સમીર' વિવેચનગ્રંથો છે. આ ઉપરાંત 'આપણાં સોનેટો', 'કુંવરબાઈનું મામેરું', 'આપણાં ખંડકાવ્યો, 'સુદામાચરિત્ર' અને 'મિથ્યાભિમાન' વગેરે સંપાદનો પણ કર્યાં છે. તાજેતરમાં તેમણે કાલિદાસનાં 'ઋતુસંહાર'નો સમશ્લોકી અનુવાદ પણ પ્રકટ કર્યો છે. આવા સાહિત્યસાધકનું તા. ૨૫-૫-૯૭ના રોજ અવસાન થયું છે.

કાર્લ ત્સુકમાયરની જન્મશતાબ્દી

જર્મન સાહિત્યકાર કાર્લ ત્સુકમાયરનો જન્મ ૨૧મી ડિસેમ્બર ૧૮૯૬માં થયો હતો. તેઓ તેમનાં નાટકો અને નાટ્ય-રજૂઆત માટે વિશ્વવિખ્યાત છે. તેઓએ કાવ્ય, નિબંધ, આત્મકથાત્મક લેખો અને ચલચિત્રોની પટકથાઓ દ્વારા આંતરરાષ્ટ્રિય પ્રતિષ્ઠા જમાવી હતી.

સંસ્કૃત નાટક 'વસન્તસેના'નું ત્સુકમાયરે કરેલું રૂપાંતરણ લંડનમાં ૧૯૩૪માં ભજવાયું હતું. 'વસન્તસેના'નું રૂપાંતરણ મૂળ નાટકને જાળવીને, ખૂબ સુંદર અને ભવ્ય રીતે ભજવાયું હોવાથી ત્સુકમાયરને સારી રીતે બિરદાવવામાં આવ્યા હતા. આમ તો ત્સુકમાયરની સાહિત્યયાત્રા ૧૯૨૫થી આરંભાઈ હતી.



તેમની પ્રથમ કૃતિ 'ધ મેરી વાઈન યાર્ડ' લોકો અને વિવેચકો દ્વારા ખૂબ વખણાઈ હતી. એ જ રીતે 'કૅપ્ટન ઑફ ક્યોપેનિક' અને 'ધ ડેવિલ્સ જનરલ'માં લોકજીવનની ગૂઢતા તીવ્રતર રીતે પ્રગટે છે. વીસમી સદીના જર્મન વિદ્વાનો સાથે ત્સુકમાયરનું જીવન એકસરખી ઘરેડનું લાગે છે.

અન્ય જર્મન લેખકોની જેમ તેઓ સાથે પણ અણબનાવ બન્યો હતો. પ્રથમ વિશ્વયુદ્ધ, વાઈમાર ગણરાજ્યની ઊથલપાથલ, સામાજિક બહિષ્કાર અને દેશનિકાલ તથા અમેરિકાથી કમને સ્વદેશ પાછા ફરવું જેવી ઘટનાઓ તેમના સર્જકજીવન માટે મહત્ત્વની બની રહી. એમના નાટક 'ધ ડેવિલ્સ જનરલ'ના એક અંશ પરથી ત્સુકમાયરનો હિટલરની સત્તા પ્રત્યેના એક દૃષ્ટિકોણનો ખ્યાલ આપે છે અને જર્મનીના અનેક ઉચ્ચ પદાધિકારીઓ નાઝીઓના હાથા કેવી રીતે બની ગયા, એનો પણ ખ્યાલ આવે છે. અલબત્ત, આવા લોકો પ્રત્યે તેઓને ઘૃણાની લાગણી હતી.

'ધ ડેવિલ્સ જનરલ'ના એ આરંભના ભાગમાં લેફ્ટેનન્ટ હાર્ટમૅન વાયુસેનાનો પાઈલોટ પોતાના હિટલર-વિરોધી અધિકારી જનરલ કારસનને તેની વિવાહિતા સાથેના વિવાહ તૂટી જવાના સમાચાર આપે છે. આ ઘટના દેશનિકાલ સમયે બની હતી, જે ઘટના લેખકના જીવન સાથે મળતી આવે છે. આ નાટ્યકારે પોતે સ્વદેશ પ્રત્યે સેવેલી વિશ્વસનીયતા અને તટસ્થ પ્રેમની

અભિવ્યક્તિ આલેખેલી છે. આવી ભાવના નાઝીવાદીઓના જાતિવાદના સિદ્ધાંતને તોડવા માટે સદા તત્પર રહી છે. આ જર્મન લેખક ૧૯૭૭માં અવસાન પામ્યા હતા.□

અવલોકન

આઈઝેક બાશેવી સિંગરે આધુનિક કાળના આરંભ સંદર્ભે કહ્યું છે કે, 'All the spiritual and intellectual ideas that triumphed in the modern era had their roots.' આધુનિક કાળનો મૂળ સ્રોત ચેતના અને બૌદ્ધિક સ્તરના વિચારોથી યુક્ત હોય છે. એમાં ભાષા અભિવ્યક્તિની દૃષ્ટિએ પરંપરાથી ફંટાતા જીવનનો વ્યાપ દેખાઈ આવે છે. આવો જીવનવ્યાપ 'બાવળ વાવનાર અને બીજી વાર્તાઓ'માં જનક ત્રિવેદી રજૂ કરી આપે છે. એની તમામ નવલિકાઓમાં જીવનનાં સનાતન સત્યો બહાર આણવાનો પ્રયાસ છે. એને દલિત-પીડિતના નામે પ્રતિબદ્ધતાનો ગણવેશ પહેરાવીને સંકુચિત ઢાંચામાં બાંધવાની જરૂર નથી. આ જગત અને જીવનમાં કશું અપ્રતિબદ્ધ છે જ નહીં. જન્મેલું કોઈ પણ પ્રાણી પ્રતિબદ્ધ જ છે. અપ્રતિબદ્ધ પ્રવૃત્તિ પણ કદાચ પ્રતિબદ્ધતા હોઈ શકે. સાંધાવાળા જેઠાલાલમાં શુષ્ક કોમી પ્રતિબદ્ધતા છે જ નહીં. એની સંવેદના જાતભાતના ખ્યાલ વિનાની છે. લેખકને તો માણસનું અસ્તિત્વ ચૈતસિક અને બૌદ્ધિક સ્તરે સાબિત કરવું છે.

આ વાર્તાસંગ્રહની અઢાર વાર્તાઓમાંથી 'ઓગાન' અને 'પાસ થ્રૂ'માં ચિત્રકારની જેમ મનની સ્થિતિ આલેખાય છે. પાત્રહીન પાત્રતા દ્વારા કશુંક સંતોષવાની ઝંખના છે. 'ક્યાં જાય છે, કાનજી?'માં કાનજીને માતૃત્વની ઝંખના છે. એ માની શોધમાં ભાગી નીકળ્યો હોય છે. ઓરમાન મા, બાપ, કાકાનો અત્યાચાર સહન ન થતાં ઘર ત્યજીને તીર્થધામ સમાન માતાની શોધ આદરે છે. ગૂઢ કથનરીતિથી કહેવાયેલી કાનજીની આપવીતી ઉત્તમતા સિદ્ધ કરે છે. 'પકડ' નામક અતિ ટૂંકી વાર્તામાં કરોળિયો અને પતંગિયાના દ્વંદ્વ દ્વારા જુગુપ્સાપ્રેરક વાતાવરણ સર્જીને લેખક માનસિક તાણ વ્યક્ત કરે છે. આ દોઢ પૃષ્ઠની વાર્તા પણ દોસ્તોએ-વ્સ્કીની 'Notes From the Underground'નું સ્મરણ કરાવે છે. આ વિશ્વની સરખામણીએ માનવી એક પાત્ર તરીકે Singular છે. આ Singularity એ પણ એક પ્રતિબદ્ધતા જ છે.


'ચક્કર'માં બે પાત્રોને એકબીજાની નજીક લાવીને સંબંધોની જાળમાં બરાબર ગૂંથવામાં આવે છે, બલકે ગૂંચવવામાં આવે છે. અહીં કડવા અને મૂળજીનો નિર્દોષ અને પ્રામાણિક સંબંધ એક આર્ટપીસ બની રહે છે. કડવાનું સુંદર ગતિશીલ નક્કરું જીવન આલેખાયું છે. ગામ નાંદરખીનું એક ચક્કર અને સખપરના બીજા ચક્કરમાં વાર્તા પૂર્ણ થાય છે.

લેખક રેલવે કર્મચારી હોવાથી રેલવેની પરિભાષા અને રેલવે સ્ટેશનની ઘટનાઓનું વિશેષ આલેખન કરે છે. આમ જોઈએ તો રેલવેતંત્રનો કારભાર અને તેના કર્મચારીઓની રહેણીકરણી સાચા અર્થમાં બિનસાંપ્રદાયિક ભાવનાવાળી હોય છે. આ માટે 'સાંધાવાળા જેઠાલાલ ગોરધનની નોકરીનો છેલ્લો દિવસ' ઉત્તમ ઉદાહરણ છે. 'ફરેબી'માં મહેશનું પાત્ર આદર્શવાદ તરફ ગતિ કરે છે. આજીવન શિક્ષણકાર્ય કરનાર મહેશનો દંભ અને બનાવટ ભાગેડુવૃત્તિમાં પરિણમે છે. 'એક સીધોસાદો પત્ર'માં એક બાપ પોતાના દીકરાને પત્ર લખીને શિખામણ આપ્યા વિના પોતાની પરિસ્થિતિ આલેખે છે. પત્રમાં જનરેશન ગૅપની સભાનતા પ્રગટ થાય છે. બાપ, દીકરાને ભણાવીને, સંસ્કારી બનાવવા ઇચ્છે છે. 'બાવળ વાવનાર'માં સિદ્ધાંત અને આદર્શોનો અતિરેક દર્શાવાયો છે. એચ.પી.નું જીવન નિરર્થક સાબિત થયું. એચ.પી. જાવિયા આસિસ્ટંટ સ્ટેશન માસ્તરનો દીકરો જ કદાચ સાંધાવાળો બન્યો હોય એવો આભાસ આ વાર્તા પુદ્ગલમાંથી ઢાળી આવે છે. એચ.પી.એ સિદ્ધાંત અને આદર્શના ભોગે લોકોમાં બાવળ રૂપી ઝાડવાં જ વાવ્યાં છે. આ નવલિકામાં લેખક જનક ત્રિવેદીએ ઝીણું કાંતણકાર્ય કરીને વિશાળ તપાસ-ફલક ઊભું કર્યું છે.

'થાગડથીગડ', 'સફાઈ કામદાર હકા ટીડાની દિનચર્યા,' 'ભીના કાગળના રાજહંસ', 'શિવો', 'ખ્વાહિશેં', 'ઝોલું', 'અણસાર' નવલિકાઓ એકસરખા માધ્યમમાં વિહરતી આસ્વાદમૂલક કથાતત્ત્વો ધરાવે છે. લેખકના વ્યાવસાયિક જીવનવિષયથી અલગ તરી આવતી ઉત્તમ વાર્તા 'કૃષ્ણ કહે ઉદ્ધવને' છે. એમાં ટી. સ્ટોલના માલિક ભીખા ભગતની દીન પરિસ્થિતિ અને એની દૈનિક ચર્વણામાં વાર્તા ગૂંથાય છે. લવાભા અને ભીખાની પૈસાની લેવડદેવડ રહસ્યમય બાબત બની જાય છે. આ નવલિકા મડિયાની 'એનેમલની કીટલી'ની યાદ અપાવી જાય છે. 'અંતિમ પુરુષનો ચહેરો'માં લેખકની સર્જનપ્રક્રિયા જેઠાલાલના પાત્ર સાથે વણાઈ જાય છે. એમાં વાર્તાની વારતા, એક અખંડ જીવનનો પરિચય કરાવે છે. આમ 'બાવળ વાવનાર' અને બીજી વાર્તાઓ નામક નવલિકાસંગ્રહમાં એક આગવી લાઈફસ્ટાઈલનો પરિચય કરાવીને જનક ત્રિવેદીએ નવી સંવેદના અભિવ્યક્ત કરવાનો સુપેરે પ્રયત્ન કર્યો છે. લેખક પોતાના અસ્તિત્વને બૌદ્ધિક સ્તરે સાબિત કરવા પ્રતિબદ્ધ થયા છે. કહેવાતા દલિતપીડિત વર્ગનાં પાત્રોને ઓગાળીને કલાકીય દેહ આપવામાં સફળ થયા છે. તેઓએ દલિત લેખકોની દેખીતી વિભાવનાને તો ક્યાંય ધરબી દીધી છે.

ડૉ. નલિન પંડ્યા

('બાવળ વાવનાર અને બીજી વાર્તાઓ': લે. જનક ત્રિવેદી, પ્રથમ આવૃત્તિ: ૧૯૯૫, ડિમાઈ પૃ. ૧૨૧, સાહિત્ય અકાદમી, ગાંધીનગર ૩૮૨ ०૧૭)



વરસી રહ્યો છે ક્યારનો વરસાદ ધોધમાર
મારા ઉપર ઢળ્યો છે અષાઢ ધોધમાર
ભીની થઈ છે સર્વ જણસ બહાર-ભીતરની
ભીનાશ ચારેકોર છે, ભીનાશ ધોધમાર.
('વિકલ્પ') - મહેશ જોશી

શ્રી રામસિંહજી રાઠોડનું નિધન



કચ્છ વિષેના પોતાના અભ્યાસ-લેખોને પ્રથમ 'કુમાર'માં લેખ-માળારૂપે અને તે પછી 'કચ્છનું સંસ્કૃતિદર્શન' નામક પુસ્તકરૂપે પ્રકટ કરીને ગુજરાતને કચ્છનો ઇતિહાસ અને પૌરાણિક-ભૌગોલિક માહિતીનો પરિચય કરાવનાર શ્રી રામસિંહજી રાઠોડનું ૮૦ વર્ષની ઉંમરે ટૂંકી માંદગીમાં તા. ૨૫-૬-૧૯૯૭ના રોજ ભુજ ખાતે અવસાન થયું છે અને ગુજરાતે કચ્છવિષયક એક અભ્યાસીને ગુમાવ્યો છે.

કચ્છના ભૂઅડ ગામમાં ક્ષત્રિય પિતા કાનજીભાઈ અને સુશિક્ષિત માતા તેજબાઈને ત્યાં ઈ.સ. ૧૯૧૭ની ૮મી ડિસેમ્બરે એમનો જન્મ. મૅટ્રિક સુધીનો અભ્યાસ ભૂજમાં યશસ્વી રીતે પૂર્ણ કરીને સુરતની એમ.ટી.બી. કૉલેજમાં જોડાયા. એ સમયના અંગ્રેજી પહેલા ધોરણમાં પહેલે નંબરે ઉત્તીર્ણ થવા બદલ ભેટ તરીકે તેમના મોટા ભાઈએ આફ્રિકાથી એમને માટ 'કુમાર'નું લવાજમ ભરીને મોકલેલું. 'કુમાર'ના એ વાચકને સાહિત્ય, કળા ને ફોટોગ્રાફી પ્રત્યેની એમની અભિરુચિ વધારી દીધી. મૅટ્રિકમાં પ્રથમ કક્ષામાં આવવા બદલ શ્રી રવીન્દ્રનાથ ટાગોરનું 'ગીતાંજલિ' ભેટ મળ્યું, એમાંથી એ કવિવરનાં સર્જનો પ્રત્યે ચાહના વધી. આ બધાંની અસર તળે એમણે એક મિત્ર સાથે મળીને 'બંસરી' નામે એક હસ્તલિખિત માસિક કાઢવા માંડ્યું, જેને 'કુમાર'ના આદર્શ પ્રમાણે નિજી ચિત્રો-સુશોભનોથી સજાવતા.

ઈ.સ. ૧૯૩૫માં કચ્છ રાજ્ય તરફથી એમને દેહરાદૂનથી ઇમ્પિરિઅલ ફૉરેસ્ટ કૉલેજમાં વનવિદ્યાના અભ્યાસ માટે મોકલવામાં આવ્યા, અને ત્યાંથી ફૉરેસ્ટ્રીનો ડિપ્લોમા મેળવીને આવ્યા કે તરત ઈ.સ. ૧૯૩૭માં કચ્છ રાજ્યના જંગલ ખાતામાં રેઈન્જ ફૉરેસ્ટ ઑફિસર તરીકે તેમની નિમણૂક થઈ. એ કામગીરીમાં કરવી પડતી મુસાફરીમાં ત્યાંની રુક્ષ અને રમણીય બંને ભૂમિનો સેંકડો માઈલોનો પ્રવાસ કરી તેના લોકસમૂહ, જંગલો, રણ, ડુંગરાઓ, ભૂપૃષ્ઠ, ઇતિહાસ, ભૂગોળ, પુરાતત્ત્વ, લોકસાહિત્ય તથા કળાનો ઊંડો અભ્યાસ કર્યો. 'કચ્છનું સંસ્કૃતિ દર્શન' કરાવતી એમની કીર્તિદા લેખમાળાની પશ્ચાદ્‌ભૂમિ આ રીતે રચાઈ. દરમિયાન બનારસ હિંદુ યુનિવર્સિટીના ભૂસ્તર વિભાગના વડા ડૉ. રાજનાથ કચ્છના ભૂસ્તરનો પ્રત્યક્ષ પરિચય કરવા આવ્યા ત્યારે રામસિંહજીની એ વિષયમાં ઊંડી સૂઝ જોઈ, તેમની ખાસ ભલામણથી રાજ્યે એમને બે વર્ષ માટે રિસર્ચ સ્કૉલર તરીકે બનારસ યુનિવર્સિટીમાં ભૂસ્તર વિદ્યાના અભ્યાસ માટે મોકલ્યા. ત્યાંથી પાછા આવીને તે કચ્છ રાજ્યના ફૉરેસ્ટ સુપરિન્ટેન્ડેન્ટ નિમાયા.

ભૂસ્તરવિદ્યાની એમની આગવી સૂઝે, એમને ગુજરાતમાં ઘેરા ઊંડાણમાં પેટ્રોલિયમ હોવાની સંભાવના પ્રતિ દોર્યા; અને તે પરથી એમણે એપ્રિલ ૧૯૪૯માં 'કુમાર'માં 'ગુજરાતમાં પેટ્રોલિયમ' એ નામે સવિસ્તર લેખ લખી, તેના આર્યકલ્પના ત્રેતાયુગના પડોનો વિસ્તાર વર્ણવીને ભારતને પશ્ચિમ કિનારે ખંભાતના ને કચ્છના અખાતના વિસ્તારનો ગુજરાતનો પ્રદેશ પેટ્રોલિયમની ખોજ માટે અતિ આશાસ્પદ હોવાનું સૌપહેલું, આજથી અડતાલીસ વર્ષ પહેલાં, પ્રતિપાદિત કરેલું.

રામસિંહજી - જેને 'અસાંજો વતન' વહાલો છે એવા એ 'કચ્છી માડુ' છે. વ્યવસાયે ફૉરેસ્ટ ઑફિસર હતા, પણ શોખ જંગલમાં મંગલ કરવાનો. રામસિંહજીની નજર માત્ર ધરતીના ઉપલા સ્તર પૂરતી જ મર્યાદિત ન રહેતાં એની નીચેના સ્તરો ભણી ખૂંપી ગઈ, એટલું જ નહીં પણ ઇતિહાસ-પુરાણના સ્તરો ભણી પણ ગઈ. આમેય અશ્માવશેષો (fossils)ના અભ્યાસ માટે કચ્છ તો મોટી ખાણ જેવું છે. ઉપરાંત કોરીનાળથી કંડલા સુધી ને છાડથી મુંદ્રા સુધી પથરાયેલાં પૌરાણિક ખંડેરો ને પુરાએલાં બંદરો, મંદિરો, મસ્જિદો, દેરીઓ, પાળિયાઓ ને ત્યજાએલી મૂર્તિઓ વગેરે સ્થળોએ ભ્રમણ કરી કરીને રામસિંહજીએ કથા, દંતકથા, ઇતિહાસ, ભૂગોળ ઇત્યાદિ બધી જ માહિતી એકઠી કરી છે. ફોટોગ્રાફી, નકશાઓ, ચિત્રો વગેરેનો સંગ્રહ કર્યો છે. આ સામગ્રીને સમાવતો 'કચ્છનું સંસ્કૃતિ દર્શન' ગ્રંથ ઈ.સ. ૧૯૫૯માં પ્રકાશિત થયો છે, તેને તે સમયે ગુજરાત સરકારનું રૂ. ૨૦૦૦/- અને કેન્દ્ર સાહિત્ય અકાદમીનું રૂ. ૫૦૦૦/-નું પારિતોષિક મળેલું છે. એ ગ્રંથ માટે ગુજરાત સાહિત્ય સભા-અમદાવાદ તરફથી ઈ.સ. ૧૯૬૨નો

(અનુસંધાન પૃ. ૪૦૫ ઉપર)

કટુવાણી સુણે જો કોઈની વાણી મીઠી કહેજે
પરાઈ મૂર્ખતા કાજે મુખે ના ઝેર તું લેજે.
—બાલાશંકર કંથારિયા—

૧૯૬૦માં મહાગુજરાતના અલગ રાજ્યની સ્થાપના પછીના પ્રથમ પ્રધાનમંડળના સમયની વાત છે. આંબાવાડીમાં જૂના સચિવાલયમાં સાંજ ઢળી ગઈ છે. મંત્રીઓ પોતપોતાનું કામ આટોપી ચાલ્યા ગયા છે. એક મંત્રીના કાર્યાલયમાં હજુ કામ ચાલી રહ્યું છે. કાર્યાલયના બારણે એક ગરીબ આગંતુક રાહ જોતો બેઠો છે. મોડે મોડે પટાવાળાએ મંત્રીશ્રીને પેલા આગંતુકની જાણ કરી. તેને અંદર બોલાવવામાં આવ્યો મોડે સુધી કામ કરતા આ મંત્રીશ્રીના મતવિસ્તારમાંથી એ આવ્યો હતો. મંત્રીશ્રીએ પેલા આગંતુકની કથની સાંભળી લીધી અને પછી પોતાની ગાડીમાં બેસાડી પોતાને બંગલે લઈ ગયા, જમાડ્યો, સુવાડ્યો અને બીજી સવારે સચિવાલયમાં લઈ આવ્યા. તેના નેક કામની ગૂંચ ઉકેલવા તેમણે લાગતાવળગતા મંત્રીને ભલામણ કરી, તેઓ ચાલતા થયા. અદના અરજદાર પ્રત્યેનો ત્યારના મંત્રીનો આ છે માનવીય અભિગમ. આ મંત્રી તે રતુભાઈ અદાણી.

*

જાણો છો કે ભારતમાં પ્રથમ ખાનગી મોટરકાર ધરાવનાર હતા પતિયાળાના મહારાજા? તેમણે ઈ.સ. ૧૯૦૨માં ફ્રાંસમાંથી મોટરકાર મગાવી હતી.

*

વિશ્વમાં સહુથી વધુ ટેલિફોન ધરાવનાર જાપાનનું પાટનગર ટોકિયો છે.

*

વિશ્વની સહુથી જૂની રાષ્ટ્રિય એરલાઈન્સ છે કે.એલ.એમ. આ ડચ એર લાઈન્સની સ્થાપના ઈ.સ. ૧૯૨૦માં થઈ હતી.

*

વિશ્વનું સૌથી મોટું વિમાનઘર સાઉદી અરેબિયાના રિયાધમાંનું છે. તે ૨૨૫ ચો.કિ.નું પાલિદ આંતરરાષ્ટ્રિય વિમાનઘર છે. ૧૯૮૩માં તે ખુલ્લુ મુકાયું હતું.

*

કેરોસીનમાં થોડું મીઠું નાખવાથી જ્યોત વધુ પ્રજ્વલે છે અને કેરોસીન ઓછું બળે છે.

*

ખીલ પર તાજા લસણને ઘસીને ચોપડવાથી ખીલ મટે છે અને ડાઘ દૂર થાય છે.

*

ઘૂવડ આપણી જેમ પોતાની આંખની હિલચાલ કરી શકતું નથી. પરન્તુ કુદરતે તેની ગરદન એવી બનાવી છે કે તે સંપૂર્ણપણે ગોળ ગોળ ઘુમાવી શકે છે.

*

લખનઊમાં બડા ઇમામવાડામાં મીઠાનો અને સુખડના લાકડાનો તાબૂત છે.

*


એક મહાત્મા જીવનમાં સફળતા પ્રાપ્ત કરવા બે સૂત્રોનું પાલન કરવાનું કહેતા હતા :

એક - પત્નીને આપેલું વચન પાળવું.

બે - પત્નીને કદી વચન આપવું નહીં.

*

ગણિતગમ્મત



ઉપરની આકૃતિમાં ૧ થી ૧૨ સુધીના આંકડાઓને એવી રીતે ગોઠવવામાં આવ્યા છે કે એક જ હારમાં આવતા ચાર આંકડાઓનો સરવાળો ૨૬ આવે છે, ઉપરાંત વચ્ચેના ચોરસના ચારે ખૂણે આવેલા આંકડાઓનો સરવાળો પણ ૨૬ આવે છે. જેમ કે :

૮ ૧૦ ૬ ૨ = ૨૬

૪ ૬ ૯ ૭ = ૨૬

૮ ૧ ૫ ૧૨ = ૨૬

૧૧ ૫ ૩ ૭ = ૨૬

વચ્ચેના ચોરસમાં

૮ ૬ ૭ ૫ = ૨૬

માધવજી દેવળીઆ

*

ઓમાનની રાજધાની મસ્કતમાં રહેતી સાલમિન નામની વ્યક્તિની ઉંમર ૧૫૦ વર્ષની છે, તે વિશ્વના સૌથી મોટી ઉંમરના પુરુષ છે.

*

ઇડલીના ખીરાને આથો આપતી વખતે તેમાં ૮થી૧૦ દાણા મેથીના, અડધી ચમચી સાકર અને મીઠું નાખવાથી આથો સારો આવશે અને સોડાની બહુ જરૂર નહીં પડે.

*

કલાકણિકા • હાથીની સવારી ૧૯મી સદીમાં વિઝાગાપટ્ટમમાં તૈયાર થયેલું આ પિત્તળશિલ્પ ઊંચાઈમાં ચાર ઇંચ છે અને હાલ લંડનના વિક્ટોરિયા અને આલ્બર્ટ મ્યૂઝિઅમમાં ભારતીય વિભાગમાં છે.



અનુસંધાન] માધુકરી [પૃ. ૪૦૩થી

'રણજિતરામ સુવર્ણ ચંદ્ર' એમને એનાયત કરવામાં આવ્યો હતો.

આ ઉપરાંત પણ રામસિંહજીનું લેખનકાર્ય સતત ચાલુ રહ્યું હતું. અવારનવાર 'કુમાર'માં એમના લેખો પ્રકાશિત થતા રહ્યા હતા. તેમનું બીજું પુસ્તક 'કચ્છનું કચ્છી વાણીમાં ગરવી 'ગુજરાતી ભાશા'માં ભણતર તથા ગુજરાતી સાહિત્ય' નામે પ્રકાશિત થયેલું છે. આ પુસ્તક પણ કચ્છી બોલી વિષે ઘણો પ્રકાશ પાડે છે. તાજેતરમાં જ પ્રકાશિત થયેલા બીની ગ્રંથ 'કચ્છ એન્ડ રામરંધ'નું અનાવરણ શ્રી મોરારીબાપુના હસ્તે થયું. જીવનના છ દાયકા સુધીના તેમના સંશોધનની ઝલક ભુજ ખાતે એમણે સ્થાપેલા 'ભારતીય સંસ્કૃતિ દર્શન : કચ્છ' નામના સંગ્રહાલયમાં જોવા મળે છે.

પ્રથમ નજરે તો એમની બહુવિધ પ્રતિભાનો ખયાલ પણ ન આવે - એવો સંકોચશીલ સ્વભાવ હોવા છતાં તે ઘણા મિલનસાર હતા, ને બહોળું મિત્રમંડળ ધરાવતા હતા અને કદાચ ઘણાને જાણ નહીં હોય કે, જીવનનું કીમતી રસાયણ ભરેલા શાંત-પ્રસન્ન કાવ્યોના ભાવનાશીલ સર્જક શ્રી દેશળજી પરમારનાં વચેટ પુત્રી ભારતીબહેન સાથે તેમનાં લગ્ન થએલાં. રામસિંહજીની ધ્યેયસાધના પાછળ એમના મૌન પાતિવ્રાત્યનો ફાળો પણ ઘણો હતો.

આવા રામસિંહજી હવે આપણી વચ્ચે રહ્યા નથી ત્યારે એમની અમૂલ્ય સાહિત્યસેવાને સ્મરીને તેમને ભાવાંજલી અર્પણ કરીએ!

૨૦૦૦ સુધીમાં વિશ્વની વસ્તી


વિશ્વની વસ્તી ઈ.સ. ૨૦૦૦ સુધીમાં હાલના ૫.૮ અબજથી વધીને ૬.૧ અબજની થશે અને ઈ.સ. ૨૦૨૫ સુધીમાં ૬.૮ અબજની સપાટીએ પહોંચશે તેવું વૉશિંગ્ટનમાં પ્રસિદ્ધ થયેલા એક અહેવાલમાં જણાવાયું છે.

મોટા ભાગનો વસતિવધારો ગરીબ દેશોમાં નોંધાતાં હોવાનું પોપ્યુલેશન રેફરન્સ બ્યુરોના વાર્ષિક અહેવાલમાં જણાવાયું છે. ૧૯૯૬માં વિકસતા દેશોની વસતિ ૪.૭ અબજની હતી જ્યારે વિશ્વની વસતિ ૫.૮ અબજની હતી અને તે વર્ષે ૯૮ ટકા વસતિ વધારો નોંધાયો હતો.

વિકસિત દેશોની વસતિ ૧.૨ અબજના દરે સ્થિર રહેશે તેમ મનાય છે. ઈ.સ. ૨૦૨૫ સુધી આમ રહેશે તેવું જણાવાયું છે. યુરોપ અને જાપાનમાં નોંધાયેલા અતિ નીચા જન્મદરને કારણે આમ થશે તેવું જણાવાયું છે. અમેરિકા સૌથી વધુ વસતિ ધરાવતા દેશ તરીકે રહેશે. ત્યાં વાર્ષિક ૨૪ લાખ નિવાસીઓનો વધારો થાય છે. તેમાંથી ત્રીજા ભાગના ઈમીગ્રન્ટ્સ હોય છે.

વિકસતા દેશોનો જન્મદર ચીન સિવાય વિશ્વની વસતિને સ્થિર રાખવાના જરૂરી દર કરતાં બમણો રહેવા પામ્યો છે.

નજીકના ભવિષ્યમાં મુખ્ય ચિંતાનાં કારણોમાં ભારતમાં જન્મદર ઘટતો અટકી ગયો છે તે છે. ચીનની ૧.૨૩ અબજની વસતિ બાદ ભારત ૯૬.૯ કરોડની વસતિ સાથે બીજા નંબરનો સૌથી વધુ વસતિ ધરાવતો દેશ છે. ('ગુજરાત સમાચાર'માંથી)



જ.૨૬-૨-૧૮૯૬] દુલેરાય કારાણી [અ. ૨૬-૨-૧૯૮૯
(તૈલ-તસ્વીર : એલ. સી. સોની)